કિં. ₹૨૦/-
પાના નં.૧

એપ્રિલ - મે
૨૦૨૨

સળંગ અંક: ૯૫
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्टानि विद्या दानानि सर्वदा

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ



## અષાઢી બીજ
## નયેં વરેંજી વધાઈયું

વિદ્યાસેતુ - ઓન લાઈન મીટીંગ ...૧૯ | અંગદાન આધારભૂત માહિતી...૨૨ | ૪૦ વર્ષ પહેલાની નોંધ...૨૭ | શબ્દ બાગ...૩૮

## अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता

श्याम टाकिज़ रोड,
संगीत विद्यालय के सामने,
बुढ़ापारा, रायपुर-492001 छ.ग.
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512

Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

---

## ડૉ શૈલેશ એચ. બારમેડા

M.S. F.M.A.S.

### બારમેડા સર્જીકલ હોસ્પિટલ

(જનરલ સર્જરી, લેપ્રોસ્કાપી, એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
www.barmedasurgery.com I Email: dr.shabarmeda@rediffmail.com
હિરાપન્ના કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, બસ સ્ટેશન રાડ, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ ૦૨૮૫-૨૬૩૧૨૧૩, મોબાઈલ ૯૮૨૪૫૦૧૧૪૦

---

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

---

## વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

---

## Ketan Enterprise

TYRE | BATTERY | ALLOY WHEEL

MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE

કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલઃ ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોનઃ ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘરઃ ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

---

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

## Ashok Kumar & Sons

JEWELLERS

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com

---



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

---

## GAYATRI JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૯૫
એપ્રિલ / મે – ૨૦૨૨

**ચેરમેન**
મનુભાઈ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

**સંપાદક મંડળ**
**મહિલા અને બાળ વિભાગ :**
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
**કલા અને સાહિત્ય વિભાગ :**
પ્રો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧

**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**માનદ્ સહયોગી**


| | |
|---|---|
| **અમદાવાદ** | નીલેશભાઈ પોમલ |
| **ભુજ** | સુરેશ બીજલાણી<br>સુધાબેન બુધ્ધભટ્ટી |
| **જુનાગઢ** | ડૉ. શૈલેષ બારમેડા |
| **અંજાર** | અનિલ એસ. સોની |
| **માધાપર** | હિતેશ સોની |
| **સાબરકાંઠા** | દિનેશભાઈ સોની |
| **નખત્રાણા** | પ્રફુલભાઈ કંસારા |
| **આદિપુર** | સુનીલ સોલંકી |
| **ગાંધીધામ** | કિશોર સોલંકી |
| **માંડવી** | વિનોદભાઈ હેડાઉ |

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય** : ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : gnyatisetu@gmail.com

| | |
|---|---|
| છુટક કિંમત | રૂા. ૨૦/- |
| ત્રિ-વાર્ષિક લવાજમ | રૂા. ૩૦૦/- |
| આજીવન (૧૫ વર્ષ) | રૂા. ૧૫૦૦/- |

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત માહિતી અને રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



'પરિવર્તન' માનવ સમાજની સતત ક્રિયાશીલ પ્રક્રિયા છે. વૈશ્વિક સ્તરે વર્તમાન 'જેટ' અને 'નેટ' યુગમાં આ પ્રક્રિયાને 'વેગ' અને 'આવેગ' આપનારા ભૌતિક, સામાજીક અને સમૂહ - માનસિક તેમજ વૈયક્તિક દૂરવર્તી પ્રેરક પરિબળો સર્વ-વિદિત હોય છે. પરંતુ આ વૈશ્વિક પરિવર્તન પ્રેરક બળોનાં નીકટવર્તી, સ્થાનિકે થતા પરિવર્તન અને તેનાં પ્રેરક પરિબળો મહદાંશે નજર અંદાજ રહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આપણે વૈશ્વિક વિગતોથી વાકેફ હોઈએ છીએ પરંતુ આપણી આસપાસ, આપણા જ સમાજમાં સતત સક્રિય એવી પરિવર્તન પ્રક્રિયા અને એનાં પ્રેરક પરિવર્તનોનાં પ્રતિબિંબ સુપેરે ઝીલાયા છે? એનું મહત્ત્વ આપણને ક્યારેય સમજાયું છે? (આ સંદર્ભે આપણે આપણા જ્ઞાતિ સમાજનો જ દાખલો લઈએ. છેલ્લા બે દાયકા દરમ્યાન આપણા સમાજની ભૌતિક, સામાજીક અને માનસિક સ્થિતિમાં જે ધરમૂળ પરિવર્તનો થયાં છે, એની કોઈ સમુચિત આયોજનબધ્ધ નોંધ લેવાઈ છે?)

'આત્મશ્લાઘા'ના આક્ષેપને ભોગે પણ, અત્રે આ સ્થાનેથી એવું કહી શકાય કે છેલ્લા અઢાર વર્ષ દરમ્યાન આપણા સમાજના પારિવારિક સામયિક 'સેતુ'એ આ દિશામાં ભરચક પ્રયાસો કર્યા છે. અને સદ્ભાગ્યે આપણા સમાજના પ્રબુધ્ધ વર્ગે એની વિશેષ નોંધ લીધી છે.

અહીં કદાચ સહેજે એ પ્રશ્ન થાય કે, વર્ષો સુધી અવિરત આ કઠિન પંથને ટેકો આપનાર કયા સ્થંભો છે?

ઉત્તર સ્પષ્ટ છે, જેની વિગતો હવે, વર્ષો પછી, સેતુ એના આ ૯૫મા અંકથી પ્રારંભ કરી, એની સદી પૂરી કરશે ત્યાં સુધી પ્રસ્તુત કરશે. એની થોડી પૂર્વભૂમિકા અત્રે પ્રસ્તુત છે.


'સેતુ'ના કુલ 'સાત સ્થંભો' છે. આ સ્થંભોમાં સર્વપ્રથમ આપણા વિદ્વાન સિધ્ધહસ્ત સમાજ સંશોધક અને લેખક શ્રી તુલસીદાસભાઈ કંસારા. એમની કલમ 'સેતુ'ના પ્રારંભથી આજ સુધી વણથંભી રહી છે.

બીજા ક્રમે છે, આપણા મહિલા લેખિકા કવિ અને સમાજસેવી સન્નારી લતાબેન સોલંકી. આપણા સમાજની મહિલાઓને સ્પર્શતી / સમજાવતી વાર્તા અને વાર્તાલાપો, 'સેતુ'ની અણમોલ અમાનત છે.

આગામી અંકોમાં આ બંનેના યોગદાનની નોંધ સાથે અન્ય પાંચ અત્યંત મહત્ત્વના સ્થંભો વિશે ચર્ચા કરીશું. દરમ્યાનમાં પ્રિય વાંચકોને અનુરોધ છે કે, 'સેતુ સ્થંભ' પરિચય વિશે એમના પ્રોત્સાહક પ્રતિભાવ અવશ્ય આપે.

**– હંસરાજ કંસારા**

# સત્સંગ



## ગીતા શ્લોકો સાથે સાર – (૫)

પ્રેષક : તુલસીદાસ કંસારા

### અધ્યાય-૪ : જ્ઞાન – કર્મ – સંન્યાસ – યોગ

ભગવદ્ ગીતામાં આપણી સાંસ્કૃતિક વિરાસતનો એક અત્યંત ગૂઢ, અવિરત અને અણમોલ દસ્તાવેજ છે જે વ્યવહારૂ અને અવિચળ તત્ત્વજ્ઞાન આપે છે. અલ્ડાઉસ હક્સલીએ તેને ત્રણ કારણોસર સનાતન તત્ત્વજ્ઞાન કહેલ છે : (૧) સતત બદલાતી, ઉત્ક્રાંતિમય અને સર્વાંગી નવા રૂપરંગ ધારણ કરતી આ દુનિયામાં ભગવદ્ ગીતા એક અનંત અને કોઈપણ જાતના બદલાવ વગરની વાસ્તવિક્તા તરફ ધ્યાન દોરે છે. (૨) તેનો ઉપદેશ આપણને વિશ્વાસ અપાવે છે કે તે વાસ્તવિક્તા માનવ હયાતીના હાર્દમાંથી ઉદ્‌ભવે છે જે દરેક જણને ઉપલબ્ધ છે અને (૩) અહીં (ભગવદ્ ગીતામાં) એક આહવાન છે કે તમે તે વાસ્તવિક્તાને જીવનના ધ્યેય કે હેતુ માટે અનુભવી ને શોધો.

આજે મેનેજમેન્ટ સ્કૂલના વિદ્વાનો, પંડિતો, ધંધાદારીઓ, વૈજ્ઞાનિકો અને અનેક શાખાઓ કે વિભાગોના નિષ્ણાતો, નીતિના ઘડવૈયાઓ જેઓ સ્થાનિક, પ્રાદેશિક કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કારોબાર કે શાસન વ્યવસ્થા ચલાવે છે તેઓ ભગવદ્ ગીતામાંથી આચરણના નિયમો કે જીવન સિદ્ધાંતનો સહારો લઈને બહોળા સમુદાયનો વિશ્વાસ સંપાદન કરે છે. આથી જ કદાચ તાજેતરના વર્તમાનમાં જ ગુજરાત અને કર્ણાટકની સરકારોએ ભગવદ્ ગીતાને શાળાના અભ્યાસક્રમમાં દાખલ કરવાની જાહેરાત કરી છે.

ચાલો, તો આપણે ગીતા અભ્યાસના ૪થા અધ્યાય જ્ઞાન – કર્મ – સંન્યાસ – યોગ વિશે જાણીએ.

***શ્રી ભગવાન ઉવાચ :***

*ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્,*
*વિવસ્વાન્ મનવેપ્રાહમનુંરિક્ષ્વાકવેબ્રવીત ॥ ૧ ॥*

*એવં પરમ્પરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુઃ,*
*સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ ॥ ૨ ॥*

*સ એવાયં મયા તેદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ,*
*ભક્તોસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ॥ ૩ ॥*

*શ્રી ભગવાન કહે છે :*

મેં આ અવિનાશી યોગ સૌપ્રથમ સૂર્યને કહ્યો હતો. સૂર્યે એના પુત્ર મનુને કહ્યો અને મનુએ એના પુત્ર ઈક્ષ્વાકુને કહ્યો. હે અર્જુન, આ રીતે પરંપરાથી ચાલ્યો આવતો આ યોગ ઋષિઓએ જાણ્યો. પરંતુ કાળક્રમે એ યોગ નષ્ટ પામ્યો છે. તું મારો પ્રિય ભક્ત અને મિત્ર છે. એથી આજે આ જ્ઞાનને મેં તારી આગળ પ્રકટ કર્યું.

***અર્જુન ઉવાચ :***

*અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ*
*કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાનિતિ ॥ ૪ ॥*

*અર્જુન કહે છે :*

હે કેશવ, તમારો જન્મ તો હમણાં થયો જ્યારે સૂર્ય તો બહુ પહેલેથી વિદ્યમાન છે. તો મને સંશય થાય છે કે તમે સૂર્યને આ યોગ સૃષ્ટિના આરંભમાં કેવી રીતે કહ્યો?

***શ્રી ભગવાન ઉવાચ :***

*બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ ત્વ ચાર્જુન,*
*તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ ॥ ૫ ॥*

*અજોપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોપિ સન્,*
*પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥ ૬ ॥*

*યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,*
*અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥ ૭ ॥*

*પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્,*
*ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે ॥ ૮ ॥*

*જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ,*
*ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુન ॥ ૯ ॥*

*વીતરાગભયક્રોધા મન્મયા મામુપાશ્રિતાઃ*
*બહવો જ્ઞાનતપસા પૂતા મદ્‌ભાવમાગતાઃ ॥ ૧૦ ॥*

*યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્,*
*મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥ ૧૧ ॥*

*શ્રી ભગવાન કહે છે :*

હે અર્જુન, તારા અને મારા અનેક જન્મ થઇ ચૂક્યા છે. પરંતુ ફરક એટલો છે કે મને એ બધા યાદ છે અને તને એ

યાદ નથી રહ્યા. હું અજન્મા અને અવિનાશી છું. સર્વ ભૂતોનો ઈશ્વર છું. છતાં પ્રકૃતિનો આધાર લઈને પ્રકટ થાઉં છું. હે ભારત, જ્યારે જ્યારે ધર્મનો નાશ તઈ જાય છે અને અધર્મનો વ્યાપ વધે છે ત્યારે હું અવતાર ધારણ કરૂં છું. સાધુપુરૂષોનું રક્ષણ, દુષ્કર્મીઓનો વિનાશ તથા ધર્મની સંસ્થાપનાના હેતુ માટે યુગે યુગે હું પ્રકટ થાઉં છું. મારા જન્મ અને કર્મ દિવ્ય તથા અલૌકિક છે. જે મનુષ્ય એનો પાર પામી જાય છે એ મૃત્યુ પછી મને પામે છે. એ જન્મ - મરણના ચક્રમાં નથી ફસાતો. જેના રાગ, દ્વેષ, ભય તથા ક્રોધનો નાશ થયો છે અને જે અનન્ય ભાવથી મારૂં ચિંતન કરે છે તે જીવાત્મા તપ અને જ્ઞાનથી પવિત્ર થઈને મારી પાસે પહોંચે છે. હે અર્જુન, જે ભક્ત મારૂં જે પ્રમાણે ચિંતન કરે છે તેને હું તેવી રીતે મળું છું. શ્રેયના જુદા જુદા માર્ગોથી મનુષ્ય મારી પાસે જ આવે છે.

*કાઙ્ક્ષન્તઃ કર્મણાં સિદ્ધિં યજન્ત ઈહ દેવતાઃ,*
*ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ભવતિ કર્મજા ॥ ૧૨ ॥*

*ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ,*
*તસ્ય કર્તારમપિ માં વિદ્ધ્યકર્તારમવ્યયમ્ ॥ ૧૩ ॥*

*ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા,*
*ઈતિ માં યોભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥ ૧૪ ॥*

*એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ,*
*કુરુ કર્મૈવ તસ્માત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્ ॥ ૧૫ ॥*

આ લોકમાં કર્મફળની કામના રાખનાર દેવોનું પૂજન કરે છે કારણકે એમ કરવાથી કર્મફળની સિદ્ધિ શીઘ્ર થાય છે. વર્ણોની રચના (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર – એ ચાર) કર્મ તથા ગુણના આધાર પર મેં જ કરેલી છે. એ કર્મોનો હું જ કર્તા છું છતાં મને તું અકર્તા જાણ. કારણ કે એ કર્મો મને બાધ્ય કરતા નથી. કેમકે મને કર્મફળની કોઈ ઈચ્છા નથી. જે મારા રહસ્યને આ પ્રકારે જાણી લે છે તે કર્મના બંધનોથી મુક્ત થઈ જાય છે. પહેલાના સમયમાં મુમુક્ષુઓ આ પ્રમાણે કર્મ કરતા હતા. એથી હે અર્જુન, તું પણ એમની માફક કર્મનું અનુષ્ઠાન કર.

*કિં કર્મ કિમકર્મેતિ કવયોપ્યત્ર મોહિતાઃ,*
*તત્તે કર્મ પ્રવક્ષ્યામિ યજજ્ઞાત્વા મોક્ષ્યસેશુભાત્ ॥ ૧૬ ॥*

*કર્મણો હ્યપિ બોદ્ધવ્યં ચ વિકર્મણઃ,*
*અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥ ૧૭ ॥*

*કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ,*
*સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥ ૧૮ ॥*

*યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસઙ્કલ્પવર્જિતાઃ,*
*જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ ॥ ૧૯ ॥*

*ત્યક્ત્વા કર્મફલાસઙ્ગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ,*
*કર્મણ્યભિપ્રવૃત્તોપિ નૈવ કિઞ્ચિત્કરોતિ સઃ ॥ ૨૦ ॥*

*નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ,*
*શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥ ૨૧ ॥*

*યદૃચ્છાલાભસન્તુષ્ટો દ્વાન્દ્વાતીતો વિમત્સરઃ,*
*સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥ ૨૨ ॥*

*ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ,*
*યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ॥ ૨૩ ॥*

કર્મ કોને કહેવાય અને અકર્મ કોને કહેવાય તે નક્કી કરવામાં મોટા મોટા વિદ્વાનો પણ ગોથું ખાઈ જાય છે. હું તને કર્મ વિશે સમજાવું જેથી તું કર્મબંધન અને (યુદ્ધભૂમિમાં અત્યારે તને થયેલ) કલેશમાંથી મુક્ત થશે. કર્મ, અકર્મ અને વિકર્મ – એ ત્રણેય વિશે જાણવું જરૂરી છે કારણકે કર્મની ગતિ અતિશય ગહન છે. જે મનુષ્ય કર્મમાં અકર્મને જુએ છે તથા અકર્મમાં કર્મનું દર્શન કરે છે તે બુદ્ધિમાન છે. એ જ્ઞાનથી મંડિત થઈને તે પોતાના સર્વ કાર્યો કરે છે. જેના વડે આરંભાયેલા સર્વ કાર્યો કામનાથી મુક્ત છે તથા જેના બધા કર્મો યજ્ઞરૂપી અગ્નિમાં બળીને ભસ્મ થઈ ગયા છે. તેને જ્ઞાનીઓ પંડિત કહે છે. જે પુરૂષ કર્મફળની આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરીને પરમ તૃપ્ત અને આશ્રયની આકાંક્ષાથી રહિત હોય છે. તે કર્મમાં જોડાયેલો હોવા છતાં એનાથી લેપાયેલો નથી. જે તૃષ્ણારહિત થઈને, પોતાના મન અને ઈન્દ્રિયોનો કાબૂ કરીને કેવળ શરીર નિર્વાહને માટે જ કર્મો કરે છે તે પાપથી લેપાતો નથી. કોઈ ઈચ્છા કર્યા વગર સહજ રીતે જે મળે તેમાં સંતુષ્ઠ રહેનાર, ઈર્ષાથી પર, સુખદુઃખાદિ દ્વંદ્વોથી મુક્ત તથા વિજય કે હાનિમાં સમતા રાખનાર મનુષ્ય કર્મ કરવા છતાં તેમાં બંધાતો નથી. જે અનાસક્ત રહીને પરમાત્માનું ચિંતન કરતા યજ્ઞભાવથી બધા કર્મો કરે છે, તેના બધા જ કર્મો નાશ પામે છે.

*બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્,*
*બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥ ૨૪ ॥*

*દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે,*
*બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥ ૨૫ ॥*

*શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ,*
*શબ્દાદીન્વિષયાનન્ય ઈન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥ ૨૬ ॥*

*સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે,*
*આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥ ૨૭ ॥*

*દ્રવ્યયજ્ઞાસ્પોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે,*
*સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥ ૨૮ ॥*

*અપાને જુહ્વતિ પ્રાણ પ્રાણેપાનં તથાપરે,*
*પ્રાણાપાનગતી રુદધ્વા પ્રાણાયામપરાયણાઃ ॥ ૨૯ ॥*

*અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ,*
*સર્વેપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥ ૩૦ ॥*

કેમ કે યજ્ઞમાં અર્પણ કરાતી વસ્તુ બ્રહ્મ છે, અર્પણ કરવાનું સાધન બ્રહ્મ છે. જેને એ અર્પણ કરવામાં આવે છે તે બ્રહ્મ છે તથા જે અર્પણ કરનાર છે તે પણ બ્રહ્મ છે. જે આ રીતે કર્મ કરતી વખતે બ્રહ્મમાં સ્થિત હોય તે યોગી બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. કેટલાક યોગીઓ યજ્ઞ વડે દેવતાઓને પૂજે છે, જ્યારે કેટલાક જ્ઞાનીઓ (જ્ઞાનરૂપી યજ્ઞમાં) બ્રહ્માગ્નિના અગ્નિમાં પોતાના આત્માની આહૂતિ આપે છે. કેટલાક પોતાની શ્રવણેન્દ્રિને સંયમના અગ્નિમાં હોમે છે, કેટલાક શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયરૂપી અગ્નિમાં હોમે છે, તો વળી કેટલાક ઈન્દ્રિયો તથા પ્રાણની સમસ્ત ક્રિયાઓને આત્મસંયમરૂપી યોગાગ્નિમાં હોમે છે. કોઈ આ રીતે દ્રવ્યયજ્ઞ કરે છે, કોઈ તપ યજ્ઞ કરે છે, કોઈ કર્મ દ્વારા યજ્ઞ કરે છે તો કોઈ નિયમવ્રતોનું પાલન કરીને સ્વાધ્યાય દ્વારા જ્ઞાનયજ્ઞ કરે છે. કેટલાક યોગીજન અપાનવાયુમાં પ્રાણને હોમે છે જ્યારે કેટલાક પ્રાણમાં અપાનવાયુને હોમે છે. કેટલાક પ્રાણ અને અપાનની ગતિને કાબૂમાં કરી પ્રાણાયામ કરે છે. કેટલાક આહાર પર કાબૂ કરી પોતાના બધા જ પ્રાણને પ્રાણમાં હોમે છે. આ રીતે સાધક પોતપોતાની રીતે પાપોનો નાશ કરવા યજ્ઞનું અનુષ્ઠાન કરે છે.

*યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્,*
*નાયં લોકોસ્ત્યયજ્ઞસ્ય કુતોન્યઃ કુરુસત્તમ્ ॥ ૩૧ ॥*

*એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે,*
*કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાનેવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ॥ ૩૨ ॥*

*શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ પરન્તપ,*
*સર્વ કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥ ૩૩ ॥*

*તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા,*
*ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥ ૩૪ ॥*

*યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમેવં યાસ્યસિ પાણ્ડવ,*
*યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ॥ ૩૫ ॥*

*અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ,*
*સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સન્તરિષ્યસિ ॥ ૩૬ ॥*

*યથૈધાંસિ સમિદ્ધોગ્નિર્ભસ્મસાત્કુરુતેર્જુન,*
*જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥ ૩૭ ॥*

*ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે,*
*તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥ ૩૮ ॥*

*શ્રદ્ધાવાલભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ,*
*જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥ ૩૯ ॥*

*અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ,*
*નાયં લોકોસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥ ૪૦ ॥*

*યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્,*
*આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ॥ ૪૧ ॥*

*તસ્માદજ્ઞાનસંભૂતં હત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ*
*છિત્ત્વૈનં સંશયં યોગમાતિષ્ઠોત્તિષ્ઠ ભારત ॥ ૪૨ ॥*

હે અર્જુન, યજ્ઞશિષ્ઠ અન્ન ખાનારને સનાતન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જે એ પ્રમાણે યજ્ઞનું અનુષ્ઠાન નથી કરતા તેમને માટે આ મૃત્યુલોક સુખકારક નથી હોતો. તો પછી પરલોક તો સુખદાયી ક્યાંથી હોય? વેદમાં બ્રહ્મા દ્વારા આવા અનેક યજ્ઞોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સર્વે યજ્ઞો મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા ફળની ઈચ્છાથી કરવામાં આવે છે. એ પ્રમાણે જાણવાથી તું કર્મબંધનથી મુક્ત થઈશ. હે અર્જુન, દ્રવ્યયજ્ઞની તુલનામાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. કેમકે પૂર્ણ જ્ઞાનમાં બધા જ કર્મો સમાઈ જાય છે. આ સત્યને બરાબર જાણી ચૂકેલ જ્ઞાની પુરૂષને તું પ્રણામ કરી, વાર્તાલાપ દ્વારા કે સેવાથી પ્રસન્ન કર. તે તને જ્ઞાન પ્રદાન કરશે. હે પાંડવ, આ રીતે જ્ઞાન પામ્યા પછી તને મોહ નહીં થાય અને તું તારા પોતામાં તથા અન્ય જીવોમાં મને (પરમાત્માને) નિહાળી શકીશ. જો તું અધમાધમ પાપી હોઈશ તો પણ જ્ઞાનરૂપી નાવમાં બેસીને પાપના સમુદ્રને પાર કરી જઈશ. જેવી રીતે પ્રજ્વલિત થયેલ અગ્નિ કાષ્ઠને બાળી નાખે છે તેવી રીતે જ્ઞાનનો અગ્નિ બધા કર્મોને ભસ્મ કરી નાખે છે. જ્ઞાનથી અધિક પવિત્ર આ સંસારમાં બીજું કશું જ નથી. યોગમાં સિધ્ધ થયેલ પુરૂષ આ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. શ્રદ્ધાવાન અને જિતેન્દ્રિય મનુષ્ય જ્ઞાન (સત્ય-પરમ-જ્ઞાન) ને પ્રાપ્ત કરે છે, અને આ જ્ઞાનથી તે તરત જ શાંતિ પ્રાપ્ત કરે છે. જ્યારે આત્મજ્ઞાન વિનાનો, શ્રદ્ધાહીન તથા સંશયી મનુષ્ય એ જ્ઞાન મેળવી શકતો નથી અને વિનાશ પામે છે. તેવા મનુષ્યને આ લોક કે પરલોકમાં ક્યાંય સુખ મળતું નથી. હે ધનંજય, જેણે યોગ દ્વારા પોતાના સમસ્ત કર્મોનો ત્યાગ કર્યો છે અને જ્ઞાન વડે જેણે પોતાના સંશયો છેદી નાખ્યા છે તેવા આત્મનિષ્ઠ પુરૂષને કર્મ બંધનકર્તા નથી થતું. એથી હે ભારત, તારા હૃદયને જેણે શોકથી હણી નાખ્યું છે એવા અજ્ઞાનથી પેદા થયેલ સંશયને તું જ્ઞાનરૂપી શસ્ત્રથી છેદી નાખ અને યોગમાં સ્થિત થઈ યુદ્ધ માટે તૈયાર થઈ જા.

**॥ અધ્યાય-૪ : જ્ઞાન – કર્મ – સંન્યાસ – યોગ સમાપ્ત ॥**

*લક્ષ્મીનો સ્વભાવ ઘણો ચંચળ છે પણ એથી વધુ ચંચળ તો કીર્તિ છે. કપૂરની જેમ ઊડી જતાં એને વાર લાગતી નથી. લક્ષ્મી તો ગયા પછી ભાગ્ય અને પુરુષાર્થના બળે ઘણીવાર પાછી આવે છે પણ આબરૂ ગયા પછી પાછી ફરતી નથી.*

# સત્સંગ



## કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી

**પ્રેષક : મનુભાઈ કોટડિયા**

### ૯. તુમ બીન મેરી કૌન ખબર લે

"કુંભનદાસજી તમારે દીકરા કેટલા?"

શ્રી વિઠ્ઠલનાથજીએ એક સમયે કુંભનદાસજીને સાહજીક રીતે પૂછ્યું.

"મહારાજ, મારે દોઢ દીકરા છે." કુંભનદાસજીએ અત્યંત સરળતાથી ઉત્તર આપ્યો.

"અરે, એ કેવી રીતે બને! અમે તો સાંભળ્યું છે કે તમને સાત દીકરા છે."

"આમ તો સાત છે. પણ એમાંના ચાર લૌકિક સંસારમાં એટલા બધા આસક્ત છે કે હું એમને દીકરા નથી ગણતો. બાકી એક પૂર્ણ દીકરો છે તે ચતુર્ભુજદાસ. કારણકે તે સંયોગ અને વિપ્રયોગ બંને રસનો અનુભવ કરે છે અને અડધો દીકરો રહ્યો તે કૃષ્ણદાસ. એ શ્રીનાથજીની ગાયોની સેવા કરે છે. તેને રહસ્ય લીલાનો અનુભવ નથી."

જવાબ સાંભળીને શ્રી વિઠ્ઠલનાથજી અત્યંત પ્રસન્ન થયા. કુંભનદાસજીના એ અર્ધા દીકરા કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોને વનમાંથી ચરાવીને એક દિવસ પાછા ફરી રહ્યા હતા. એ ગાયોમાંની એક જરા મોટા શરીરવાળી હતી. એના આંચળ પણ ખૂબ ભારે હતા. તે ઘણું દૂધ દેતી. ભારે શરીરને કારણે એ ધીમે ચાલતી. કૃષ્ણદાસ આ ગાયની પાછળ પાછળ નિરાંતે કીર્તનો લલકારતા લાકડીને ઠેકે ચાલી રહ્યા હતા. એટલામાં જ ક્યાંકથી એક વાઘ આવી, ગાય પર ત્રાટક્યો. ગાય ગભરાઈ ગઈ. કૃષ્ણદાસ સાબદા થઇ ગયા અને વાઘને લલકારીને પોતાના તરફ આકર્ષ્યો. વાઘ ગાયને છોડીને કૃષ્ણદાસ તરફ ફર્યો. કૃષ્ણદાસે લાકડીનો જોરદાર ઘા વાઘ ઉપર કર્યો. બે ક્ષણ માટે વાઘ પાછળ હટી ગયો. પછી બંને વચ્ચે ઝપાઝપી શરૂ થઇ. આ દરમ્યાન પેલી ગાય બધી ગાયોની સાથે થઇ ગઇ અને મંદિરના ખીરક (ગમાણ)માં પહોંચી ગઈ.

થોડીવારની ઝપાઝપી પછી વાઘે કૃષ્ણદાસને ફાડી ખાધા. પાછળ આવી રહેલ બીજા ગોવાળોએ આ દશ્ય જોયું અને એમણે ભેગાં મળીને વાઘને ભગાડ્યો. પછી જલ્દીથી તેઓ પોતપોતાની ગાયોને હંકારીને ગામમાં આવ્યા. એ સમયે કુંભનદાસજી શયનના દર્શન કરવા દંડવતી શિલા પાસેથી શ્રી ગિરિરાજ પર્વત ઉપર ચઢી રહ્યા હતા. સૌએ એમને કૃષ્ણદાસના સમાચાર કહ્યા.

વાત સાંભળતા જ કુંભનદાસજી મૂર્છા ખાઈને પડ્યા. દેહાનુસંધાન રહ્યું નહીં. સૌએ પર્વત ઉપર જઈ શ્રી વિઠ્ઠલનાથજીને વાત કરી કે, કૃષ્ણદાસ ગાયને બચાવવા જતા હરિશરણ થઈ ગયા. શ્રી વિઠ્ઠલનાથજીએ પહેલો પ્રશ્ન એ કર્યો કે, કુંભનદાસજી ક્યાં છે? ત્યારે કોઈએ કહ્યું : "મહારાજ, કુંભનદાસજી મૂર્છા ખાઈને દંડવતી શિલા પાસે પડ્યા છે. બધા એમને બોલાવવા પ્રયાસ કરે છે, પણ એ બેભાન થઇને પડ્યા છે."

શ્રી વિઠ્ઠલનાથજી શયનની સેવાથી પહોંચીને તરત પર્વત પરથી નીચે પધાર્યા.

દંડવતી શિલા પાસે મોટું ટોળું ભેગું થઈ ગયું હતું. લોકો અનેક પ્રકારની વાતો કરી રહ્યા હતા. શ્રી વિઠ્ઠલનાથજીએ સમાચાર પૂછ્યા. લોકોએ કહ્યું : "મહારાજ, કુંભનદાસજી જેવા પરમ ભગવદીય પણ પુત્રના શોકમાંથી બચી શક્યા નથી. તો પછી બીજાનું તો કહેવું જ શું?" આ સાંભળીને શ્રી વિઠ્ઠલનાથજીએ પેલા લોકોને ઠપકો આપ્યો. "કુંભનદાસજી માટે આવું વિચારવાનું તમને શોભા નથી દેતું. એ પુત્ર શોકની પીડાથી મૂર્છા નથી ખાઈ ગયા. તમે શું જાણો? એમને તો બીજું જ દુઃખ છે. સૂતકમાં શ્રીનાથજીના દર્શન શી રીતે થઈ શકશે એ વ્યથા એમને પીડી રહી છે. હમણાં જ તમારો સંદેહ દૂર કરી દઈએ છીએ."

આમ કહીને શ્રી વિઠ્ઠલનાથજીએ કુંભનદાસજીને સંબોધ્યા : "કુંભનદાસજી, સવારે શ્રીનાથજીના દર્શને આવજો, અમે તમને સૂતકમાં પણ દર્શન કરાવીશું."

આ વચન સાંભળીને તરત કુંભનદાસજી ઊભા થઇ ગયા અને શ્રી વિઠ્ઠલનાથજીને દંડવત્ કર્યા : "મહારાજ, આપના વગર મારા અંતઃકરણની વાત કોણ જાણે?"

### ૧૦. પરમકૃપાળુ શ્રી વલ્લભનંદન

ચાર-પાંચ વૈષ્ણવો ભેગાં મળીને સત્સંગ કરી રહ્યા હતા. વાતમાંથી વાત નીકળતાં કોઈકે શ્રીગુસાંઇજીના પ્રતાપની વાત કરી. "કોઈ ગમે તેવો દુષ્ટ હોય, પાપી હોય, અધમ જાતિનો કે પાખંડી હોય, સર્વ પર કૃપા કરી શ્રીગુસાંઇજી પોતાના શરણે લે છે અને એના દોષો દૂર કરી સાચો માર્ગ બતાવે છે."

આ વાત ત્યાંથી પસાર થઇ રહેલા એક માણસે સાંભળી. એ ઊભો રહ્યો અને બોલ્યો : "અરે, ભગત માણસો! તમારા શ્રીગુસાંઇજી જો મને શરણે લે તો સાચા. મેં તો નાનપણથી જ અનેક દુષ્ટ કર્મો કર્યા છે. મારા જેવો મહાપાપી કદાચ બીજો કોઈ નહીં હોય.

વૈષ્ણવો પેલા માણસને શ્રી ગુસાંઇજી પાસે લઇ ગયા. બધી વાત કરી. થોડી ક્ષણ વિચાર કર્યા પછી શ્રી ગુસાંઇજીએ પેલાને સ્નાન કરી આવવા કહ્યું. થોડીવારમાં તો એને નામ સંભળાવી કંઠી પહેરાવી દીધી. બે દિવસ પછી બ્રહ્મસંબંધ દીક્ષા પણ આપી.

દીક્ષા લઇને એ દુષ્ટ માણસ તો પાછો પોતાનું ઘર ગોકુળના સ્મશાનમાં હતું ત્યાં જતો રહ્યો અને શબની ચિતાની આગમાં અન્ન રાંધીને ખાવા લાગ્યો. દુષ્ટ કર્મો પણ પહેલાની જેમ જ કરતો રહ્યો.

હવે એક બીજા ગામનો રાજા ગલિત કોઢના રોગથી પીડાતો હતો. તેણે અનેક વૈદ્યો અને ઘણી બધી દવાઓ અજમાવી જોઈ. લાખો રૂપિયા ખર્ચી નાખ્યા. કેટલીય માનતાઓ માની, દોરા-ધાગા કર્યા પણ રોગ ન મટ્યો. કોઈકે તીર્થયાત્રા કરવાની સલાહ આપી. ડૂબતો તણખલું ઝાલે એમ રાજાએ આ નુસખો પણ અજમાવી જોવાનું નક્કી કર્યું અને તીર્થોની યાત્રા કરતો કરતો તે રાજા ગોકુળમાં આવી ચડ્યો. ત્યાં એણે શ્રી ગુસાંઇજીના દર્શન કર્યા. એ ઘણો પ્રભાવિત થયો. કોઈકે એની પાસે શ્રી ગુસાંઇજીના યશોગાન ગાયા. રાજાએ શ્રી ગુસાંઇજીને વિનંતી કરી : ‘‘આચાર્યવર્ય, મેં લાખો રૂપિયા ખર્ચી નાખ્યા, અનેક તીર્થોમાં સ્નાન કર્યું, અગણિત વૈદ્યો પાસે અનેક પ્રકારના ઉપચારો કરાવ્યા. છતાંય મારો રોગ ન મટ્યો. મારો એવો તે કયો અપરાધ છે કે હું આમ રીબાઈ-રીબાઈને મૃત્યુની ખાઈમાં ધકેલાઈ રહ્યો છું? સાંભળ્યું છે, આપ તો સાક્ષાત્ ઈશ્વર છો, સર્વ પર કૃપા કરો છો. હવે જો આપ પણ મારો રોગ નહીં મટાડો તો હું કોની પાસે જાઉં? હું ભલે અમુક ગામોનો રાજા રહ્યો પરંતુ અંતે તો આપની સામે એક ભિખારી જ છું, આપનો દાસ છું, મારા પર કૃપા કરો ભગવન્.’’

રાજાની આવી દીનતા જોઈ પરમકૃપાળુ શ્રી ગુસાંઇજી કંઇક વિચાર કર્યો. એક સાથે બે કાર્યો સિધ્ધ કરવાની ઇચ્છાથી શ્રી ગુસાંઇજીએ રાજાને આશીર્વાદ દીધા : ‘‘અહીંના સ્મશાનમાં અમારો એક સેવક રહે છે. તેની પાસે જઇ તેનું જૂઠણ લઇને જો તમે ખાવ તો તમારો રોગ જતો રહેશે. પણ કદાચ એ તમને જૂઠણ નહીં આપે. બળજબરીથી પણ એની પાસેથી જુઠણ છીનવી લેજો અને ત્યાં જઈને વાતાવરણ જોતાં કે સેવકના હાલ જોતાં કે એનું જૂઠણ ખાતાં મનમાં જરાય ગ્લાનિ ન લાવતા.’’

રાજા તો તરત જ સ્મશાનમાં ગયો. સાથે નોકર-ચાકરો લેતો ગયો. જઇને જોયું તો એક અઘોરી માણસ શબની ચિતાના લાકડા પર અગ્નિમાં અન્ન રાંધી રહ્યો છે અને હાંડલીમાંથી કાઢી કાઢીને કંઈક ખાઈ રહ્યો છે. રાજાએ તેની પાસે પડેલી પેલી હાંડલી માંગી. અઘોરી છંછેડાઈ ગયો અને રાજા પર હુમલો કર્યો. રાજાના નોકરો સાવચેત હતા. એમણે અઘોરીને પાછળથી જઈને પકડી લીધો અને રાજાએ હાંડલી છીનવી લીધી. હાંડલીમાં વધેલું જૂઠણ અન્ન રાજા શ્રદ્ધાપૂર્વક ખાઈ ગયો.

ત્યાં તો ચમત્કાર થયો. રાજાનો કોઢ દૂર થઈ ગયો અને ફરીથી સુંદર દેહવાળો નવયુવાન રાજા બની ગયો. અઘોરી અચંબામાં પડી ગયો. એણે રાજાને પોતનું જૂઠણ ખાવાનું કારણ પૂછ્યું. રાજાએ માંડીને વાત કહી. અઘોરી વૈષ્ણવની આંખો પહોળી થઈ ગઈ. ‘‘હેં! શ્રી ગુસાંઇજીએ મને યાદ રાખ્યો અને મારા દોષોને માફ કરીને મને આટલી મહાનતા આપી છે?!’’ એ તો દોડ્યો. નહાઇને નવા વસ્ત્રો પહેરી સીધો શ્રી ગુસાંઇજી પાસે પહોંચી ગયો અને ચરણારવિંદમાં આળોટી પડ્યો.

શ્રી ગુસાંઇજીએ એને ફરીથી વ્રત કરાવ્યું અને ત્રીજા દિવસે શ્રી... ની સમક્ષ એકવાર ફરીથી બ્રહ્મસંબંધ દીક્ષા આપી. પેલા રાજાએ પણ દીક્ષા લીધી. અઘોરી અને રાજા બંને બહુ ભગવદીય વૈષ્ણવ થયા.

## ૧૧. અનાથના નાથ

દિલ્હીમાં શ્રી યમુનાજીનો નિગમબોધ ઘાટ, એક સમયે શ્રી ગુસાંઇજી એ ઘાટ પર સ્નાન કરી રહ્યા હતા. એવામાં કિલ્લા પાસેથી એક મ્લેચ્છ તૂરક એક અત્યંત સ્વરૂપવાન, નખશીખ સૌંદર્યની પ્રતિમા એવી નાજુક-નમણી નવયૌવના હિંદુ યુવતીને બળજબરીથી ઢસડતો ઢસડતો લઇ જઈ રહ્યો હતો. પેલી યુવતી અતિશય વિલાપ કરી રહી હતી અને છૂટવા માટે વલખા મારી રહી હતી.

શ્રી ગુસાંઇજીની દૃષ્ટિ એ યુવતી પર પડી અને આપ સમજી ગયા કે વાતમાં કંઈક ગોટાળો છે. બાદશાહ અને બીરબલ પણ કિલ્લા ઉપર ઊભા ઊભા આ તમાશો જોતા હતા. બાદશાહે બીરબલને કહ્યું : ‘‘મેં આ સ્ત્રીને તૂરક સાથે જવાનો હુકમ તો કર્યો પણ મને હવે સંદેહ થાય છે. આ સ્ત્રીના વિલાપ પાછળ કંઇક ભેદ જરૂર છે.’’

શ્રી ગુસાંઇજી બાદશાહનો ભાવ પામી ગયા અને કહેણ મોકલાવ્યું : ‘‘તમે ઉચિત ન્યાય નથી કર્યો. સ્ત્રી સાચી છે અને તૂરક જુઠ્ઠો છે. એ બંનેને પાછા બોલાવી લો. અમે આવીને ન્યાય કરીશું.’’

બાદશાહ પ્રસન્ન થઈ ગયો. શ્રી ગુસાંઇજીને માનભેર દરબારમાં પધરાવ્યા. શ્રી ગુસાંઇજીએ તૂરકને કહ્યું : ‘‘આજનો દિવસ તમારે રોકાઈ જવું પડશે અને લોકોને અમુક બાબતની ખાતરી કરાવવી પડશે. આજે રાતે તમને બંનેને અલગ અલગ પાંજરામાં રાખવામાં આવશે.’’ પછી બાદશાહે કહ્યું : ‘‘ગામના શાહુકાર વૈષ્ણવને હાજર કરો, અમારે તેનું કામ છે.’’ દારબારમાં હાજર રહેલા એક શાહુકાર વૈષ્ણવ તરત જ શ્રી ગુસાંઇજી સમક્ષ નમન કરીને ઊભા રહ્યા. શ્રી ગુસાંઇજીએ બાદશાહ અને શાહુકારને ખાનગીમાં વાત સમજાવી દીધી.

રાત પડી. શાહુકારને ઘેર બે જુદા જુદા પાંજરામાં પેલી યુવતી અને તૂરકને બંધ કરવામાં આવ્યા. રાત વિતવા માંડી. સૌ પોતપોતાને ઘેર જવા માંડ્યા. તૂરક સવાર પડવાની બેચેનીપૂર્વક રાહ જોતો બેઠો હતો ત્યાં જ પેલી યુવતીએ બહુ મીઠાશપૂર્વક તૂરકને પૂછ્યું : ‘‘તમે જબરા હિંમતવાળા હં! બાદશાહે ન્યાય કર્યો અને હવે હું તમારી થઈ ગઈ. સવારે તો

હું તમારા સંપૂર્ણ કબજામાં હોઈશ. પણ મને એક વાતની નવાઈ લાગે છે કે હું ખાનદાન કુટુંબની વહુ હોવા છતાં તમે એ બધાને કઈ રીતે હરાવ્યા અને મારા શરીરના અંગો મારા પતિ સિવાય બીજા કોઈએ જોયા નથી ત્યાં તમે એના ચિહ્નો કઈ રીતે વર્ણવી બતાવ્યા? તમે કોઈ જાદુ જાણો છો કે તંત્ર-મંત્ર વિદ્યા જાણો છો? મને હવે તમારાથી શરમ આવવા લાગી છે.''

તૂરકભાઈ તો તરવા લાગ્યા હવામાં. આટલી સુંદર યુવતી આટલા પ્રેમથી એના પરાક્રમની વાત જાણવાને આતુર થઈ અને આનાકાની કર્યા વગર સવારે એની સાથે જવા માટે માની ગઈ એ વિચારે તૂરકને ગલગલીયા થવા લાગ્યા. કાલ્પનિક વાહિયાત પ્રસંગોના નશામાં એ ચકચૂર થઈ ગયો અને બધી વાતો ઓકવા લાગ્યો. ''તારા ઘરની પાછળના વાડામાં તું નાહીને વાળ સૂકવતી હતી ત્યારે હું ઘોડા ઉપરથી ઉતરીને અંદર ઠેક્યો હતો અને તારો હાથ પકડી લીધો હતો, એ યાદ છે? તેં તરત મને લાફો માર્યો હતો અને મેં એનો બદલો લેવાનું નક્કી કર્યું. એક ડોસી તારા ઘેર હંમેશાં આવતી હતી. એને મેં પૈસાની લાલચે ફોડી. એ તને નવડાવતી એટલે એને તારા શરીરના ખાનગી ચિહ્નોની જાણ હતી. એક વેશ્યાની છોકરી કે જે તારા જ રૂપ-રંગની હતી એના શરીર ઉપર તારા શરીર જેવા ખાનગી ચિહ્નો કરી દીધા અને પછી એને દરબારમાં રજૂ કરી.'' તૂરકભાઈ બોલતા જ ગયા. પહેલેથી છેવટ સુધીનો બધો ભેદ કહી નાખ્યો. વાત પૂરી થઈ કે તરત સંતાઈને બેઠેલા શાહુકારે ખોંખારો ખાધો. ખોંખારો સાંભળીને તૂરકના પ્રાણ સૂકાઈ ગયા.

બીજા દિવસે સવારે દરબાર હકડેઠઠ ભરાયો. સૌને ભારે કુતુહલ પેદા થયું હતું. શ્રી ગુસાંઈજી દરબારમાં પધાર્યા. શાહુકારે રાતે સાંભળેલી વાત દરબારમાં જાહેર કરી. તૂરકને આ અંગે પૂછવામાં આવ્યું. એણે વાત કબૂલ કરી લીધી. બાદશાહે તરત એને દેહાંત દંડ ફરમાવ્યો. શ્રી ગુસાંઈજીએ બાદશાહને વાર્યા અને તૂરકને જેલની સજા કરવા કહ્યું. પેલી યુવતી અને તેના કુટુંબીઓ શ્રી ગુસાંઈજીને શરણે આવ્યા.

***(ક્રમશઃ)***

## મારા સંસ્મરણો

# મા નો નિઃસ્વાર્થ પ્રેમ

એક 'મા' આર્થિક સામાન્ય પરિસ્થિતિમાં પણ સંતાનોની બધી જરૂરિયાત - તેમના શોખ પૂરા કરે છે. જેના માટે પોતાની જરૂરિયાત પર કાપ મૂકીને પણ... અને આ માતાની ભૂમિકા દીકરી નાનપણથી જોતી રહેતી હોય છે. એટલે દીકરી 'મા'થી વધુ નજીક હોવાથી તેમનો સંબંધ વધુ ગાઢ હોય છે. મા ફક્ત સંતાનોની જરૂરિયાત જ નથી પૂરી કરતી, તેને યોગ્ય શિક્ષણ, સંસ્કાર અને દીકરીને તો સાથે ઘરકામમાં નિપુણ બનાવવી, વહેવારિક જ્ઞાન આપવું અને નાનપણથી જ કહેતા રહેવું (મનમાં ઠસાવે) દીકરી તો માતા-પિતા, શ્વસુર તથા મોસાળ સહિત ત્રણ કુળને તારે છે (પ્રતિષ્ઠા વધારે) એટલે દીકરીને કહે છે, આ ત્રણે કુળની આબરૂ વધારવાની છે. સાસરે ઊંડા પગ ખોડીને રહેવાનું છે. અમારી ઇજ્જત તમારા હાથમાં છે. વધારવી કે ધૂળધાણી કરવી... એટલે કે નાનપણથી જ દીકરીને આવી સલાહ અપાતી રહેતી હોય છે. ફક્ત સલાહ જ નહીં એમની (માતાની) રહેણી કરણી પણ નાનપણથી જ જોતા આ સંસ્કાર દીકરીમાં આપોઆપ આવી જતા હોય છે. દીકરીને માની આજથી ૩ દાયકા પહેલા આ સલાહ રહેતી. દીકરીને સાસરાના ઘરમાં દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થઈને રહેવાનું. માવતરની માયા બહુ નહીં રાખવી એ સલાહ પાછળનો હેતુ દીકરી સાસરે સુખી રહે અને સેટ થઈ જાય. કદાચ એ સમયમાં દરેક માતાની સલાહ આ જ રહેતી. એટલે જ ત્યારે છુટાછેડાનું પ્રમાણ નહિવત જેવું રહેતું.

એક માતા દીકરીનો ઉછેર સામાન્ય પરિસ્થિતિમાં પણ કેટલો સારી રીતે કરે છે જ્યારે દીકરી સાસરે જાય છે ત્યારે માતાના સંસ્કાર દીપાવે છે. ત્યારે બંને કુળને આત્મસંતોષ હોય છે.

દીકરી લગ્ન કરી સાસરે આવી ગયા પછી જ્યારે પણ પીયર જાય ત્યારે માતા તેની ક્ષમતા મુજબ દીકરીને કોઈને કોઈ જરૂરિયાતની વસ્તુઓ આપતી રહેતી હોય છે. જેની બજારૂ મૂલ્ય હજારોમાં ના હોય પણ એ માતાનો પ્રેમ હોવાથી અરસપરસ બંનેને મન તેનું મૂલ્ય ઘણું હોય છે. જેમાં માતાનો સ્નેહ હોય છે પણ ત્યારે પુત્રવધૂને સાસુમાના આ વ્યવહારથી તેમને વિના કારણ મનદુઃખ થતું હોય છે. પણ સમય જતાં ધીરે ધીરે બધું ઠીક થતું જાય છે અને સમય જતાં દીકરી તેના જીવનમાં વ્યસ્ત થતી જાય છે અને સમયરૂપી સ્નેહનું સિંચન ઘટતા માતાના પરિવારમાં હવે પૌત્ર, પૌત્રવધૂ, પરપૌત્રનું આગમન થયું હોવાથી હવે એ જ મા એમની માયામાં બંધાઈ જાય છે. હવે તે માતા પૌત્રવધૂમાં, એ એમની દીકરીને નિહાળતા હોય છે. જે દીકરી પર માયા હતી, તે માયા હવે તેમના પરિવાર પોત્રા - પરપોત્રા પર રહે છે પણ દીકરી અને માતા બંનેના દિલમાં તો પરસ્પર પ્રેમ તો જીંદગીના છેલ્લા પડાવ સુધી હોય જ છે ત્યારે તો દરેક વ્યક્તિના મુખે એક જ વાત હોય છે કે દીકરીને 'મા' પ્રત્યે વધારે લગાવ હોય છે. મા ના અવસાન પછી દીકરીને સહુથી વધુ દુઃખ થાય છે.

આ સંસ્મરણો મારા માતા સાથે જોડાયેલા હતા, જે એમના સ્મરણાર્થે 'મધર્સ ડે'ના માની યાદમાં લખ્યા છે. પણ આ સંસ્મરણો દરેક માતા અને દીકરીના હોય છે.

***હા, આખું જીવન બધા માટે સમર્પિત થયા બાદ પણ...***
***માએ કદી ગણ્યું જ નહીં...!!!***
***એ માનું આપણે શું ઋણ ચૂકવવાના?***
***બસ, એમને અંતરના વંદન સાથે સમર્પિત...***

***– અંજના પોમલ***

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

પરેશ ગુજરાતી

### નૂતન કારોબારીની રચના

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજની તા. ૧૮-૦૩-૨૦૨૨ના રોજ મળેલ સામાન્ય સભામાં આગામી ત્રણ વર્ષ (૨૦૨૨થી ૨૦૨૫) માટે ભુજ જ્ઞાતિ પ્રમુખ તરીકે શ્રી હિતેશભાઈ પી. ગુજરાતીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અને તેઓએ જ્ઞાતિના વિકાસના કાર્યો માટે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવાની ખાત્રી આપી હતી તેમજ અગાઉની કારોબારીએ કોરોના સમય દરમ્યાન કરેલ સેવાકીય કાર્યોની નોંધ લઇ તેઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ કારોબારી બેઠક પ્રસંગે ઉપસ્થિત જ્ઞાતિ મોવડી શ્રી અમૃતલાલભાઈ સોલંકી, શ્રી ચંદ્રકાંતભાઈ ચનાણીએ નવનિયુક્ત કારોબારીને અભિનંદન પાઠવી સમાજના નાનામાં નાના કાર્યકરો તથા દાતાશ્રીઓની સેવાઓને ધ્યાનમાં લઇ સૌને સાથે રાખી જ્ઞાતિના વિકાસ માટે કટીબધ્ધ બની કાર્ય કરવા જણાવ્યું હતું.

હિતેશભાઈ પી. ગુજરાતી દ્વારા નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી.

| | |
|---|---|
| *હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી* | *પ્રમુખશ્રી* |
| *ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડા* | *ઉપપ્રમુખશ્રી* |
| *પરેશભાઈ ચમનલાલ ગુજરાતી* | *મંત્રી* |
| *ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા* | *સહમંત્રી અને ચેરમેનશ્રી શૈક્ષણિક સાં. સમિતિ* |
| *હિતેશભાઈ ધીરજલાલ પોમલ* | *ખજાનચી* |
| *સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી* | *સહ ખજાનચી* |
| *ભરતભાઈ હિંમતલાલ બગ્ગા* | *ચેરમેનશ્રી ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સ સમિતિ* |
| *રાજેન્દ્રભાઈ વિશનજી ગુજરાતી* | *ચેરમેનશ્રી વાસણ અને વાડી વહીવટી સમિતિ* |
| *રાજેશભાઈ શામજી બુધ્ધભટ્ટી* | *ચેરમેનશ્રી ધાર્મિક સમિતિ* |


***<u>કારોબારી સભ્યો</u>*** **:** મુકેશભાઈ લખમશી બારમેડા, મુળજીભાઈ નાનાલાલ કટ્ટા, હસમુખભાઈ કેશવલાલ મૈચા, હર્ષદભાઈ જટુભાઈ ચનાણી, બિપીનભાઈ મુળજીભાઈ પરમાર, સચીનભાઈ મોહનલાલ બુધ્ધભટ્ટી, રાહુલભાઈ ચંદ્રકાંતભાઈ ચનાણી, કમલેશભાઈ કાંતિલાલ બુધ્ધભટ્ટી, દયારામભાઈ મગનલાલ પોમલ, ગીરીશભાઈ અમૃતલાલ સોલંકી, વસંતભાઈ પ્રેમજીભાઈ પોમલ, જયભાઈ કિરણભાઈ છત્રાળા, કિશોરભાઈ નરસિંહદાસ બારમેડા, કેતનભાઈ નરોત્તમભાઈ બુધ્ધભટ્ટી, પુનીતભાઈ વિઠ્ઠલદાસ પોમલ, નીતિનભાઈ પ્રેમજીભાઈ બીજલાણી, હીરેનભાઈ જયસુખલાલ પોમલ, પ્રીતેશભાઈ કીર્તિભાઈ પોમલ, મયુરભાઈ મદનલાલ બુધ્ધભટ્ટી.



**હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી પ્રમુખ**



**ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડા ઉપપ્રમુખ**



**પરેશભાઈ ચમનલાલ ગુજરાતી મંત્રી**



**ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા સહમંત્રી**



**હિતેશભાઈ ધીરજલાલ પોમલ ખજાનચી**



**સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી સહ ખજાનચી**



**ભરતભાઈ હિંમતલાલ બગ્ગા**
**ચેરમેનશ્રી**
**ડેવલપમેન્ટ અને મેઈન્ટેનન્સ કમિટી**

## ચૈત્રી નવરાત્રિની ઉજવણી

*પ્રથમં શૈલપુત્રી ચ દ્વિતીયં બ્રહ્મચારીણી ।*
*તૃતીયં ચંદ્રઘણ્ટેતિ કૂષ્માણ્ડેતિ ચતુર્થકમ ॥*

*પંચમં સ્કંદમાતિતિ ષષ્ઠં કાત્યાયનીતિ ચ ।*
*સપ્તમ કાલરાત્રિશ્ચ મહાગૌરીતિ યાષ્ટમમ ॥*

*નવમં સિદ્ધિદાત્રી ચ નવદુર્ગાઃ પ્રકીર્તિતાઃ ।*
*ઉક્તતાનિ નામાની બ્રહ્મણેવ મહાત્મના ॥*



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા તા. ૨-૪-૨૦૨૨થી તા. ૧૦-૪-૨૦૨૨ સુધી શ્રી મહાકાલીકા માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિની આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. બે વર્ષના કોરોનાના કપરા કાળ બાદ જ્ઞાતિજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જ્ઞાતિ પ્રમુખશ્રી હિતેશભાઈ ગુજરાતીના નેજા હેઠળ ધાર્મિક સમિતિના ચેરમેનશ્રી રાજેશભાઈ બુધ્ધભટ્ટી તથા વાડી સમિતિના ચેરમેનશ્રી રાજેન્દ્રભાઈ બુધ્ધભટ્ટીના માર્ગદર્શન હેઠળ દરરોજ સાંજે મહિલા સત્સંગ મંડળ દ્વારા બેઠા ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિની બહેનોએ લાભ લીધેલ તથા રાત્રે જ્ઞાતિજનોની ઉપસ્થિતિ સાથે છંદ - ગરબા તથા આરતીનું આયોજન કરવામાં આવેલ. જેમાં ચેતનભાઈ બુધ્ધભટ્ટી, કૌશિકભાઈ બુધ્ધભટ્ટી, કમલેશભાઈ પોમલ, પ્રદીપભાઈ બીજલાણી, વિજયભાઈ બુધ્ધભટ્ટી, બાળગાયક નિત્ય બુધ્ધભટ્ટી દ્વારા છંદ ગરબાની રમઝટ બોલાવવામાં આવેલ. નોબત પર પ્રતાપભાઈ બીજલાણીએ તાલ આપેલ. રામ નવમીના પવિત્ર દિવસે નિર્મલભાઈ પી. સાકરીયા પરિવારના યજમાન પદે જ્ઞાતિગોર શ્રી મૈત્રેય ગોર દ્વારા હવનવિધિ કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધેલ. રાત્રે નિર્મળાબેન હિંમતલાલ બગ્ગા પરિવાર દ્વારા દેવકી પૂજા તથા દીપેનભાઈ બીજલાણી પરિવાર દ્વારા આરતીનો લાભ લેવામાં આવેલ. ત્યારબાદ ખણ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ઉત્સવને સફળ બનાવવા માટે જ્ઞાતિમોવડી શ્રી અમૃતલાલ સોલંકી, ભરતભાઈ બગ્ગા, સંજીવભાઈ બુધ્ધભટ્ટી, મુળજીભાઈ કટ્ટા તથા કારોબારી સભ્યો તેમજ પુનીત પોમલ, બીપીન પોમલ, આનંદ કટ્ટા, વિશ્વ મહીચા, કર્મા મહીચા સહિતના જ્ઞાતિ કાર્યકરો તથા ખણપ્રસાદ તૈયાર કરવા માટે જ્ઞાતિની બહેનોએ જહેમત ઉઠાવેલ.

## સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૬)



**જેમીની**
**કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા (માંડવી)**

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ – એવા સ્વામી વિવેકાનંદ, કે જેઓ બાળપણમાં 'નરેન્દ્રનાથ દત્ત'ના નામથી પ્રખ્યાત હતા, તેમના પ્રેરણાદાયક વિચારોનો ભાગ-૬ રજૂ કરૂં છું.

- ★ કલીયુગમાં સત્યનિષ્ઠ રહેવું એ સૌથી મોટું તપ છે. સત્ય જ બોલવું જોઈએ.
- ★ ક્રોધ સાધકનો શત્રુ છે. ક્રોધ કરવાથી શરીરના રોમે રોમમાંથી ઉર્જા શક્તિનો વ્યય થાય છે.
- ★ જે અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.
- ★ પરિવર્તનથી ઈચ્છાશક્તિ વધુ મજબૂત થતી નથી, તે નિર્બળ બને છે અને પરિવર્તનને વશ થાય છે. પણ આપણે હંમેશાં સંગ્રહણ વૃત્તિવાળા થવું જોઈએ. સંગ્રહણવૃત્તિથી ઈચ્છાશક્તિ મજબૂત બને છે.
- ★ જો ઈશ્વર હોય તો આપણે તેનું દર્શન કરવું જોઈએ, જો આત્મા હોય તો આપણે તેની અનુભૂતિ કરવી જોઈએ. નહીં તો, એમાં માનવું નહીં એ વધુ સારૂં છે. દંભી થવા કરતાં આખાબોલા નાસ્તિક થવું એ બહેતર છે.
- ★ કાર્ય કરવું એ ઘણું સારૂં છે, પરંતુ તે વિચારોમાંથી આવે છે. માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો. તેમને અહર્નિશ તમારી નજર સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે.

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**લતાબેન સોલંકી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા આયોજીત હલ્દી કંકુ કાર્યક્રમ અંતર્ગત સમાજવાડી મધ્યે સભ્યોને સભ્યપદ ભેટના વિતરણ સાથે સભ્યોની નોંધણી તેમજ નવા સભ્યોની નોંધણી સાથે કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી નવા વર્ષના સભ્યપદની નોંધણી કરાવી હતી.

ત્રણ વર્ષની ટર્મ પૂરી થતા ફરીથી સુધાબેન બુધ્ધભટ્ટીની પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. તેઓ જ્ઞાતિના મહિલા મંડળની સાથોસાથ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના મહિલા પ્રમુખ તરીકે નિયુક્ત થતા સમગ્ર મહિલા મંડળ ગૌરવની લાગણી અનુભવી, શાલ ઓઢાડી વિશેષ સન્માન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે તેઓએ આ પહેલા મહામંડળના સાંસ્કૃતિક સમિતિના ચેર પર્સનના હોદ્દા પર રહી ખૂબ સારા પ્રોજેક્ટ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

કાર્યક્રમના ચેર પર્સન ભાવનાબેન ચનાણી તેમજ નીલાબેન પોમલ દ્વારા બહેનોના મનોરંજન માટે ગેમ શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત દરેક બહેનોએ ભાગ લઈ મનોરંજનનો આસ્વાદ માણ્યો હતો. વિજેતા થયેલ બહેનોને હોદ્દેદારોના હસ્તે પ્રાઇઝ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં બહેનોને આગળ આવી સમાજસેવા માટે સમય ફાળવવા હાકલ કરી હતી. બહેનોમાં રહેલી કલાઓને ઉજાગર કરવા મહિલા મંડળ સંકલ્પબધ્ધ છે એ જણાવ્યું હતું. મહા મંડળની કારોબારીમાં લતાબેન સોલંકી અને રોહિણી બુધ્ધભટ્ટીની નિમણુંક થતાં મહિલા મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

આગામી કાર્યક્રમોમાં બાળકો માટે સમર કેમ્પ અને બહેનો માટે યોગા ક્લાસીસના આયોજનની જાણકારી આપી હતી. વિજેતા બહેનોના નામ : (૧) કવિતા ભૌતિક બારમેડા, (૨) મીરા નિર્મલ સાકરીયા, (૩) કિંજલ પાર્થ પોમલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. જ્યારે આભારવિધિ લતાબેન સોલંકીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા જયશ્રીબેન છત્રાળા, અરૂણાબેન બુધ્ધભટ્ટી, ઇંદીરાબેન સોલંકી, શીતલબેન બુધ્ધભટ્ટી, રીટાબેન બુધ્ધભટ્ટી, ખુશાલીબેન બુધ્ધભટ્ટી, ભાવિનીબેન પરમાર,






જયશ્રીબેન બુધ્ધભટ્ટી, રાજેશ્રીબેન બુધ્ધભટ્ટી, કવિતાબેન બારમેડા, પ્રીતિબેન બગ્ગા, રીનાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટીએ જહેમત ઉઠાવી હતી.



**સુધાબેન એ. બુધ્ધભટ્ટી પ્રમુખ**



**જયશ્રીબેન અનિલ છત્રાળા ઉપપ્રમુખ**



**લતાબેન સોલંકી મંત્રી**



**રોહિણીબેન બુધ્ધભટ્ટી સહમંત્રી**



**અરૂણાબેન નરેન્દ્રકુમાર બુધ્ધભટ્ટી ખજાનચી**



**ઈંદીરાબેન યોગેશ સોલંકી સહ ખજાનચી**

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ

રાજ બારમેડા

### યુવક મંડળની વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધી કારોબારીની રચના

શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ – ભુજના વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધી કારોબારીની રચના કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| *પ્રમુખ* | *ભાવેશ હિંમતલાલ બગ્ગા* |
| *મંત્રી* | *સત્યમ પ્રાણજીવનભાઈ બારમેડા* |
| *ઉપપ્રમુખ* | *રાહુલ અમૃતલાલ સોલંકી* |
| | *સમીર અરવિંદભાઈ છત્રાળા* |
| *સહમંત્રી* | *રાજ જયંતીલાલ બારમેડા* |
| | *દીપક ધીરજલાલ પોમલ* |
| *ખજાનચી* | *જયેશ રામદાસ બુધ્ધભટ્ટી* |
| *સહ ખજાનચી* | *પ્રીતેશ કે. પોમલ* |
| | *જીત જયેશભાઈ હેડાઉ* |

આ સાથે ૧૩ કારોબારી સભ્યોની પણ નિમણુંક કરવામાં આવેલ.






ભાવેશ
હિંમતલાલ બગ્ગા
પ્રમુખ



સત્યમ
પ્રાણજીવનભાઈ બારમેડા
મંત્રી



રાહુલ
અમૃતલાલ સોલંકી
ઉપપ્રમુખ



સમીર
અરવિંદભાઈ છત્રાળા
ઉપપ્રમુખ



રાજ
જયંતીલાલ બારમેડા
સહમંત્રી



દીપક
ધીરજલાલ પોમલ
સહમંત્રી



જયેશ
રામદાસ બુધ્ધભટ્ટી
ખજાનચી



પ્રીતેશ કે. પોમલ
સહ ખજાનચી



જીત
જયેશભાઈ હેડાઉ
સહ ખજાનચી

*મકાન ગમે તેટલું મોટું હોય, એનો દરવાજો તો નાનો જ હોવાનો! ગાડી ગમે તેટલી લાંબી હોય, એને જોડાયેલું એન્જિન તો નાનું જ હોવાનું! શરીર ગમે તેટલું મોટું હોય, એમાં ધબકી રહેલ હૃદય તો નાનું જ હોવાનું!*

*જીવનને સદ્‌ગુણોથી હર્યુંભર્યું બનાવી દેવું છે? એક નાનકડા સત્કાર્યથી એની શરૂઆત કરી દો. બની શકે કે સત્કાર્યનો ખૂલતો આ નાનકડો દરવાજો જ તમને સદ્‌ગુણોના વિરાટ મહેલમાં પ્રવેશ કરાવી દે!*

## સમર વેકેશન દરમ્યાન બાળકો તથા તેમના પરિવારજનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન

શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ – ભુજ દ્વારા તા. ૨૩-૦૫-૨૦૨૨થી તા. ૨૯-૦૫-૨૦૨૨ સુધી સમર વેકેશન દરમ્યાન બાળકો તથા તેમના પરિવારજનો માટે ફેમિલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ, કેરમ ટુર્નામેન્ટ તથા ઓપન ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમાજના બાળકો, યુવાનો તથા પરિવારના તમામ સભ્યો ઉત્સાહપૂર્વક ભાગ લઇ શકે અને મનોરંજન માણી શકે તેવું આયોજન કરવામાં આવેલ. તા. ૨૩-૦૫થી તા. ૨૯-૦૫ દરમ્યાન કેરમ ટુર્નામેન્ટ – સીંગલ્સ અને ડબલ્સ ટુર્નામેન્ટ સમાજના પાર્ટી પ્લોટ ખાતે રાત્રે ૧૦.૦૦થી ૧૨.૦૦ વાગ્યા સુધી આયોજન કરેલ હતું. જેમાં ૩૯ ખેલાડીઓએ સીંગલ્સમાં અને ૬૪ ખેલાડીઓએ ડબલ્સમાં ભાગ લીધેલ હતો. સીંગલ્સમાં ચેમ્પિયન જયેશ રામજી બુધ્ધભટ્ટી જ્યારે રનર્સઅપ તરીકે મનીષ જેંતીલાલ કોટડિયા રહ્યા હતા. ડબલ્સમાં ચેમ્પિયન તરીકે મોહિત યોગેશ છત્રાળા અને પૂર્વેશ પોમલ રહ્યા હતા. જ્યારે રનર્સઅપ કેતન નરોત્તમ બુધ્ધભટ્ટી અને કેવીન હર્ષદ બુધ્ધભટ્ટી વિજેતા થયા હતા.







તા. ૨૭-૦૫ના રોજ સમાજના પાર્ટી પ્લોટ ખાતે ઓપન ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરેલ હતું. જેમાં સમાજના તમામ ઉંમરના લોકો પાર્ટીસિપેટ કરી શકે અને પોતાના જ્ઞાન વધારીને સ્પર્ધામાં ભાગ લઇ શકે એ રીતે સ્પર્ધા ગોઠવવામાં આવી હતી. તથા ક્વિઝ સ્પર્ધામાં સાચા જવાબ આપનાર તમામ વિનરોને પ્રોત્સાહિત ઇનામ આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

તા. ૨૮-૦૫થી તા. ૨૯-૦૫ દરમ્યાન ભુજના ફોર્ટીન એકરના બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ફેમિલી બોક્સ ક્રિકેટ સ્પર્ધા ગોઠવવામાં આવેલ હતી. તેમાં કુલ ૩૨ ટીમોએ ભાગ લીધેલ હતો. પ્રત્યેક ટીમમાં ૧૫ વર્ષથી નાની વયના બે બાળક, એક લેડીઝ પ્લેયર અને ૩ રેગ્યુલર પ્લેયર સહિત ૬ ખેલાડીની ટીમ સાથે ટીમો ઉતારવામાં આવેલ હતી. જેમાં ચેમ્પિયન ટીમ જય માતાજી ઇલેવન ટીમ રહી હતી અને રનર્સ અપ ટીમ તરીકે સન્ની ઈલેવન વિજેતા થયેલ હતી. જ્યારે પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ તરીકે મિતેષ ગુજરાતી રહ્યા હતા. વિજેતા ટીમોને યુવક મંડળ તરફથી ટ્રોફી તથા રોકડ ઈનામો આપી પ્રોત્સાહિત કરાયેલ હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મારૂ કંસારા સોની યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશભાઈ હિંમતલાલ બગ્ગા, મંત્રી શ્રી સત્યમભાઈ પ્રાણજીવનભાઈ બારમેડા, ઉપપ્રમુખશ્રી રાહુલ અમૃતલાલ સોલંકી, સમીર અરવિંદભાઈ છત્રાળા, સહમંત્રી શ્રી રાજ જયંતીલાલ બારમેડા, દીપક ધીરજલાલ પોમલ, ખજાનચીશ્રી જયેશ રામદાસ બુધ્ધભટ્ટી, સહ ખજાનચી શ્રી પ્રીતેશ કીર્તિભાઈ પોમલ, જીત જયેશભાઈ હેડાઉ સહિત કુલ ૧૩ કારોબારી સભ્યોએ સાથે મળીને આયોજનને સફળ બનાવ્યું હતું. આવા સફળ આયોજન બદલ મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસભાઈ ગુજરાતી અને મંત્રી શ્રી પરેશભાઈ ગુજરાતી અને ઉપપ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ બારમેડા તથા ચેતનભાઈ બારમેડા, અનિલભાઈ છત્રાળા, સંજીવભાઈ અરવિંદભાઈ બુધ્ધભટ્ટી, અશોકભાઈ બુધ્ધભટ્ટી સહિતના હોદ્દેદારોએ કાર્યક્રમમાં હાજરી આપીને કાર્યક્રમને બિરદાવેલ હતું.

*ખીલીના માથા ઉપર જ જો હથોડીના ઘા પડ્યા કરે તો એ ખીલી ભીંતમાં ટટ્ટાર ઊભી રહે છે અને પોતાના કરતાં અનેકગણું વજન ઊંચકી શકે છે.*

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

ઉર્વશી સોની

### હનુમાન જયંતીની ઉજવણી



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર દ્વારા તા. ૧૬-૪-૨૨ના રોજ હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી.

બપોરે ૪ કલાકે મહિલા મંડળ દ્વારા સુંદર કાંડના પાઠનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં બહેનો જોડાયા હતા. સાંજે ૭.૩૦ કલાકે મહા આરતી તેમજ દાંડિયા રાસનું આયોજન કરવામાં આવેલ હતું. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માધાપર મંડળના પ્રમુખ શ્રી રામજીભાઈ હરિલાલ સોલંકી, મંત્રી શ્રી કિરણભાઈ શંભુલાલ બુધ્ધભટ્ટી, ખજાનચી શ્રી ઘનશ્યામભાઈ ધારશીભાઈ પરમાર તેમજ મહિલા મંડળના પ્રમુખ શ્રી વર્ષાબેન રાજેશભાઈ કટ્ટા, મંત્રી શ્રી આશાબેન સંજયભાઈ મહીચા તેમજ ખજાનચી શ્રી તારાબેન ભીખાલાલ બુધ્ધભટ્ટી તેમજ સર્વે કારોબારી સમિતિ, ફ્રેન્ડ્સ ગ્રુપ તેમજ યુવતી મંડળ હાજર રહ્યા હતા. હનુમાન જન્મોત્સવના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ રીતે જ્ઞાતિ મંડળ - માધાપરનો હનુમાન જન્મોત્સવનો કાર્યક્રમ આનંદમય રહ્યો હતો.

## લગ્ન વિષયક



| | |
|---|---|
| *નામ* | : **વૈભવ નીતિનભાઈ છત્રાળા** |
| *અભ્યાસ* | : CA (Inter), B.Com. |
| *પિતાનું નામ* | : **નીતિન પ્રાણલાલ શિવજી છત્રાળા** |
| *જન્મ તારીખ* | : ૨૩-૦૧-૧૯૯૪ |
| *વ્યવસાય* | : (1) Chief Accountant @ Sanskar School & College, (2) Tax Consultant |
| *આવક* | : રૂા. ૩.૨૫ લાખ |
| *કુટુંબની સંખ્યા* | : ૫ |
| *રહેઠાણ* | : ૭૪/સી, ગોકુલધામ સોસાયટી-૧, માધાપર નવા વાસ, ભુજ, કચ્છ. |
| *સંપર્ક* | : ૮૨૩૮૯ ૬૦૨૬૬ (નીતિનભાઈ) |

# વિદ્યાસેતુ

## ભારતીય સનદી સેવા (Indian Civil Services)

અરવિંદભાઈ મારૂ



આજના હરીફાઈના યુગમાં દરેક વ્યક્તિ પોતાનું તથા કુટુંબનું ભવિષ્ય સુરક્ષિત રાખવા માટે હંમેશાં પ્રયત્નશીલ હોય છે. ઉપલબ્ધ અનેક વિકલ્પોમાં સરકારી નોકરી એક ઉત્તમ વિકલ્પ હોઈ, સામાન્ય રીતે, દરેક વ્યક્તિ તે વિકલ્પ પસંદ કરે છે અને સારામાં સારી સરકારી નોકરી મેળવવા મહેનત કરે છે. સરકારી નોકરીઓમાં સૌથી ઉત્તમ નોકરી IAS, IPS, IFS, IRS વગેરે જેવી કેન્દ્ર સરકાર હસ્તકની વિવિધ ભારતીય સનદી સેવાની (Indian Civil Services) છે.

સંઘ લોક સેવા આયોગ / UPSC (Union Public Service Commission) દ્વારા દર વર્ષે IAS, IPS, IFS, IRS જેવી ૨૪ પ્રકારની કેન્દ્રિય, ગ્રુપ-એ તથા ગ્રુપ-બી ની જગ્યાઓમાં ભરતી માટે Civil Services Examination (CSE) યોજાતી હોય છે. આ પરીક્ષા આપણા દેશની સૌથી અઘરી પરીક્ષા છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોનું પોસ્ટીંગ તેમણે મેળવેલ ગુણ / મેરીટના આધારે IAS, IPS, IFS, IRS વગેરે જેવા સંવર્ગ (Cadre)માં કરવામાં આવે છે. આ પરીક્ષામાં દર વર્ષે ૮ થી ૧૦ લાખ ઉમેદવારો અરજી કરતા હોય છે. જે પૈકી અમુક જ (આશરે ૮૦૦થી ૯૦૦) ઉમેદવારો પસંદગી પામે છે. આમ, આ પરીક્ષામાં ખૂબ જ કઠિન સ્પર્ધા હોય છે.

આ પરીક્ષામાં અરજી કરવા માટેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા વગેરે વિગતો આ મુજબ છે.

| ક્રમ | જુથ | ન્યુનતમ તેમજ મહત્તમ વય મર્યાદા (તા. ૧લી ઓગસ્ટના રોજ) | શૈક્ષણિક લાયકાત | કુલ પ્રયત્નોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | સામાન્ય (બિન અનામત) | ૨૧ થી ૩૨ વર્ષ | કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક અથવા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અંતિમ વર્ષ / સેમિસ્ટરમાં હોય અને તેનું પરિણામ જુલાઈ માસ પહેલાં મળી જવાનું હોય | ૬ |
| ૨. | OBC | ૨૧ થી ૩૫ વર્ષ | | ૯ |
| ૩. | SC / ST | ૨૧ થી ૩૭ વર્ષ | | મહત્તમ વયમર્યાદા સુધી |

આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાતી હોય છે : (૧) પ્રાથમિક પરીક્ષા (Prelims Exam) – ૪૦૦ ગુણ, (૨) મુખ્ય પરીક્ષા (Mains Exam) – ૧૭૫૦ ગુણ અને (૩) સાક્ષાત્કાર (Interview) – ૨૭૫ ગુણ.

(૧) **પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) :** પ્રાથમિક પરીક્ષામાં હેતુલક્ષી પ્રકારના બે પેપરો હોય છે. બંને પેપર બે કલાકની સમય મર્યાદાના તથા ૨૦૦ ગુણના હોય છે.

- **(A) PAPER-1 (General Studies) :** અહીં મેળવેલ ગુણના આધારે બીજા તબક્કાની પરીક્ષા (Mains Exams) માટે પાસ કરવામાં આવે છે.
- **(B) PAPER-2 (Aptitude) :** આ પેપરમાં ઓછામાં ઓછા ૩૩% ગુણ મેળવવા પડે. જે મેરીટમાં ગણત્રીમાં લેવામાં આવતા નથી. ફક્ત ક્વોલીફાય થવું પડે છે.

(૨) **મુખ્ય પરીક્ષા (Mains Exam) :** આ પરીક્ષામાં વર્ણનાત્મક જવાબો લખવાના હોય છે. જેનું માળખું અને અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| પેપર | વિષય | ગુણ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| A | One of the Indian Language – આપણા માટે ગુજરાતી. જેમાં નિબંધ, વ્યાકરણ વગેરેના પ્રશ્નો આવે. | 300 | આ બંને પેપરમાં ઓછામાં ઓછા ૨૫% મેળવવા પડે. જે મેરીટમાં ગણત્રીમાં લેવામાં આવતા નથી. માત્ર ક્વોલીફાય થવું પડે. |
| B | English – Precis, Comprehension, Grammar etc. | 300 | |

***નીચેના પેપરોના ગુણ મેરીટમાં ગણાય છે.***

| પેપર | વિષય | ગુણ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| 1. | Essay | 250 | |
| 2. | General Studies – 1 (Indian Heritage & Culture, History and Geography) | 250 | |
| 3. | General Studies – 2 (Governance, Constitution, Polity, Social Justice & International Relations) | 250 | |
| 4. | General Studies – 3 (Technology, Economic Development, Bio-diversity, Environment, Security & Disaster Management) | 250 | |
| 5. | General Studies – 4 (Ethics, Integrity & Aptitude) | 250 | |
| 6. | Optional Subject (Any one) Paper-1 | 250 | અંદાજે ૨૬ જેટલા વૈકલ્પિક વિષયોમાંથી એક વિષય પસંદ કરવાનો હોય છે. |
| 7. | Optional Subject Paper-2 | 250 | |

(૩) **સાક્ષાત્કાર (Interview) :** આ તબક્કામાં ઉમેદવારને તેના બાયોડેટા મુજબ તેના સ્નાતક અભ્યાસક્રમ, જીલ્લા, રાજ્ય, શોખ (હોબી), વર્તમાન બાબતો (કરન્ટ અફેર્સ) વગેરેના પ્રશ્નો પૂછવામાં આવે છે. ઉમેદવાર ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજી ભાષામાં જવાબો આપી શકે છે.

ઉપરોક્ત તબક્કાના અંતે, મુખ્ય પરીક્ષા (Mains Exams)ના ૧૭૫૦ ગુણ તથા સાક્ષાત્કાર (Interview)ના ૨૭૫ ગુણ મળી કુલ ૨૦૨૫ ગુણમાંથી અંતિમ યાદી તૈયાર કરવામાં આવતી હોય છે. આ યાદી મુજબ ઉમેદવારને IAS, IPS, IFS વગેરે સંવર્ગની ફાળવણી કરવામાં આવે છે.

સંઘ લોક સેવા આયોગ (UPSC) દ્વારા દર વર્ષે કેન્દ્રિય, ગ્રુપ-એ તથા ગ્રુપ-બી સર્વિસીસની ભરતી માટે Civil Services Examinations (CSE) પાસ કર્યા બાદની મળવાપાત્ર નોકરીની વિગતો નીચે મુજબ છે.

**(A) All India Civil services**

(1) Indian Administrative Service (IAS)

(2) Indian Police Service (IPS)
(3) Indian Forest Services (IFoS)

**(B) Group-A Civil Services**

(1) Indian Foreign Service (IFS)
(2) Indian Audit & Accounts Service (IAAS)
(3) Indian Civil Accounts Service (ICAS)
(4) Indian Corporate Law Service (ICLS)
(5) Indian Defence Accounts Service (IDAS)
(6) Indian Defence Estate Service (IDES)
(7) Indian Information Service (IIS)
(8) Indian Ordnance Factories Service (IOFS)
(9) Indian Communication Finance Service (ICFS)
(10) Indian Postal Service (IPoS)
(11) Indian Railway Accounts Service (IRAS)
(12) Indian Railway Personnel Service (IRPS)
(13) Indian Railway Traffic Service (IRTS)
(14) Indian Revenue Service (IRS)
(15) Indian Trade Service (ITS)
(16) Railway Protection Force (RPF)

**(C) Group-B Civil services**

(1) Armed Forces Headquarters Civil Service
(2) Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Civil Service (DANICS)
(3) Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Police Service (DANIPS)
(4) Pondicherry Civil Service
(5) Pondicherry Police Service

ઉપરોક્ત ત્રણેય જુથના ૨૪ સંવર્ગમાં નિમણુંક પામેલ અધિકારીઓની કામગીરી અને ભૂમિકા અલગ અલગ હોય છે. જે પૈકી All India Civil Services ના IAS, IPS અને IFS સંવર્ગની નિમણુંક ઉત્તમ માનવામાં આવે છે અને આ ત્રણેય સંવર્ગમાં IAS ની નિમણુંકને સર્વોત્તમ માનવામાં આવે છે. IAS સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારને તેના મેરીટના આધારે તથા તેણે અરજીમાં દર્શાવેલ ચોઇસના આધારે કેન્દ્ર સરકાર અથવા દેશની રાજ્ય સરકારને હવાલે મૂકવામાં આવે છે. કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા શરૂઆતમાં અપર સચિવ / અધિક કલેક્ટર / નાયબ કલેક્ટર / પ્રાંત અધિકારી તરીકે વર્ગ-૧ કક્ષાના અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે. જે સમયાંતરે ખૂબ જ ઝડપથી કલેક્ટર, સંયુક્ત સચિવ, અગ્ર સચિવ, અધિક મુખ્ય સચિવ, મુખ્ય સચિવ તરીકે બઢતી મેળવી શકે છે. આ અધિકારીઓને સામાન્ય બોલચાલની ભાષામાં 'સરકારી બાબુ' તરીકે ઓળખવામાં આવે છે. આપણા દેશની પ્રત્યેક રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારનો સમગ્ર વહીવટ આ અધિકારીઓ હસ્તક હોય છે. આથી IAS સંવર્ગને ખૂબ જ પાવરફુલ માનવામાં આવે છે.

*કસરત કરવાનો મારી પાસે સમય નથી અને છતાં મારે તંદુરસ્તી જાળવવી છે!*
*પેટ્રોલ પંપ આગળ ગાડીને ઊભી રાખવાની મારી તૈયારી નથી અને છતાં મારે મંજીલે પહોંચવું છે!*
*ધર્મ મારે કરવો જ નથી અને છતાં સુખ મારે જોઈએ છે! કરુણતા જ છે કે બીજું કાંઈ?*

# વિદ્યાસેતુ



## ‘વિદ્યાસેતુ’ – ઓનલાઇન મીટિંગ યોજાઈ

**અરવિંદભાઈ મારૂ - ચેરમેન**




અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા સમસ્ત સમાજના ધોરણ ૧૦, ૧૧ કે ૧૨માં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા ‘વિદ્યાસેતુ’ યોજના ચલાવવામાં આવે છે. આ યોજના હેઠળ સમાજના શ્રેષ્ઠીઓ આર્થિક રીતે જરૂરિયાતવાળા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને તેમના અભ્યાસ માટે ઉદાત્ત ભાવનાથી સહયોગ આપે છે. આગામી શૈક્ષણિક વર્ષ માટે વિવિધ સ્થળે વસતા નવ વિદ્યાર્થીઓની અરજી મળેલ છે. ‘વિદ્યાસેતુ’ના સહયોગીઓ સાથે તાજેતરમાં તા. ૧-૫-૨૦૨૨ના રોજ ઓનલાઇન ‘ઝૂમ’ મીટિંગ યોજાયેલ. જેમાં અમેરિકાથી અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી અતુલભાઈ સોની, અમદાવાદથી અરવિંદભાઈ મારૂ (ચેરમેન - વિદ્યાસેતુ), મનુભાઈ કોટડિયા (ચેરમેન - જ્ઞાતિસેતુ), જયેશભાઈ ઘડિયાળી (માનદ્ મંત્રી), શોભનાબેન સોની (પ્રમુખ - મહિલા મંડળ), અંજારથી વિદ્યાસેતુ શ્રીમતી પીંકીબેન કટ્ટા, નખત્રાણાથી શ્રીમતી હેતલબેન, તલોદથી શ્રીમતી દીપાબેન સોનીએ ઉપસ્થિત રહી ‘વિદ્યાસેતુ’ દ્વારા શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવાકીય પ્રવૃત્તિ કરવા સંકલ્પ કરવામાં આવેલ. આ મીટિંગમાં શ્રી અરવિંદભાઈ મારૂએ હાલમાં વિદ્યાર્થીઓ તરફથી મળેલ અરજીની વિગતવાર માહિતી આપેલ. વિવિધ સ્થળના સહયોગી બહેનો દ્વારા આ અરજીઓની ચકાસણી કરી ભલામણ કરવામાં આવેલ.

શ્રી મનુભાઈ કોટડિયાએ જણાવેલ કે વિવિધ સ્થળોએથી દાતાશ્રીઓ દ્વારા નવ વિદ્યાર્થીઓને સહાય આપવા આર્થિક સહયોગ આપવા તત્પરતા દર્શાવેલ છે. આમ, નવ વિદ્યાર્થીઓને દર વર્ષે મહત્તમ રૂા. ૧૫,૦૦૦/- સુધીની સહાયતા મંજૂર કરવામાં આવેલ. જ્ઞાતિ પ્રમુખ શ્રી અતુલભાઈ સોનીએ સમગ્ર ટીમને અભિનંદન આપતા જણાવેલ કે આપણે એક લક્ષ્ય પર ફોકસ કરી કાર્ય કરીએ, તો ભલે મર્યાદિત સંખ્યામાં પણ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદરૂપ થઈ શકીએ. સમાજના કોઈ તેજસ્વી વિદ્યાર્થી દીકરો કે દીકરી આર્થિક કારણોસર અભ્યાસ ન છોડે એ જ ‘વિદ્યાસેતુ’નો ધ્યેય છે. મીટિંગમાં સર્વે દાતાશ્રીઓ શ્રી હિતેશભાઈ ગુજરાતી (ભુજ), શ્રી રશ્મિનભાઈ બારમેડા (તલોદ), શ્રી અનિલભાઈ મગનલાલ (ભુજ) તેમજ અનામી દાતા (અમેરિકા)નો વિશેષ આભાર માનવામાં આવેલ. ઓનલાઇન મીટિંગ દ્વારા ટેકનોલોજીના માધ્યમથી નખત્રાણાથી અમેરિકા સુધી સ્થળ પર સમાજસેવા માટે સાથે મળી ‘સહયોગ સેતુ’ રચી શકાય તેવી પ્રતીતિ થઈ.

## સાબરકાંઠા મારૂ સોની સમાજનું ગૌરવ



**સોની ત્વીશા ચેતનકુમાર**

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડની પરીક્ષામાં ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મોડાસાની શાળામાં પ્રથમ ક્રમે ૯૯.૮૪ ટકા પર્સેન્ટાઇલ રેન્ક મેળવી સાબરકાંટા મારૂ સોની સમાજ અને ધનસુરાનું ગૌરવ વધાર્યું છે.

# સ્વાસ્થ્ય

## મોઢાના ખરાબ સ્વાસ્થ્યને કારણે આરોગ્યને લગતી સમસ્યાઓ

ડૉ. ઈશિતા સોની (ડેન્ટીસ્ટ)



તમારા દાંત અને પેઢાની સારી સંભાળ લેવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણકે મોઢું – એ શરીરનું પ્રવેશદ્વાર છે. તેથી આપણે જે ખોરાક લઈએ છીએ અને મૌખિક પોલાણ (Cavities) અને પેઢામાં હાજર બેક્ટેરિયા તમારા એકંદર આરોગ્યને ઘણી રીતે અસર કરી શકે છે.

તમારા મોઢાને તંદુરસ્ત રાખવા અને દાંતને મજબૂત રાખવા માટે દરરોજ ઓછામાં ઓછું બે વખત બ્રશ અને ફ્લોસ (કોગળા) કરવાની ભલામણ કરવામાં આવે છે. દંત ચિકિત્સકો એવા ચોક્કસ આહારને ટાળવાની પણ ભલામણ કરે છે જે પોલાણ (Cavities)નું કારણ બની શકે છે. જેમ કે ચોકલેટ, ચીકણો ખોરાક, આલ્કોહોલ, તમાકુ અને અન્ય ઘણા ખોરાક.

પેઢાનો રોગ એ દાંતની નબળી સ્વચ્છતાનું પરિણામ છે. દરરોજ દાંત પર બેક્ટેરિયા (ડેન્ટલ પ્લેક)ની પાતળી ફિલ્મ બનાવે છે. જ્યારે પેઢાની રેખા સાથે અને તેની નીચે પ્લેક બને છે, ત્યારે ચેપ લાગી શકે છે. જે પેઢા અને હાડકાને નુકસાન પહોંચાડે છે. જે દાંતને તેની જગ્યાએ રાખે છે. પેઢાના રોગનું સૌથી ગંભીર સ્વરૂપ પિરિઓડોન્ટલ (periodontal) રોગ તરીકે ઓળખાય છે. આ કિસ્સામાં ચેપ એટલો ગંભીર બની ગયો છે કે હાડકાનો બગાડ થઈ શકે છે, જેના કારણે દાંત પડી શકે છે.

દાંતનું ખરાબ સ્વાસ્થ્ય તમારા સામાજીક જીવન માટે પણ ખાસ કરીને ખરાબ હોઈ શકે છે. હેલિટોસિસ – મોઢામાંથી આવતો ખરાબ શ્વાસ, જે ખોરાકના કણોને કારણે થાય છે, જે દાંતની વચ્ચે ફસાયેલા હોય છે, જે બેક્ટેરિયાને એકઠા કરે છે અને હાઇડ્રોજન સલ્ફાઈડ જેવા રસાયણો બહાર કાઢે છે. આ તે જ છે, જે સડેલા ઇંડાને તેમની લાક્ષણિક ગંધ આપે છે. જો કે દાંતની સારી તંદુરસ્તી માત્ર તમારા દાંત માટે જ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ પેઢામાં એક શ્વાસ છે.

તેથી સારી મૌખિક સ્વચ્છતાનો અભ્યાસ કરવાથી દાંતના નબળા સ્વાસ્થ્યની પીડા અને અસુવિધા દૂર કરવામાં મદદ મળી શકે છે અને મૌખિક સ્વચ્છતાના મહત્ત્વમાં વધારો કરે છે. મૌખિક આરોગ્ય તમારા શરીરના એકંદર આરોગ્યનું સૂચક બની શકે છે.

- **મૌખિક આરોગ્ય સાથે જોડાયેલ આરોગ્યને લગતી સમસ્યાઓ :**

તમારા દાંત એ દાંતના આરોગ્ય અને મૌખિક સ્વચ્છતાની ટેવથી પ્રભાવિત શરીરના એકમાત્ર ભાગો નથી. મોઢામાંથી અનિયંત્રિત બેક્ટેરિયા સમગ્ર શરીરમાંથી પસાર થઈ શકે છે, જેના કારણે અસંખ્ય આરોગ્ય સમસ્યાઓ થાય છે. જેમકે –

**૧. હૃદયરોગ / પક્ષાઘાતનું જોખમ**

પિરિઓડોન્ટલ રોગ ધરાવતા લોકોમાં હૃદયરોગ થવાની શક્યતા બે ગણી વધી જાય છે અને બેક્ટેરિયા અને તક્તી લોહીના પ્રવાહમાં પ્રવેશીને ધમનીઓ (blood vessels) એથરોસ્ક્લેરોસિસમાં પ્રવેશી શકે છે. જેના પરિણામે લોહીનો રોગ થાય છે અને ધમની સંકોચાઈ જાય છે. જે લોહીના પ્રવાહની સમસ્યાઓ અને હૃદયના અવરોધ તરફ દોરી જાય છે. બેક્ટેરિયામાં ગંઠાઈ જતું પ્રોટીન હોય છે જે ધમનીઓને બંધ કરી શકે છે, જેના કારણે હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. આ ઉપરાંત, જો રોગનું ઊંચું પ્રમાણ - મોઢામાંથી પેદા કરતા બેક્ટેરિયા કેરોટિડ ધમનીને બંધ કરી દે – એ રક્ત વાહિની જે મગજ અને માથામાં લોહી પહોંચાડે છે – તો તે સ્ટ્રોક થવાનું જોખમ વધારી શકે છે.

**૨. શ્વસન સમસ્યાઓ**

પિરિઓડોન્ટલ રોગના બેક્ટેરિયા લોહીના પ્રવાહમાંથી ફેફસા સુધી જઈ શકે છે જ્યાં તે શ્વસનતંત્રને વધુ તીવ્ર બનાવી શકે છે. ખાસ કરીને એવા દર્દીઓમાં કે જેમને પહેલેથી જ શ્વસન સંબંધી સમસ્યાઓ છે. જર્નલ ઓફ પિરિઓડોન્ટોલોજીમાં પ્રકાશિત થયેલા એક અધ્યયનમાં પેઢાના રોગ અને ન્યુમોનિયા અને તીવ્ર બ્રોન્કાઈટીસના વધતા જોખમ વચ્ચેની કડીનો પર્દાફાશ થયો છે. "પરંતુ તમારા દંત ચિકિત્સક અથવા પિરિઓડોન્ટીસ્ટ સાથે કામ કરીને, તમે ખરેખર ન્યુમોનિયા અથવા સીઓપીડી જેવા હાનિકારક રોગની પ્રગતિને અટકાવવા અથવા ઘટાડવા માટે સક્ષમ હોઈ શકો છો." ડોનાલ્ડ એસ ક્લેમ (અમેરિકન એકેડેમિ ઓફ પિરિઓડોન્ટોલોજીના પ્રમુખ) કહે છે.

**3. ડાયાબિટીસ**

ડાયાબિટીસના દર્દીઓમાં ઘણી વખત ચેપ લાગવાની શક્યતા વધુ હોય છે અને પિરિઓડોન્ટલ રોગનું જોખમ વધું હોય છે. પિરિઓડોન્ટલ રોગને કારણે રક્તમાં શુગરના સ્તરને નિયંત્રિત કરવું વધુ મુશ્કેલ બની શકે છે. જેના કારણે દર્દીને ડાયાબિટીસની

જટીલતાઓનું જોખમ રહે છે. તે જ સમયે, પેઢાંના રોગથી લોહીમાં શર્કરાનું સ્તર પણ વધે છે. તેથી મૌખિક આરોગ્ય નબળું હોય તેવી વ્યક્તિને ડાયાબિટીસ થવાનું જોખમ વધારે હોય છે.

**૪. કર્કરોગ**

જો તમે સીગારેટ પીતા હોવ અથવા તમાકુની પેદાશોનો ઉપયોગ કરતા હોવ, તો તમે કદાચ આ ટેવ સાથે સંકળાયેલા મૌખિક આરોગ્યને થતા નુકસાનથી વાકેફ હશો. જો કે, મોઢાના અને ગળાના કેન્સર ઉપરાંત પેઢાના રોગ સાથે સંકળાયેલા અન્ય પ્રકારના કેન્સર પણ છે. મોઢાના નબળા આરોગ્યને કારણે સ્વાદુપિંડનું કેન્સર, કિડનીનું કેન્સર અને બ્લડ કેન્સરનું જોખમ પણ વધી શકે છે.

**૫. ઇરેક્ટાઇલ ડિસફંક્શન**

પિરિઓડોન્ટલ રોગવાળા પુરૂષોમાં દાંતની સારી સ્વચ્છતાવાળા પુરૂષોની તુલનામાં ઇરેક્ટાઇલ ડિસફંકશનનો અનુભવ થવાની સંભાવના ૭ ગણી વધારે હોય છે. પિરિઓડોન્ટલ બેક્ટેરિયા લોહીના પ્રવાહમાંથી પસાર થઇ શકે છે. રક્ત વાહિનીઓમાં બળતરા કરે છે અને જનનાંગોમાં પ્રવાહને અવરોધે છે.

**૬. અકાળે જન્મનું જોખમ**

એકંદર વસ્તીમાંથી લગભગ ૧૩% બાળકો અકાળે જન્મે છે. અકાળ બાળકોને શ્વાસની સમસ્યાઓ અને ચેપ સહિતની ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એક એમ બીજાનું દંત આરોગ્ય આ જોડાણને અસર કરી શકે છે. ડોક્ટરો સિદ્ધાંત આપે છે કે પ્રિટર્મ જન્મનું એક મુખ્ય કારણ માતાના શરીરમાં ચેપ છે. ચેપનું એક સામાન્ય સ્થળ મોં છે.

- **નિવારણ મુખ્ય છે :**

તમે બધા ખરાબ સમાચાર વાંચ્યા છે, પરંતુ શું એ આનંદદાયક નથી કે તમે સારી મૌખિક સ્વચ્છતાનો અભ્યાસ કરીને ખરાબ મૌખિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી ગંભીર આરોગ્ય સમસ્યાઓથી બચી શકો છો?

***તંદુરસ્ત સ્મિત સાથે તમને મદદ કરવા માટે અહીં કેટલીક સ્વચ્છતા ટીપ્સ આપી છે.***

★ ***દિવસમાં બે વાર દાંત અને પેઢાને બ્રશ કરવું :*** આ સ્પષ્ટ લાગે છે. પરંતુ સવારે અને રાત્રે તમારા દાંત સાફ કરવા તમારા મૌખિક સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે.

★ ***ફ્લોસ કરો :*** તમારા ચેક-અપ પહેલા બેબાકળી રીતે ફ્લોસિંગ કરવાથી તમારા મૌખિક સ્વાસ્થ્યને અનુરૂપ નથી. ખાતરી કરો કે તમે તેને દરરોજ દરેક દાંતની વચ્ચે કરી રહ્યા છો.

★ ***સિગારેટ પીવાનું અને તમાકુની બનાવટોનો ઉપયોગ કરવાનું ટાળો :*** અમે જાણીએ છીએ કે આ સરળ કાર્ય નથી. માહિતી અને સારવાર માટે તમારા ફેમિલી ડોક્ટરની મુલાકાત લો.

★ ***મુલાકાત માટે આવો :*** તમને જોઈને અમને હંમેશાં આનંદ થાય છે. તમારા મૌખિક આરોગ્યને ટીપટોપ આકારમાં રાખવા માટે તમારા ડેન્ટીસ્ટની ભલામણ કરાયેલી સફાઈ અને ચેક-અપ રૂટીનને વળગી રહો.

★ ***મર્યાદિત મીઠાઈઓ :*** મિજબાનીઓ ખૂબ જ સરસ હોય છે. અમે પણ તેમને પ્રેમ કરીએ છીએ. થોડા ખાવા એ ઠીક છે, પરંતુ દાંત પર ચોંટી જતા સુગરયુક્ત ખોરાકને મર્યાદિત કરવાનો ચોક્કસપણે પ્રયાસ કરો. અમે ભલામણ કરીએ છીએ કે કંઈક મીઠી વસ્તુમાં વ્યસ્ત થયા પછી તમારા મોંને કોગળા કરવા અથવા તમારા દાંત સાફ કરવા.

તમારા મોઢાને તમારા શરીરના બાકીના ભાગોના પ્રવેશદ્વાર તરીકે વિચારો અને મૌખિક આરોગ્ય અને એકંદર આરોગ્ય વચ્ચેની કડીને યાદ રાખો. દાંતની સારી સ્વચ્છતા જાળવવાથી આરોગ્યને લગતી અન્ય સમસ્યાઓના તમારા જોખમને ઘટાડવામાં મદદ મળી શકે છે.

જો તમને મૌખિક આરોગ્ય વિશે પ્રશ્ન હોય, તો તમને પેઢાના રોગને લગતી આરોગ્યની સ્થિતિ વિશે વધુ માહિતી જોઈતી હોય, તો નિઃસંકોચ મને પૂછો.

## લોકોને તમારું શ્રેષ્ઠ આપો

લોકો સ્વાર્થી, કૃતઘ્ન અને વિવેકહીન છે.
*છતાં તમને ચાહો.*

તમે અકારણ તેમનું ભલું કરો તો તમારા ઇરાદા વિશે શંકાશીલ બને છે.
*છતાં તેમનું ભલું કરો.*

તમે સફળ થશો તો ખોટા મિત્રો અને સાચા શત્રુઓ તમને આવી મળશે.
*છતાં સફળતા હાંસલ કરો.*

તમારું કરેલું સત્કાર્ય આવતીકાલે કોઈ યાદ ન પણ રાખે
*છતાં પણ સત્કાર્ય કરતા રહો.*

પ્રામાણિકતા અને નિખાલસતા તમને હાનિકારક સાબિત થશે
*છતાં પ્રામાણિક અને નિખાલસ બનો.*

સત્યનો પક્ષ લેવા જતાં ઘણા તમારા વિરોધી બનશે
*છતાં સત્યના પક્ષે રહો.*

જે સર્જન કરતાં તમને વર્ષો લાગ્યા હોય, તે કદાચ ક્ષણોમાં જ વિસર્જિત થઈ જાય *છતાં સર્જન કરતા રહો.*

દુનિયાને તમારું શ્રેષ્ઠ આપો અને દુનિયા તમને લાત મારે
*છતાં તમારું શ્રેષ્ઠ આપવા તત્પર રહો.*



# અંગદાન અંગે આધારભૂત માહિતી

ડૉ. ધીરેન શાહ, કાર્ડિયાક સર્જન



કાર્ડિયાક સર્જન
ડૉ. ધીરેન શાહ

*ડૉ. ધીરેન શાંતિલાલ શાહ (ફુરિયા) કચ્છમાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામના વતની છે. તેઓએ M.B.B.S. અને M.S. અમદાવાદમાં રહીને પૂરું કર્યું. ત્યારબાદ M.C.H. દિલ્હી યુનિવર્સિટીમાંથી પાસ કર્યું અને પિટ્સબર્ગ, પેન્સિલવેનિયા, યુ.એસ.એ.માં ત્રણેક વર્ષનો અનુભવ મેળવી વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં આવ્યા. પ્રથમ સ્ટર્લિંગ હોસ્પિટલ સાથે અને ત્યારબાદ સાલ હોસ્પિટલ સાથે જોડાયા. અહીં પૂરતો અનુભવ મેળવીને પોતાના ડૉક્ટરોની ટીમ સાથે અમદાવાદ ખાતે સિમ્સ હોસ્પિટલ ઊભી કરી અને ત્યાં કાર્ડિયાક સર્જરી વિભાગમાં આજદિન સુધી કાર્યરત રહેલ છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું લાઈસન્સ ઓક્ટોબર-૨૦૧૬માં મળ્યું અને પ્રથમ હાર્ટ પ્રત્યારોપણ ડિસેમ્બર-૨૦૧૬માં કર્યું કે જે સમગ્ર ગુજરાત રાજ્યનો પ્રથમ કિસ્સો બની રહ્યો.*

*કચ્છીયતને ચાર ચાંદ લગાડનાર, કચ્છી સપૂત ડૉ. ધીરેન શાહએ ઉપરોક્ત જટિલ અને ઉત્કૃષ્ટ કામગીરી સફળતાપૂર્વક પાર પાડીને પરિવાર, સમાજ અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે.*

*તેઓશ્રી ઉપરોક્ત ક્ષેત્રમાં હજુ વધારે પ્રગતિ સાધે તેવી શુભેચ્છા.*

*હાલમાં અંગદાન અને અંગ પ્રત્યોરાપણ બાબતે ઘણી પરસ્પર વિરોધી વાતો સોશિયલ મીડિયામાં આવે છે. ત્યારે આ બાબતે 'જ્ઞાતિસેતુ'ના વાચકોને યોગ્ય અને સાચી માહિતી મળે તે માટે આ ક્ષેત્રના નામાંકિત તબીબ ડૉ. ધીરેન શાહને વિનંતી કરતા તેમણે વિગતવાર માહિતી આપેલ છે. આશા છે, વાચકોને જરૂર ઉપયોગી જણાશે.*

***– અતુલ સોની***

**સ્ટેટ ઓર્ગન અને ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઇઝેશન**

આપણા શરીરમાં કેટલાક અવયવો (અંગો) એવા છે કે જેમનું કાર્ય ખરાબ થઈ જાય અથવા બંધ પડી જાય તો મનુષ્ય જીવન જોખમાય છે. લીવર, હૃદય, ફેફસાં, કિડની વગેરે અંગો ખરાબ થાય તો મનુષ્યનું જીવન ટકાવી રાખવા અને સ્વસ્થ થવા માટે અંગોના પ્રત્યારોપણની જરૂર પડે છે. દા.ત. હૃદય, ખરાબ થાય તો હૃદયનું પ્રત્યારોપણ કરવાથી દર્દીનો જીવ બચાવી શકાય છે.

- **અવયવો ક્યાંથી મળે?**

૧. તંદુરસ્ત જીવિત વ્યક્તિ લીવર અને કિડની જેવા અંગોનું દાન કરીને દર્દીને નવું જીવન આપી શકે છે.

૨. બ્રેઈન ડેડ વ્યક્તિના અંગોના દાન દ્વારા આ અંગો પ્રાપ્ત કરી શકાય છે અને દર્દીને નવજીવન આપી શકાય છે.

- **બ્રેઇન ડેડ એટલે શું?**

મનુષ્યનું મગજ શરીરનું સર્વોચ્ચ અંગ છે અને તે શરીરની તમામ પ્રક્રિયાઓનું સંચાલન કરે છે. મગજના કારણે જ વ્યક્તિની ઓળખ છે. તે શ્વાસની પ્રક્રિયા તથા હૃદયના ધબકારાઓનું નિયમન પણ કરે છે. જ્યારે મગજને ગંભીર ઈજા પહોંચે ત્યારે તે ફુલવા લાગે છે અને તેમાં રક્તનું પરિભ્રમણ અટકી જાય છે. મગજમાં રક્તનું પરિભ્રમણ અટકી જવાથી તેમાં તમામ કાર્યો બંધ પડી જાય છે. આ સમયે દર્દીના શ્વાસની પ્રક્રિયા તથા હૃદયના ધબકારા પણ એકદમ ઓછા થઇ જાય છે. આવા દર્દીને કૃત્રિમ રીતે શ્વાસ આપવા માટે વેન્ટીલેટર પર મૂકવામાં આવે છે. વેન્ટીલેટરની મદદથી શ્વાસ ચાલે ત્યારે શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાઈ રહે છે અને હૃદય પણ કાર્ય કરે છે. આ પરિસ્થિતિ ફક્ત થોડા કલાકો કે એક-બે દિવસ સુધી દર્દીને બચાવવાના ડૉક્ટરો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો છે. સમયાંતરે દર્દીના મગજના કાર્યોની ચકાસણી કરવામાં આવે છે. જો મગજ જરા પણ કાર્યરત ન થાય તો તેવા દર્દીને બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવે છે. કૃત્રિમ રીતે વેન્ટીલેટરથી શ્વાસ અપાતો હોઈ

બ્રેઈન ડેડ વ્યક્તિ શ્વાસ લેતાં સૂઈ ગયો હોય તેવો ભાસ થાય છે અને મોનીટરમાં હૃદયના ધબકારાની પણ નોંધ લેવાય છે. દર્દીના સગાને એમ જ લાગે છે કે દર્દી હજુ જીવે છે. પરંતુ આ એક કૃત્રિમ રીતે ફેફસાં અને હૃદને ટકાવી રાખવા માટેની થોડા સમયની વ્યવસ્થા છે. થોડા કલાકોમાં કે એક-બે દિવસમાં દર્દીનું હૃદય બંધ પડી જાય છે.

- **બ્રેઇન ડેડ જાહેર કેવી રીતે કરાય છે?**

માથાની ઈજા પછી અથવા સ્ટ્રોક થયા પછી દર્દી બ્રેઇન ડેડ છે કે જીવે છે તે જાણવા માટે Apnea Test (એપ્નીયા ટેસ્ટ) કરવામાં આવે છે. આ ટેસ્ટમાં દર્દીને વેન્ટીલેટરથી અલગ કરી તેના શ્વસનની પ્રક્રિયા છે કે નહીં તે જાણવામાં આવે છે. ધમનીમાંથી ૮ થી ૧૦ મિનિટના અંતરે લોહીનું સેમ્પલ લઇ તેમાં રહેલા કાર્બન ડાયોક્સાઇડ અને ઓક્સિજનનું પ્રમાણ જાણવામાં આવે છે. જે દર્દીનો એપ્નીયા ટેસ્ટ પોઝીટીવ છે અને આ ટેસ્ટ ૬ કલાકના અંતરે ફરી કરવામાં આવે (૧૮ વર્ષથી નીચેના બાળકોમાં ૧૨ કલાકના અંતરે) અને તે પોઝીટીવ હોય તો દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવે છે. બ્રેઈન ડેડ એટલે કે દર્દીનું મૃત્યુ થયું છે અને વેન્ટીલેટર ચાલુ હોવાને કારણે હૃદય અને ફેફસાં થોડા સમય માટે ચાલે છે.

- **અંગોનું દાન એટલે શું?**

જ્યારે દર્દી બ્રેઈન ડેડ જાહેર થાય ત્યારે સગા-સંબંધીઓ પાસે બે વિકલ્પો હોય છે : (૧) બ્રેઈન ડેડ વ્યક્તિની ડેડ બોડીને વેન્ટીલેટર પરથી ઉતાર્યા બાદ તે દર્દીને અંતિમક્રિયા માટે લઇ જવો. (૨) બ્રેઈન ડેડ વ્યક્તિના અંગોનું દાન કરવું. અંગોના દાન માટેનો નિર્ણય ખૂબ જ ઝડપથી લેવો પડે છે કારણકે વેન્ટીલેટર પર રહેલ બ્રેઈન ડેડ વ્યક્તિનું હૃદય લાંબા સમય સુદી ચાલુ રહી શકતું નથી અને જો તે બંધ પડી જાય તો અંગોનું દાન મોટાભાગના કેસોમાં થઈ શકતું નથી.

- **બ્રેઇન ડેડ જાહેર કરવું ફરજીયાત છે?**

ગુજરાત રાજ્ય સરકારે બ્રેઈન ડેડ જાહેર કરવું ફરજીયાત છે. તે માટે પરિપત્ર જાહેર કરેલો છે. બ્રેઈન ડેડ જાહેર કરાયા પછી મૃત વ્યક્તિના સગા સંબંધીઓ અંગોના દાન માટે લેખિત સંમતિ આપે તો જ દર્દીને વેન્ટીલેટર પર ચાલુ રાખવામાં આવે છે. બ્રેઈન ડેડ વ્યક્તિના પરિવારની ઈચ્છા અવયવોના દાન કરવા માટેની ના હોય તો વેન્ટીલેટર કાઢી શકાય છે. મૃત વ્યક્તિને વેન્ટીલેટર પર રાખી શકાય નહીં.

- **અંગોનું દાન આપવા માટે શું કરવું?**

બ્રેઈન ડેડ દર્દીના સગા-સંબંધીઓએ તેમની સારવાર કરતા ડોક્ટરને અંગદાન કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી, તેમની પાસેથી sotto.nic.in વેબસાઈટ પરથી Gujarat State સિલેક્ટ કરી Home Page પરથી Form 8 અને Form 10 ડાઉનલોડ કરી ભરવાનું હોય છે તથા નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવાની હોય છે. બ્રેઈન ડેડ દર્દીને જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલને અંગદાન માટે દર્દીનું અને હોસ્પિટલનું રજીસ્ટ્રેશન SOTTO Gujarat અને NOTTO માં કરાવવું ફરજીયાત છે. હોસ્પિટલ રજીસ્ટ્રેશન માટે બ્રેઈન ડેડ જાહેર કરનાર ડોક્ટરની ટીમ અને દરેક ડોક્ટરની ડિગ્રી તથા રજીસ્ટ્રેશન નંબરની માહિતી અપલોડ કરવાની હોય છે. હોસ્પિટલનું રજીસ્ટ્રેશન ફક્ત એક જ વાર કરવાનું હોય છે. દરેક હોસ્પિટલ કે જ્યાં વેન્ટીલેટર સાથેના આઈ.સી.યુ.ની અને ઓપરેશન થિયેટરની વ્યવસ્થા છે, તેનું રજીસ્ટ્રેશન પહેલેથી જ કરાવી લીધું હોય તો અંગદાન સમયે કિંમતી સમય વેડફાતો અટકી જાય છે.

બ્રેઈન ડેડ વ્યક્તિના લોહીના સેમ્પલ યોગ્ય લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. ઉપરંત કોવિડ માટેનું સેમ્પલ અને એન્ડોટ્રેકિયલ ટ્યુબમાંથી RT-PCR માટે મોકલાય છે. હૃદયના દાન માટે 2D-ECHO કરવામાં આવે છે. આ બધા ટેસ્ટ કરતાં લગભગ ૧૨થી ૧૮ કલાકનો સમય જાય છે. રીપોર્ટ થઈ ગયા પછી ડોક્ટરોની ટીમ અંગ સ્વીકાર કરવા માટે આવે છે. બ્રેઈન ડેડ દર્દીને ચકાસ્યા બાદ આઈ.સી.યુ.માંથી ઓપરેશન થિયેટરમાં ખૂબ સન્માનપૂર્વક લઇ જવામાં આવે છે. હૃદય, ફેફસાં, લીવર અને કિડની, આંખો તથા ટીસ્યુ કે અંગોને ડોક્ટરો ઓપરેશન કરી કાળજીપૂર્વક કાડી અને સાચવીને પ્રત્યારોપણ માટે લઇ જાય છે. અંગદાન પછી બ્રેઈન ડેડ દાતાના પાર્થિવ શરીરને સન્માનપૂર્વક વિધિ માટે સગા-સંબંધીઓને સોંપવામાં આવે છે. મેડીકો-લીગલ કેસમાં પોસ્ટમોર્ટમની વિધિ કર્યા પછી પાર્થિવ શરીરને અંતિમ વિધિ માટે લઇ જવામાં આવે છે.

- **અંગદાન માટે પરિવારે કેટલો ખર્ચ કરવો પડે છે?**

બીજા એપ્નીયા ટેસ્ટ પછી જ દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવે છે. બ્રેઈન ડેડ જાહેર કર્યા પછી અંગદાનની પ્રવૃત્તિ માટે જે ખર્ચ થાય છે તેમાં રાજ્ય સરકારશ્રી તરફથી દાતા જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલને રૂા. ૫૦,૦૦૦/-ની સહાય મળે છે. આ સહાય બ્રેઈન ડેડ વ્યક્તિના મેડિકલ ખર્ચ માટે જ ખર્ચી શકાય છે.

- **અંગો કોને મળે છે?**

અંગોની વહેંચણી એ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત કોમ્પ્યુટરમાં ઓટોમેટીકલી ગણાયેલા પોઇન્ટ સિસ્ટમના આધારે SOTTO, ROTTO અને NOTTO માં અંગોની ફાળવણી કરવામાં આવે છે. અંગદાન, એ આપણો રાષ્ટ્રીય પ્રોગ્રામ છે. અનેક દર્દીઓ અંગ ફેઈલ્યોરના કારણે અવસાન પામે છે. બ્રેઈન ડેડ વ્યક્તિના અંગદાન દ્વારા ઘણા દર્દીઓને નવજીવન

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૮ ઉપર)**



## આપણાં પરિવારો – (૩૪)

તુલસીદાસ કંસારા – અમદાવાદ

### અંજારીયા પરિવાર

ભુજમાં કંસારા બજારથી ખત્રી ચકલા તરફ જતાં વચ્ચે અંજારીયા ફળીયું આવેલું છે. જ્યાં આપણા ઘણા પરિવારો રહે છે. પરંતુ આપણા સમાજમાં અંજારીયા અટક ધરાવતો એકમાત્ર પરિવાર સુરતમાં છે. અંજાર શહેર સાથે આ અટકનું નામ જોડાયેલ છે, પરંતુ આ પરિવારની અત્યારની ત્રીજી પેઢીની માહિતી પ્રમાણે તેમના દાદા ભુજમાં રહેતા હતા અને ત્યાંથી સ્થળાંતર કરેલ. ખેર, તેમણે અંજારીયા અટક અપનાવી લીધી, અથવા કહો કે અટક બદલવી જ હતી તેથી પોતાને ગમતી ઓળખ અપનાવી. આ ઓળખ આપનાર પરિવારની પ્રથમ વ્યક્તિ એટલે મુલજીભાઈ જેઠાભાઈ અંજારીયા. જેઓએ વરસો પહેલાં ગણિત જેવા મુશ્કેલ વિષય સાથે એમ.એ. (ઓનર્સ) સુધીનો ઉચ્ચ અભ્યાસ કરી સુરત સ્થળાંતર કરેલ.

તેઓ વ્યારાની હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે નોકરી કરતા ત્યારે પોતાની સોલંકી અટક બદલીને અંજારીયા કરેલ, કારણકે સોલંકી અટકવાળાને ત્યારે પછાત સમાજના લેખવામાં આવતા હતા. તેઓએ વ્યારા સિવાય કડોદ અને પછીથી સુરતની પ્રખ્યાત સંસ્થા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવેલ. એક નિષ્ણાત ગણિતશાસ્ત્રી તરીકે તેમણે ગણિત ઉપર અનેક પુસ્તકો લખ્યા. જેના કારણે પોકેટ એલ્જીબ્રા જ્યોમેટ્રી એન્ડ ફેક્ટર્સ સહેલા થઇ ગયા. તેઓને સુરતની કોર્ટમાં જ્યુરી તરીકે પણ આમંત્રિત કરવામાં આવતા. આમ તેઓની એ સમયમાં સુરતના એક પ્રતિષ્ઠિત નાગરિક તરીકેની ગણના થતી હતી.

મુલજીભાઈના પરિવાર વિશે વાત કરીએ તો તેમને ત્રણ વખત લગ્ન કરવા પડેલ, કારણકે પ્રથમ બંને પત્નીઓનું બાળકના જન્મ વખતે જ અવસાન થયેલ. પ્રથમ પત્નીથી તેમને પુષ્કર અને પ્રભાકર નામના બે દિકરાઓ થયેલ અને બીજી પત્નીથી જયકર નામે પુત્ર થયેલ. આ ત્રણેય બાળકો નાના હોવાથી તેમને સાચવવા માટે મુલજીભાઈએ ત્રીજા લગ્ન કરેલ. ત્રીજા લગ્નના પત્ની ઝવેરબા (જીવીબા) લગ્ન વખતે મુલજીભાઈથી વીસેક વરસ નાના હતા. તેમનાથી તેમને ત્રણ પુત્રો થયા જેમના નામ રાખેલ : શશીકર, નીતિકર અને લક્ષ્મીકર. આમ, ઝવેરબા (જીવીબા)એ છ પુત્રોની જવાબદારી સંભાળેલ. આ છ પુત્રોમાંથી પુષ્કરનું નાની વયમાં જ અવસાન થયેલ. પ્રભાકર ઉંમરલાયક થતાં પોતાના લગ્ન બાબત તેમના પિતાજી સાથે મતભેદ થતા તેઓએ ઘર છોડેલ અને ત્યારબાદ તેમની કોઈ જ માહિતી પરિવારને ઉપલબ્ધ થયેલ નહીં. મુલજીભાઈનો સ્વભાવ કડક હતો, પરંતુ તેમના ત્રીજા દીકરા જયકરનો સ્વભાવ તેમનાથી પણ તેજ હતો. તેઓ મિલીટરીમાં જોડાયેલ અને ત્યાંથી નિવૃત્તિ બાદ મુંબઈમાં સ્થાયી થયેલ અને બારમેડા પરિવારના ગોમતીબેન (સરોજબેન) સાથે લગ્ન કરેલ. તેઓએ મુંબઇ - વિલે પાર્લેમાં ટ્યુશન ક્લાસીસ શરૂ કરેલ. તેમનો ૧૪ ભાષાઓ ઉપર કાબુ હતો. તેમણે તેમના પિતાજીની સાથે ગણિતના પુસ્તકો લખેલા. તેમનું ૫૪ વરસની વયે જ હાર્ટ એટેકના કારણે અવસાન થયેલ. ત્યારબાદ ગોમતીબેને ટ્યુશન ક્લાસીસ લેવાનું ચાલુ રાખેલ. તેમને કોઈ બાળકો ન હતા. ગોમતીબેનનું અવસાન ૮૪ વરસની પાકટ વયે થયેલ. બંનેનો સ્વભાવ ખૂબ જ માયાળુ હતો અને તેમનું પરિવારમાં ખૂબ જ માન હતું. અહીં આપણા સમાજના તાણાવાણાની વાત કરીએ તો ગોમતીબેન આ લખનારના માતુશ્રીના મામાની દીકરી બહેન થતા હતા.

આપણે ઉપર જોયું તે મુજબ મુલજીભાઈએ તેમના ઝવેરબેનથી થયેલ ત્રણ પુત્રોના નામ શશીકર, નીતિનકર અને લક્ષ્મીકર રાખેલ. પરંતુ મોટા થતાં તેઓએ તેમના નામ પાછળ આવતું 'કર' ગમતું ન હોવાથી નામમાં ફેરફાર કરેલ. આ માહિતી આપનાર રૂમાબેનના પિતાજીએ પોતાનું નામ શશીકાંત કરેલ, જ્યારે બીજા ભાઈએ માત્ર નીતિન અને ત્રીજાએ અનિલ પરંતુ તેઓના સર્ટીફિકેટમાં નામમાં કોઈ જ ફેરફાર કરેલ નહીં. આ લખનારને સુરત જવાનું થતું ત્યારે અચૂક વાઘેશ્વરી પોળમાં સોનીની શેરીમાં આવેલ શશીકાંતભાઈના ઘરની મુલાકાત લેવાનું થતું કારણકે શશીકાંતજીના લગ્ન બાંડિયાવાળા કુટુંબના હંસાબેન (ગીતાબેન) સાથે થયેલ અને સંબંધમાં હંસાબેન આ લખનારના ફઇબાના દીકરી બેન થતા. ત્યારે ઝવેરબા પણ હયાત હતા અને તેઓ એ સમયે મરજાદી - મર્યાદામાં રહેવાવાળા અને ધર્મનું ચુસ્ત પાલન કરવાવાળા – હતા અને ખૂબ જ ઓછું બોલતા. તેવી જ રીતે શશીકાંતભાઈનો સ્વભાવ પણ શાંત અને ઓછા બોલવાનો હતો. તેઓ ઈન્કમટેક્ષ ઓફિસર હતા. અત્યારે તેમના એક દીકરા વિજયભાઇ પણ ઈન્કમટેક્ષમાં છે જ્યારે બીજા પુત્ર

કેતનનો બિઝનેસ એમ્બ્રોઇડરી મશીનોથી જોબવર્ક કરવાનો છે અને તે કાપડ ઉદ્યોગ સાથે સંલગ્ન છે. તેમની દીકરી રૂમાએ દાદાનો ચીલો રાખતા ગુજરાતના ખ્યાતનામ લેખક ગુણવંત શાહના ગાઇડન્સ હેઠળ પી.એચ.ડી. કરી ડૉક્ટરેટ મેળવેલ અને શિક્ષિકાની નોકરીથી શરૂ કરી પ્રિન્સિપાલ તરીકે નિવૃત્તિ લીધેલ.

મુલજીભાઈના પાંચમા દીકરા નીતિનભાઈએ મુંબઈ વીરમાતા જીજાબાઈ ટેકનોલોજીકલ ઇન્સ્ટિટ્યુટ (VJTI) માંથી બી.ટેક. કરેલું. તેઓ પહેલા સિન્દ્રી રૂરકેરામાં ફર્ટીલાઈઝર કંપનીમાં જોબ કરતા હતા અને લગ્ન બાદ વડોદરાની ફર્ટીલાઈઝર કંપનીમાં પ્લાન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે પોતાનું પદ પ્રાપ્ત કરેલું. એમનું પણ ૪૮ વર્ષની નાની વયે મૃત્યુ થયેલું. એમની બે દીકરીઓ મિલાની અને રૂપાલી – બંને પરીણિત. પરંતુ મોટી મિલાની નાની વયે કેન્સરની બીમારીથી મૃત્યુ પામી. બીજી દીકરી યુ.એસ.માં સ્થાયી છે.

સૌથી નાના દીકરા અનિલભાઈ વલ્લભવિદ્યાનગરની સાયન્સ કોલેજમાં ફિઝિક્સના પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ હતા. તેમનું ૬૯ વર્ષની વયે હાર્ટની બીમારીથી મૃત્યુ થયેલ. તેમના બંને દીકરાઓ પરાગ અને નિશિથ એન્જિનીયર છે. પરાગ અમેરિકા છે અને નિશિથ કેનેડામાં ઇનોવા પોસ્ટ નામની આઈ.ટી. કંપનીમાં ચેરમેન તરીકે જોબ કરે છે.

આમ અંજારીયા પરિવારમાં મુલજીભાઈ જેઠાભાઈ પોતે ઉચ્ચ શિક્ષણ પામેલ હોઈ તેમના સારાયે પરિવારના સભ્યોને ઉચ્ચ શિક્ષણ લેવાની પ્રેરણા મળેલ અને ત્રણ-ચાર પેઢી સુધીના બધા જ સભ્યો શિક્ષણ અને સંસ્કારને વરેલા છે. અહીં આ પરિવારની આગળની યુવા પેઢીની વાત કરીએ તો વિજયભાઈના બંને બાળકોમાં પુત્રી શ્રુતિ આઈ.ટી. એન્જિનીયર છે. તેમના લગ્ન થઇ ગયેલ છે અને મુંબઇમાં તે ક્રિસીલ નામની કંપનીમાં મેનેજરીયલ પોસ્ટ પર કાર્યરત છે. તેમના પુત્ર વિદિતના લગ્ન પણ થઈ ગયેલ છે અને તે પુણેમાં એક આઈ.ટી. કંપનીમાં મેનેજરીયલ પોસ્ટ પર છે. જ્યારે કેતનભાઈના દીકરા શૈલના લગ્ન થઈ ગયેલ છે અને તે તેના પિતાજી જોડે બિઝનેસમાં જોડાયેલ છે જ્યારે દીકરી વૈદેહીએ હ્યુમન સીંઝ (માનવ સંશાધનો) વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલ છે અને તે સુરતમાં જ એક આઈ.ટી. કંપનીમાં એચ.આર. તરીકે જોબ કરે છે. તેના પણ લગ્ન થઇ ગયેલ છે. આ માહિતી આપનાર ડૉ. રૂમાબેને લગ્ન કરેલ નથી.

■ **END PIECE :**

*Education is the passport to the future, for tomorrow belongs to those who prepare for it today.*

*"શિક્ષણ ભવિષ્યનો પાસપોર્ટ છે. આવતીકાલ તેમની છે, જે તેને માટે આજે તૈયારી કરે છે."*

## સમાજનું ગૌરવ

### M.S. Opthalmologyમાં ગોલ્ડ મેડલ મેળવતા ડૉ. દેવ હીરાલાલ સોની

**MBBS, MS (Opthalmology), D.O. – Gold Medalist**



ડૉ. દેવ હીરાલાલ સોની (બેંકર્સ કોલોની, ભુજ)એ 12th સાયન્સમાં ૯૩.૫% સાથે પાસ કરી આગળનો અભ્યાસ રાજ્યની નામાંકિત એમ.પી. શાહ મેડિકલ કોલેજ - જામનગરમાં MBBS નો અભ્યાસ પૂર્ણ કરી સેલવાસની વિનોબાભાવે ગવર્નમેન્ટ સિવિલ હોસ્પિટલમાં M.S. Opthalmology નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. જેમાં સમગ્ર રાજ્યમાં First આવતા મુંબઇ મેડિકલ કાઉન્સિલના વાઇસ પ્રેસિડેન્ટ ડૉ. ગિરીશ મેન્ડેકરના વરદ્ હસ્તે ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવેલ.



તેમણે ૪ મહિના લાયન્સ હોસ્પિટલ - ભાભરમાં સિનિયર કન્સલ્ટન્ટ તરીકે સેવા આપેલ. તે દરમિયાન ૪૦૦ જેટલા Cataract તથા Dacrocystectomy ના ઓપરેશન કરેલ તથા હાલ સેલવાસમાં વિનોબાભાવે ગવર્નમેન્ટ સિવિલ હોસ્પિટલમાં આધુનિક ફેકો પદ્ધતિથી મોતિયાના ઓપરેશનની તાલીમ સાથે સેવા બજાવી રહેલા છે.

## તેજસ્વી તારલાઓ



**ભૂમિ તરૂણભાઈ સોની – ભુજ**
**Std.-7 : 81%**



**હર્ષિલ સુનીલભાઈ સોની – ધોળકા**
**Std.-4 : 98.7%**



**રાજ કપીલભાઈ સોની – ધોળકા**
**Std.-4 : 90.0%**

# મીતા’સ કોર્નર

## “ઓમ સૂર્યાય નમઃ”

મીતા એન. સોલંકી

*હેલ્લો ફ્રેન્ડ્સ,*

ફરીથી આપને ઉપયોગી એવો વિષય લઈને આવી છું. આરોગ્યને જાળવવા માટે કુદરતે પ્રત્યક્ષ સ્વરૂપે સૂર્ય, પાણી, હવા, ખોરાક આપેલા જ છે.

ભારતમાં સૂર્યને દેવ તરીકે પૂજવામાં આવે છે. તે પ્રત્યક્ષ સ્વરૂપમાં એકમાત્ર દેવ છે. માત્ર અને માત્ર તેની યોગ્ય રીતે ઉપાસના કરવાથી શરીરમાં અદ્ભુત ફેરફાર જોવા મળે છે, એ આ લખનારનો પ્રત્યક્ષ અનુભવ છે. કરીને જુઓ મિત્રો અને પરિણામ મારી સાથે શૅર કરો.

પોઇન્ટ ઉપર આવીશ. જેથી કરીને તેના ફાયદા વિશે કોઈ અજાણ ન રહી જાય.

વિટામિન-ડી નો સ્રોત હાડકાની મજબૂતી માટે જરૂરી છે. ડોક્ટરો પણ સનબાથ લેવાની સલાહ હંમેશાં આપે જ છે.

બધા ઘરોમાં સૂર્યપ્રકાશની વ્યવસ્થા હોવી જરૂરી છે.

બોડીમાં રહેલ ચક્રો જેના ધ્યાનમાં હશે તેને એ પણ ખ્યાલમાં હશે જ કે મેઘધનુષના ૭ કલર અને ૭ ચક્રો મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુધ્ધિ ચક્ર, આજ્ઞા ચક્ર તેમજ સહસ્રાર ચક્ર – આના કલર તે પણ સૂર્યના કિરણોથી મેચ થાય છે અને તે અસર પણ એ જ રીતે કરે છે.

ત્રાટક : સૂર્ય ત્રાટક આંખ દ્વારા જતા કિરણો શરીરમાં પ્રવેશી અદ્ભુત એનર્જી આપે છે. એકિટસે પલક બંધ કર્યા વગર અમુક સેકન્ડ સુધી સતત સૂર્ય સામે નિહાળવું. સ્કીન ડિસીઝથી કરીને ઘણાબધા અદ્ભુત ફાયદા મળે છે.

ધ્યાનમાં એ રાખવાનું છે કે સૂર્યના ઉદયના સમયમાં જ તે કરવું. ૧૦ સેકન્ડથી ૧૫ સેકન્ડ સુધી અપલક જોવું. કેપેસિટી ધીમે ધીમે વધારવી. આ કરતા કરતા કપડાં પાતળા - ખુલ્લા જ પહેવાર તેમજ મોં ખુલ્લું રાખી તેમાં પણ સૂર્યના કિરણોનો પ્રવેશ કરવા દેવો.

ત્યારબાદ સરળતાથી આંખ બંધ કરી આજ્ઞાચક્રની વચ્ચે સૂર્યને બંધ આંખે મહેસૂસ કરવું. એનર્જીનો અદ્ભુત સ્રોત તમારામાં તમે મહેસુસ કરશો.

વાત નાની છે પણ કરીને જુઓ, મિત્રો. ખોરાકની જરૂરિયાત ઓછી થઈ જાય છે. ધ્યાન કરવાથી સ્ટ્રેસ ઓછો થાય છે. થાક ઓછો લાગે છે.

મલ્ટી વિટામિનની ગોળી જેવું અક્સીર કામ કરતું દેખાશે અને તે પણ કોઈ સાઇડ ઈફેક્ટ વગર.

તમે જો ઉઠીને સૂર્ય સામે સૂર્ય નમસ્કાર + ત્રાટક અને ધ્યાન કરો + પ્રાણાયામ કરો. પછી જુઓ કેવી સકારાત્મક્તા આવે છે જીવનમાં. ફક્ત એટલું ધ્યાનમાં રાખવું કે આંખનું તરતમાં ઑપરેશન ન થયેલ હોવું જોઈએ.

બસ, સંકલ્પ કરો કે વહેલા ઉઠીને ઉગતો સૂરજ જોવો છે.

તો વૅક અપ એન્ડ ગો ટેરેસ....

***વાતચીતની સાચી કળા માત્ર એ નથી કે વાત સચોટ સમય પર કહી શકીએ; પરંતુ સાચી વાત ખોટા સમયે ધરાર ન કહેવાની કળાને પણ સાચી કળા ગણવી જોઈએ.***


## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : **POOJA MANSUKHBHAI PARMAR** |
| **Birth Date** | : 27-02-1986 |
| **Birth Place** | : Keshod |
| **Birth Time** | : 11.30 p.m. |
| **Education** | : B.B.A. and P.G.D.B.A. |
| **Height** | : 5.4” |
| **Weight** | : 67 Kg. |
| **Father** | : Mansukhbhai Fulchanddas Parmar |
| **Mother** | : Rasilaben Mansukhbhai Parmar |
| **Sisters** | : Priya Kalpeshkumar Budh (Jamnagar)<br>Feny Bhargavkumar Goradiya (Sihor) |
| **Brother** | : Tejas Mansukhbhai Parmar (Married) |
| **Occupation** | : Transportation Business |
| **Address** | : “Ratilal Smruti”, Sarad Chowk, Keshod. |
| **Contact** | : Manskukhbhai Parmar # 91 99244 08178 |
| **Mosal** | : Ramniklal Vanmalidas Chhatrala – Rajkot |
| **E-mail** | : Poojakansara26@gmail.com |

# પ્રવાસ

## ૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

**પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી**



*મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાંતિલાલ લખમશી પોમલ (રાયપુર - છત્તીસગઢ)ની ઈ.સ. ૧૯૮૧ની ડાયરીમાં પ્રસ્તુત પ્રવાસ નોંધ.*

***— રૂમા કંસારા***

('જ્ઞાતિસેતુ' અંક નં.-૯૨થી ચાલુ)

ઘણી મૂર્તિઓના ભાવાર્થ શ્રી ડાહ્યાભાઈએ બહુ સારી રીતે સમજાવ્યા. કેટલીક મૂર્તિઓની ખૂબીઓ પણ તેમણે બતાવી. તે સૌ માં એક અર્ધાંગ નરનારી મૂર્તિ તારીફે કાબિલ હતી. દર્શનનું પણ મૂલ્ય ચૂકવવું પડે છે, અગર નજદીકથી દર્શન કરવા હોય તો! શ્રી ડાહ્યાભાઈનો મંદિરમાં સૌ સાથે પરિચય હતો. જેથી મંદિર સારી રીતે જોવા મળ્યું.

સરસ રીતે સૌને દર્શન કરવાનો લાભ મળ્યો. મંદિરની બહાર બજારનો લાભ લેતાં લેતાં પાછા ઉતારે પહોંચી આવ્યા. રસોઇયાએ રસોઈ તૈયાર કરી રાખી હતી. બધા ભાઈ-બહેનોનો પણ રસોઇ બનાવવામાં સહયોગ હતો. જેથી જમાડવામાં ખૂબ જ આનંદ આવ્યો. થોડીવાર આરામ કરી પાછા સામાન ગોઠવી સાંજના કોઇમ્બતુર રવાના થઈ ગયા.

શ્રી ડાહ્યાભાઈએ કોઇમ્બતુર શ્રી દેવશીભાઈને ફોનથી ત્યાં જાણ કરી દીધી. જેથી ત્યાં અમારા રહેવાની સરસ વ્યવસ્થા શ્રી રામજીભાઈ અર્જુન ટાંકના પરિવારે કરી રાખી હતી. ત્યાં પહોંચ્યા ત્યારે સૌપ્રથમ તેઓ પોતાના ઘેર લઇ ગયા. જ્યાં તેઓએ અમારા માટે મનગમતું ભોજન બનાવી રાખ્યું હતું. મનગમતું એટલા માટે કે ૧૦ દિવસ પછી આજે અમને રોટલી ખાવા મળી હતી. સાથે ખીચડી અને કઢી પણ હતી. તેઓએ અમારૂં સરસ રીતે સ્વાગત કર્યું. પ્રેમથી જમાડ્યા. રહેવાની વ્યવસ્થા બાજુમાં હતી, સિંધી સમાજના મકાનમાં. મોટો હોલ હતો. જ્યાં સૌને સરસ ઊંઘ આવી ગઈ.

સવાર થઇ એટલે સવારના સૌ સેવામાં હાજર હતા. નાહી-ધોઈ તૈયાર થઈ, ચા-પાણી પીને ત્યાંની સુંદર હોટલમાં નાસ્તો લેવા સૌ સાથે નીકળ્યા. મોંઘી અને મોટી સુંદર હોટલ તો ઘણી જોઈ, પણ સસ્તી હોટલમાં આટલી સુંદર હોટલ — કોઇમ્બતુરની "અન્નપૂર્ણા હોટલ" જોઈ. તેનું પ્રિપેરેશન પણ ખૂબ જ સારૂં હતું.

મોટરને રીપેરીંગ થતા વાર લાગી. જેથી કોઈમ્બતુરથી નીકળવામાં વિલંબ થયો. પરિણામે ઊટી સાંજે પાંચ વાગે પહોંચ્યા. આમ તો કોઈમ્બતુરથી ઊટી ૯૦ કિ.મી. છે, જેમાંના ૫૦ કિ.મી.ની ભયંકર ઘાટી આ ઊટીની છે. આવી ભયંકર ઘાટી પસાર કરવાનો, જીવનનો આ પહેલો અનુભવ હતો. આમ તો ઘાટી આનાથી પણ લાંબી છે પણ પરંતુ આવી એકદમ ઊંચી નથી. આમાં તો ડ્રાઈવર ચૂક્યો ને ગાડી પાછી હટી તો સમજી લ્યો, નીચે ખાઈમાં અને રામ રમી ગયા. અમારી બસ પણ એક જગ્યાએ લડખડાઈ. એટલે બધાના શ્વાસ ઊંચા ચડી ગયા. હૃદયમાં ફડકો પડ્યો અને સૌને શ્રી સ્વામિનારાયણ ભગવાનની યાદ આવી ગઈ. સૌ ભેગા મળીને ધૂન ગાવા લાગી ગયા અને તેમને મદદ માટે બોલાવવા લાગ્યા. એક ભજન છે : "દુ:ખમેં સુમિરન સૌ કરે, સુખ મેં કરે ન કોઈ." આમ, ભગવાનને યાદ કરતાં એ વિકરાળ ઊંચી ઘાટી ચડી ગયા ત્યારે હૃદયને નિરાંત થઈ. પછી તો બાકીના ૨૦ કિ.મી.

૭,૦૦૦ ફીટ ઊંચા પહાડ ઉપર વસેલ ઊટી એક રમણિય સ્થળ છે. થોડે દૂર ૨-૩ બીજા નાના શહેર પણ છે. રઈસ લોકો ઉનાળામાં ઠંડી હવા ખાવા અહીં આવતા હોય છે. ઉપરથી નીચે નજર નાખો તો નીચે ચારેકોર લીલીછમ ઘાટીઓ નજરે ચડે છે. ઉપર ચડો તેમ હવાનું વાતાવરણ બદલાતું જાય છે. ગરમીથી અકળામણ લાગનારને ઉપર ગરમ કપડાંની જરૂરત મહેસુસ થાય છે.

અમારામાં સમજદાર હતા તે તો ફટાફટ બસ રોકીને પોતપોતાના ગરમ કપડાં કાઢી લીધા. બાકીના બીજા ટુવાલ ઓઢીને કે હાથ સીકુડીને ઊટીની સાંજ ઊટીમાં કાંપતા કાંપતા વિતાવી. ઊટીમાં એક ગાર્ડન અને બીજું લેક સરોવર, જ્યાં બોટીંગ થાય છે — એ બે મહત્ત્વની જગ્યાઓ છે. બાકી, આમ જ્યાં જ્યાં નજર નાખો તો તમને દરેક જગ્યાએ ખુશનુમા વાતાવરણ દેખાશે. બધે રોનક જેવું લાગશે. એરકંડિશન રૂમમાં જે ઠંડક અનુભવાય એવી કુદરતી ઠંડક આખા ઊટીમાં હતી.

સર્વપ્રથમ અમે બગીચે ગયા. બહુ દૂર નથી. અંદર દાખલ થવાના ૫૦ પૈસા ટિકિટ છે. એ ટિકિટ લઈને તમે અંદર જાઓ તો તમને એમ લાગે કે ૫૦ પૈસામાં આટલું બધું સુખ! ઠંડી મસ્ત હવાવાળો, નાનો છતાં મનમોહક, એકદમ સુંદર, ઉપરથી નીચે ઢળતો આવતો બગીચો, આપણને એકદમ ગમી જાય તેવો આકર્ષક હતો. રંગબેરંગી ફૂલોથી સજેલો, ઠેર ઠેર યુગલોને



બેસવાની સુવિધાવાળો. ગમે ત્યાં બેસી જાઓ તો પણ ડાઘ ન પડે તેવો સાફસુથરો બગીચો – એ ઊટીનો બગીચો હતો. અનેક ફૂલોની ડિઝાઈનવાળો. જાણે લીલોછમ ગાલીચો બિછાવ્યો હોય તેવું મહેસુસ થાય, એવો એ હૃદયસ્પર્શી બગીચો હતો. મૂકવાનું મન ન થાય છતાં મૂકવું પડ્યું કેમકે સમય હતો નહીં અને હજુ લેક જોવાનો બાકી હતો અને તેમાં બોટીંગ કરવાની હતી. પણ એ બોટીંગ થઈ ન શકી. લેક જોવાઈ શક્યો નહીં કેમકે કોઈમ્બતુરથી અમારી સાથે ચાલનાર બે ભાઈ મને શોધવા નીકળી પડ્યા હતા અને હું અમારા હેમુભાઈ તથા પ્રભુલાલભાઈને શોધવા નીકળી પડ્યો હતો. તેઓ બંને ડ્રાઈવરને કહીને કોઈમ્બતુર ચા પીવા ગયા હતા, એ અમને ખબર નહીં. પરિણામે અમને તેમની રાહ જોવામાં ઠીક ઠીક સમય વિતી ગયો. પરિણામે રાત પડી ગી. આમ ઊટીનો જેટલો અને જેવું સુખ મળ્યું તેનો સંતોષ પામતા ત્યાંથી મૈસુર રવાના થયા. ***(ક્રમશઃ)***

## ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં મમાયમોરાની વિદ્યાર્થિનીનો

### રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંક





ખબરપત્રી 'વી હેલ્પ'ના સહયોગ દ્વારા યોજાયેલ ઓનલાઈન ચિત્ર સ્પર્ધા - ગુજરાતની સંસ્કૃતિ વિષય પર ચિત્ર દોરી **સોની આર્મી જગદીશભાઈ (ગામ મમાયમોરા, તા. માંડવી)**એ સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવીને કચ્છનું નામ રોશન કરેલ છે. અમદાવાદમાં યોજાયેલા સત્કાર સમારંભમાં તેઓને સન્માનપત્ર તથા આકર્ષક ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા.

## અંગદાન – અવયવ દાન – જીવંત દાન

**(અનુસંધાન : પાના નં. – ૨૩ ઉપરથી ચાલુ)**

મળે છે. મૃત્યુ પછી કોઈપણ વ્યક્તિના શરીરમાં આપણું અંગ ધબકતું રહે તેમજ દર્દીને નવજીવન મળે, તેના હૃદયની દુઆઓ મળે અને તેના પરિવારની ખુશાલી પરત આવે તેવા આ પ્રયાસને સફળ બનાવવા માટે દરેક નાગરિકને વિનંતી છે.

- **જીવંત દાન શું છે?**

જીવંત દાન ત્યારે થાય છે જ્યારે જીવંત વ્યક્તિ અન્ય વ્યક્તિને ટ્રાન્સપ્લાન્ટેશન માટે અંગ (અથવા અંગનો ભાગ) દાન કરે છે. જીવંત દાતા પરિવારના સભ્ય હોઈ શકે છે. જેમ કે માતા-પિતા, બાળક, ભાઈ અથવા બહેન (જીવંત સંબંધિત દાન).

જીવંત દાન એવી વ્યક્તિ પાસેથી પણ આવી શકે છે જે પ્રાપ્તકર્તા સાથે ભાવનાત્મક રીતે સંબંધિત હોય. જેમ કે સારા મિત્ર, જીવનસાથી અથવા સાસુ (જીવંત અસંબંધિત દાન), સફળ ટ્રાન્સપ્લાન્ટની ખાતરી કરવા માટે દાતા અને પ્રાપ્તકર્તા વચ્ચે આનુવંશિક જોડાણની જરૂર નથી. કેટલાક કિસ્સાઓમાં જીવંત દાન અજાણી વ્યક્તિ તરફથી પણ હોઈ શકે છે. જેને અનામી અથવા બિન-નિર્દેશિત દાન કહેવામાં આવે છે. પરંતુ અહીં આ મંજૂર કરવા માટે સંપૂર્ણ સરકારી કાનૂની પ્રક્રિયા છે.

- **જીવંત દાતાઓ પાસેથી કયા અંગો આવી શકે છે?**

જીવંત દાતા દ્વારા સામાન્ય રીતે આપવામાં આવતું અંગ એ કિડની છે. લીવર અને સ્વાદુપિંડ સહિતના અન્ય અંગોના ભાગો હવે જીવંત દાતાઓ પાસેથી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યા છે.

## મહિલા વિશ્વ

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*આપણી જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' ની બહેનો માટેની "સ્વયંસિધ્ધ મહિલા શક્તિ' કોલમમાં આજે આપણે એક નવું પાણીદાર મોતી પરોવીએ છીએ. તો ચાલો, મળીએ હસ્મિતાબેનને જેણે નાના પાયાથી અને જુદા જુદા કામથી શરૂઆત કરી આજે એમનું કામ વિસ્તાર્યું છે અને એક એવા મુકામ પર આવ્યા છે કે લાઈફ સેટલ છે, મનને સંતોષ છે અને પોતાની માતા પાસેથી ક્રોશિયાનું હેન્ડવર્ક પર્સ બનાવવાનું શીખ્યા અને નોકરી પણ કરી. પરંતુ ઘર અને નોકરી બંને મેનેજ કરવું અઘરૂં પડતું હતું. બાળકનો ઉછેર યોગ્ય રીતે કરવો હતો એટલે ઘેર બેસીને કામ શરૂ કર્યું અને આજે એમને એમના કામથી સંપૂર્ણ સંતોષ છે. બીજાને પણ રોજીરોટી આપે છે. આપણે એમની હિંમત અને આવડતને બિરદાવીએ અને એમની આ સંઘર્ષ કથા એમના શબ્દોમાં વાંચીએ.*

## હસ્મિતાબેન ઝવેરીલાલ બુધ્ધભટ્ટી

**પ્રશ્ન :** *જયશ્રીકૃષ્ણ. કેમ છો? તમને ખ્યાલ છે કે આ ઈન્ટરવ્યુ હું શા માટે લઈ રહી છું?*

**જવાબ :** આ ઈન્ટરવ્યુ આપણી જ્ઞાતિની બહેનો, કે જે આપબળે આગળ વધી છે અને ઘરકામની સાથે નાના-મોટા કામ કરીને પોતાના કુટુંબને મદદરૂપ થઈ રહી છે તથા સમાજને પણ મદદરૂપ થઈ રહી છે, એવી બહેનોની પ્રવૃત્તિની સમાજ સમક્ષ ઉજાગર કરવા તથા તેમને પ્રોત્સાહન આપવા માટે.

**પ્રશ્ન :** *તમારો બાયોડેટા જણાવશો? તમારૂં શિક્ષણ, માતા-પિતા, પરિવાર વગેરે?*

**જવાબ :** મારૂં નામ હસ્મિતા છે. મારા પિતાનું નામ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી તથા માતાનું નામ નલીનીબેન છે. અમે ત્રણ ભાઈ-બહેન છીએ. તેમાં હું સૌથી મોટી. મારો જન્મ ભુજમાં થયો છે. મેં બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે. મારા લગ્ન આંતરજ્ઞાતિય છે. મારા પતિ બ્રહ્મક્ષત્રિય છે. મારે એક દીકરો છે તથા પરિવારમાં સાસુ-સસરા તથા બે જેઠ-જેઠાણી અને તેમના ૩ દીકરા-દીકરી છે.

**પ્રશ્ન :** *બી.કોમ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી કોઈ ઉદ્દેશ બાંધ્યો હતો કે આવી રીતે આગળ વધવું છે?*

**જવાબ :** ના. ત્યારે તો એવું કાંઈ નક્કી નહોતું કર્યું. બી.કોમ. બાદ એમ.કોમ. અથવા ફેશન ડિઝાઈનિંગનો કોર્સ




કરવાની ઈચ્છા હતી. પરંતુ આ બંને કોર્સ તે વખતે સ્થાનિકે કરી શકાય તેમ ન હોવાથી માંડી વાળ્યું. બી.કોમ.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી મારે કાંઈક કરવું છે તેવી ઈચ્છા મેં મારા પપ્પાને જણાવી. તો તેમણે મને મોતીકામ કરવાની પ્રેરણા આપી. તેથી પપ્પાના

તથા પરિવારના સાથ-સહકાર અને પ્રેરણાથી મેં મોતીકામનો વ્યવસાય શરૂ કર્યો. મારી કારકિર્દીની શરૂઆત મોતીના દાગીના બનાવવાથી કરી.

**પ્રશ્ન :** ***ત્યારે તમને કેવું ફીલ થતું હતું? તમે યોગ્ય દિશા પકડી છે કે કરવા ખાતર કરો છો કે પપ્પાને સપોર્ટ કરવા કરો છો?***

**જવાબ :** મારે આગળ શું કરવું એ નક્કી ન હતું પરંતુ પપ્પાનું સજેશન મને ગમ્યું. આર્ટ મારો શોખ છે. તેથી મને પણ મોતીકામ કરવું ગમતું હતું. પપ્પાની સાથે રહી આ કામ શરૂ કર્યું. તેથી પપ્પાનો સાથ-સહકાર મળ્યો અને મને કામની દિશા મળી. હું લોકોના સંપર્કમાં આવતી ગઈ તેમજ કામનો અનુભવ મેળવતી ગઈ. વ્યવસાયમાં પ્રથમ પગથિયું ચડવાની શરૂઆત કરી. ચાર વર્ષ સુધી આ વ્યવસાય ચાલુ રાખ્યો. પછી ભૂકંપ આવ્યો. તેથી થોડા સમય માટે કામ સ્ટોપ થઇ ગયું. ભૂકંપ પછી છ મહિના માટે અમે નખત્રાણા રહેતા હતા. પછી ભુજ રહેવા આવ્યા અને ફરીથી આ કામ શરૂ કર્યું. પરંતુ ભૂકંપની પરિસ્થિતિના કારણે કામ ખૂબ જ ઓછું થઈ ગયું હતું. આર્થિક જરૂરિયાતના કારણે ત્યારે જોબ શરૂ કરી. બે વર્ષની જોબ પૂરી થતા ઘેર હતી. ત્યારે નવરી ન બેસી રહેતા અને નવી જોબ ન મળે ત્યાં સુધી આઇસ્ક્રિમ, કુલ્ફી, ચોકલેટ, થીકશેક વગેરેના ક્લાસીસ શરૂ કર્યા હતા.

**પ્રશ્ન :** ***તમારી પાસે કેટલા સ્ટુડન્ટ્સ આવતા હતા?***

**જવાબ :** બેચમાં ૧૫થી ૨૦ સ્ટુડન્ટ્સ આવતા હતા.

**પ્રશ્ન :** ***આ ક્લાસીસમાં તમને કોઈ મુશ્કેલી પડી?***

**જવાબ :** હા, હું જ્યારે ક્લાસીસ કરાવતી ત્યારે મારી પાસે સીંગલ ડોરનો ફ્રિજ હતો. તેથી ઘણીવાર આઈસ્ક્રીમ કે કુલ્ફી જમાવવા માટે મૂકી હોય તો તેમાં બરફ થઈ જતી. જેથી ટેસ્ટમાં ફરક આવી જાય. તે સમયે ફ્રેશ ક્રીમ મળતા નહીં. તેથી આઈસ્ક્રીમની પ્રોસેસ બહુ લાંબી થતી. દૂધ ઉકાળવું, ઠંડું કરવું, ૨થી ૩ વખત મિક્ષ્ચરમાં ચર્ન કરવું. તેથી તેમાં સમય ઘણો જતો. ઘણી વખત ક્લાસીસના દિવસે જ લાઇટ ના હોય. તેથી આઈસ્ક્રીમ કે કુલ્ફી બરાબર સેટ ના થયા હોય – વગેરે મુશ્કેલી પડતી.

**પ્રશ્ન :** ***તમે ક્લાસીસ કરાવતા, તેમાંથી જે ઈન્કમ થતી તેનાથી તમને સંતોષ હતો?***

**જવાબ :** જોબની કમ્પેરીઝનમાં ક્લાસીસની ઈન્કમ થોડી ઓછી થતી. પરંતુ સમય, હું મારી અનુકૂળતાએ એડજસ્ટ કરી શકતી. મારા ક્લાસીસ ૧ અઠવાડિયામાં બે દિવસ હોય અને ત્યારે આસપાસ બીજા કોઈ ક્લાસીસ ન હોવાથી સારી એવી સંખ્યા મળી રહેતી. ક્લાસીસની સાથે સાથે મોતીકામ તો ચાલુ જ હતું.

**પ્રશ્ન :** ***તમે ક્લાસીસ શા માટે બંધ કર્યા? કોઈ ફરજ પડી કે તમે બીજું કંઈ કામ કરવા માંગતા હતા?***

**જવાબ :** એક જોબ પૂરી થઈ અને બીજી જોબ મળી તે વચ્ચેના સમયમાં આ ક્લાસીસ શરૂ કર્યા હતા. તેથી બીજી જોબ મળી જતાં ક્લાસીસ બંધ કર્યા.

**પ્રશ્ન :** ***તમે શેમાં જોબ કરી?***

**જવાબ :** મેં શ્રુજન, અભિયાન, સેવા, એરિડ કોમ્યુનિટી વગેરે એન.જી.ઓ.માં એકાઉન્ટન્ટ તરીકે જોબ કરી તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રાઈવેટ ફર્મ ડી.એલ. વેગડ એન્ડ કું.માં પણ એકાઉન્ટન્ટ તરીકે જોબ કરી છે.

**પ્રશ્ન :** ***તમને જોબ છોડવી પડી કે બીજા કોઈ કામ માટે છોડી?***

**જવાબ :** ૨૦૦૭માં મારા મેરેજ થયા અને મેરેજ પછી માંડવી સેટ થતા જોબ છોડી.

**પ્રશ્ન :** ***તમે મેરેજના કેટલા સમય બાદ ફરી બીજું કામ શરૂ કર્યું?***

**જવાબ :** મેરેજના ચાર વર્ષ પછી ફરી બીજું કામ શરૂ કર્યું. તે વખતે મારો દીકરો માત્ર ૩ વર્ષનો હતો. તેથી મારા સુટેબલ ટાઈમ મુજબ કરી શકાય તેવી જોબ નગર પાલિકામાં મળી. ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે મેં બાર મહિના જોબ કરી. ત્યારબાદ તાલુકા પંચાયતમાં મનરેગા શાખામાં એકાઉન્ટન્ટ તરીકે બે વર્ષ જોબ કરી. આ જોબ કરાર આધારીત હતી. દીકરો નાનો હતો. તેથી ઘરની, દીકરાની, જોબની બધી જ જવાબદારીનું તાલમેલ ન થતાં જોબ છોડવાનો નિર્ણય કર્યો. આ બધી જવાબદારી નિભાવવા જતા હું મારા દીકરા માટે સમય નહોતી આપી શકતી. આ ઉંમરે બાળકોને માતાની હુંફ, પ્રેમ, લાગણી તથા કાળજીની વિશેષ જરૂર હોય છે તેમ વિચારી જોબ છોડી, ઘરે જ કોઈ પ્રવૃત્તિ કરવી તેવું નક્કી કર્યું.

**પ્રશ્ન :** ***જોબ છોડ્યા પછી તમે કઈ પ્રવૃત્તિ શરૂ કરી?***

**જવાબ :** જોબ છોડ્યા પછી ઘરે રહીને સિલાઈ કામ શરૂ કર્યું. મારી પાસે રહેલા વેસ્ટ મટીરીયલમાંથી પર્સ, બેગ, સ્કુલબેગ વગેરે વસ્તુ પોતાના માટે જ બનાવી. કોઈ પણ જાતની તાલીમ લીધા વગર માત્ર ને માત્ર પોતાની કોઠાસુઝથી આ બધું બનાવવાની શરૂઆત કરી. મારી આ વસ્તુઓ લોકોને પસંદ પડી. ફિનીશીંગ પણ ગમ્યું. તેથી મારી એક મિત્રના પ્રોત્સાહન અને પ્રેરણાથી બહારના ઓર્ડર લઇ પર્સ વગેરે બનાવવાની શરૂઆત કરી. વેસ્ટ જીન્સમાંથી કે મટીરીયલમાંથી વિવિધ પ્રકારની પર્સ, ક્લચ, બેગ, ટ્રાવેલિંગ બેગ વગેરે વસ્તુઓ લોકોની જરૂરિયાત મુજબ સીવવા માટેના ઓર્ડર મળવા લાગ્યા. આ બધામાં મને સોશિયલ મીડિયાનો પણ ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારી બેગ્સના ફોટો ફેસબુક અને વોટ્સએપમાં અપલોડ કર્યા. જેનાથી મને ગુજરાત ઉપરાંત બહારથી પણ ઓર્ડર મળવા લાગ્યા. લોકો કુરિયરથી પોતાના વેસ્ટ મટીરીયલ કે જીન્સ મોકલતા અને તેમની જરૂરિયાત મુજબની પર્સ, બેગ વગેરે બનાવી તેમને પરત કુરિયરથી મોકલતી. આ રીતે મને કામ મળતું થયું. પર્સ સીલાઈની સાથે સાથે ક્રોશિયો વર્ક પણ શરૂ કર્યું.

***પ્રશ્ન : ક્રોશિયોનું મૂળ કામ તમે કોની પાસેથી શીખ્યા?***

**જવાબ :** ક્રોશિયોનું કામ હું મારા મમ્મી પાસેથી શીખી છું. મારા મમ્મીને પણ ક્રોશિયોનો શોખ હતો અને નવરાશના સમયમાં મમ્મી ક્રોશિયો કામ કરતી. તેને જોઇને મને પણ શીખવાની ઇચ્છા થઇ. લગભગ ચોથા કે પાંચમા ધોરણના વેકેશનમાં મારી મમ્મી પાસેથી ક્રોશિયો કામ શીખ્યું. કહેવત છે ને કે, 'મોરના ઇંડાને ચીતરવા ન પડે.' તેમ હું પણ ખૂબ ઝડપથી ક્રોશિયો શીખી ગઈ. થોડી વધુ તાલીમ સ્કૂલમાંથી પણ મળી. પરંતુ ત્યારે ભણવાનું ચાલુ હતું અને ત્યારપછી મોતીકામનો વ્યવસાય શરૂ કર્યો. તેથી મારા શોખ માટે વધુ સમય ન આપી શકી. પરંતુ મેરેજ પછી જોબ છોડ્યા પછી મારા શોખને ફરી જાગૃત કર્યો અને તેને વ્યવસાયમાં બદલવાનો નિર્ણય કર્યો. ઘણા લાંબા સમય પછી ફરી ક્રોશિયો વર્ક શરૂ કર્યું.

***પ્રશ્ન : તમે ઘરે કઈ રીતે સ્ટાર્ટ કર્યું? આટલા લાંબા સમય પછી ક્રોશિયો શરૂ કર્યો, તો શું તમને પહેલાનું બધું ફરીથી રીમાઈન્ડ કરવું પડ્યું? કેટલી મહેનત કરવી પડી?***

**જવાબ :** હા, થોડી મુશ્કેલી તો પડી. ઘણા લાંબા સમય બાદ ફરી ક્રોશિયો વર્ક શરૂ કર્યો. તેથી શરૂઆતમાં થોડી તકલીફ પડી. ત્યાં મને માર્ગદર્શન આપવાવાળું કોઈ ન હતું. તેથી થોડી મારી કોઠાસુઝ અને થોડું ઓનલાઈનની મદદથી ફરી શીખ્યું અને શરૂઆત કરી.

***પ્રશ્ન : તમે બેગ, પર્સ વગેરે બનાવતા; તેનું મટીરીયલ તમને ક્યાંથી મળતું?***

**જવાબ :** શરૂઆતમાં મેં જ્યારે મારા માટે પર્સ, બેગ વગેરે બનાવી, ત્યારે તો લોકલ માર્કેટમાં જે પણ મટીરીયલ મળતું તેનાથી જ બનાવી. કેમકે આપણા કચ્છમાં આવું કોઇ સ્પેશિયલ માર્કેટ નથી. તેથી અહીંની માર્કેટમાં જે મટીરીયલ મળે તેનાથી જ શરૂઆત કરી. ત્યારબાદ અમદાવાદ, મુંબઈ વગેરે જગ્યાએથી માલ ખરીદવાની શરૂઆત કરી. પર્સની, બેગની બધી એસેસરીઝ મુંબઈથી જ મળે. તેથી મારો બધો જ માલ મુંબઈથી મંગાવવો પડે છે.

***પ્રશ્ન : તમે પર્સ - બેગની શરૂઆત કરી ત્યારે તેનું સેલીંગ સરળતાથી થતું હતું?***

**જવાબ :** શરૂઆતમાં થોડી તકલીફ પડી. પરંતુ કામની ફિનીશીંગ તથા બજાર જેવો જ લુક જોતા, લોકોને પસંદ પડી. તેથી ઝડપથી કામ મળવા લાગ્યું અને એક્ઝીબિશનમાં પણ સારૂં સેલ થવા લાગ્યું. મારૂં કામ મોસ્ટ ઓફ તો ઓર્ડર પર જ વધુ હોય છે. સારી ફિનીશીંગ અને લુકના કારણે બહુ સારા પ્રમાણમાં ઓર્ડર મળવા લાગ્યા.

***પ્રશ્ન : તમે મોટી મોટી બેગ બનાવો છો, તો તેમાં મશીન પણ અલગ જોઈએ ને?***

**જવાબ :** હા. પ્રોફેશનલ લુક આપવા માટે મશીન પણ એવા જોઈએ. શરૂઆતમાં જ્યારે મારા માટે બનાવતી ત્યારે તો મારા રેગ્યુલર મશીનમાં જ બનાવતી હતી. ત્યારે પર્સને સ્ટીફ બનાવવા માટે માત્ર કેનવાસ જ યુઝ કરતી હતી, જે રેગ્યુલર મશીનમાં ચાલી જાય. પરંતુ રેડીમેડ લુક આપવા માટે ફાઈબર શીટ, ફોમ શીટ વગેરે યુઝ કરવી પડે. જે રેગ્યુલર મશીનમાં ન ચાલે. તેથી શરૂઆતમાં રેગ્યુલર મશીન યુઝ કર્યા બાદ મેં મોટું ઈન્ડસ્ટ્રીયલ મશીન ખરીદ્યું. જેથી ફિનીશીંગ પ્રોપર આપી શકાય અને રેડીમેડ લુક આવે.

***પ્રશ્ન : તમે ક્રોશિયો વર્ક ફરીથી સ્ટાર્ટ કર્યું તો તમને કોઈનો સાથ મળ્યો? તમને શું બનાવવામાં વધુ આનંદ***

*આવે છે?*

**જવાબ :** હું માંડવી રહેતી હતી. ત્યાં ક્રોશિયો શીખવા માટે મને કોઈનો સપોર્ટ નથી મલ્યો. ફરીથી નવું સ્ટાર્ટ મેં મારી જાતે જ કર્યું. જેમ જેમ બનાવતી ગઈ તેમ તેમ કામનો અનુભવ મળતો ગયો. કામની ચોક્સાઇ અને ફિનીશીંગ સારી થતી ગઈ. આજે મારૂં ક્રોશિયોનું કામ લોકોને બહુ જ ગમે છે. મને ઓર્ડર, મારા કામની ચોક્સાઇ અને ફિનીશીંગના કારણે જ વધુ મળે છે. મારા કામની ફિનીશીંગના કારણે આજે મને માત્ર ભુજ, કચ્છ કે ગુજરાત જ નહીં પરંતુ ગુજરાત બહારથી પણ બહુ સારા ઓર્ડર મળે છે. હાલમાં મારા ક્રોશિયો કામ માટે મારી સાથે ૭ બહેનો જોબ કરે છે.

ક્રોશિયો ઉપરાંત ક્રોશિયોની પર્સનું લાઇનિંગ (અંદરનું અસ્તર) પણ હું જાતે જ કરૂં છું. જે કામ પહેલા મારે મુંબઈ કરાવવું પડતું હતું. આ કામ માટે પણ મને ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ, ચેન્નાઇ, બેંગ્લોર, ચંદીગઢ તથા સમગ્ર ભારતમાંથી આવે છે. જેમને ક્રોશિયો કામ આવડે છે, તે લોકો ક્રોશિયોની પર્સ જાતે જ બનાવીને અંદરના લાઇનિંગ કામ માટે મને મોકલે છે. આ લાઈનિંગનું કામ પણ મને ખૂબ જ મળે છે.

આમ તો ક્રોશિયોની બધી જ વસ્તુ બનાવવી મને ગમે છે કેમકે તેમાં હું મારી ક્રિએટીવિટી કરી શકું છું. ક્રોશિયોમાં પર્સ, બેગપેક, મોબાઈલ કવર, માસ્ક, રૂમાલ, હોમ ડેકોર, બ્લાઉઝ, સાડીની બોર્ડર, ફ્રોક, કુર્તી, ચપ્પલ, હેર એસેસરીઝ વગેરે જેવી અનેક વસ્તુ બનાવું છું અને આ બધું જ કરવું મને ગમે છે. આ ઉપરાંત બેગ, પર્સ વગેરે સીલાઈ કામ પણ ગમે છે. મારો શોખ, મારી કલા આજે મારી ઓળખ બની ગઈ છે.

**પ્રશ્ન :** ***તમે માંડવીથી પાછા ભુજ શીફ્ટ થયા. તો શા માટે ફરી ભુજ શીફ્ટ થવું પડ્યું?***

**જવાબ :** હું મારા પરિવાર સાથે માંડવીથી દોઢ વર્ષ પહેલાં ફરી ભુજ શીફ્ટ થઈ છું કેમકે માંડવીનું ભેજવાળું વાતાવરણ મને માફક આવતું નહોતું. ત્યાં મારી તબિયત સતત નરમ રહેતી. બીજું, કે છોકરાના ભણતર તથા તેના કેરીયર માટે મારૂં કામ પણ માંડવી કરતા ભુજમાં વધારે હતું. આ બધા કારણોસર મારે માંડવીથી ફરી ભુજ શીફ્ટ થવું પડ્યું.

**પ્રશ્ન :** ***અત્યારે તમારૂં કયું કામ ચાલુ છે?***

**જવાબ :** અત્યારે મારૂં ક્રોશિયોનું કામ ચાલુ છે. જે હું ઓર્ડર ઉપર કસ્ટમાઇઝ વસ્તુ બનાવું છું તથા રેડી પણ રાખું છું. ક્રોશિયો ઉપરાંત પર્સ, બેગ વગેરેનું લાઇનિંગનું કામ પણ ચાલુ છે તથા મટીરીયલની પર્સ વગેરે પણ બનાવું છું.

**પ્રશ્ન :** ***ધારો કે તમે કોઈ એક બેગ બનાવો છો, તેમાં એકસરખા ઘણા બધા પીસ બનાવો છો કે બધા અલગ અલગના ઓર્ડર મળે છે?***

**જવાબ :** સેલ કરવા માટે તો બધી જ પર્સ અલગ અલગ ડિઝાઈનમાં હોય છે. જો કોઈનો એકસરખી ઘણીબધી પર્સ માટેનો ઓર્ડર હોય તો તેવી પણ બનાવું છું. બાકી મોસ્ટ ઓફ બધી ડિફરન્ટ પર્સ જ હોય છે.

**પ્રશ્ન :** ***તમારી પાસે આવતા કસ્ટમર સમથીંગ ડિફરન્ટ માંગે છે કે રેડી હોય તેમાંથી જ ચુઝ કરે છે?***

**જવાબ :** જેમને અરજન્ટ જોઈતી હોય અથવા રેડી હોય તેમાંથી પસંદ હોય અથવા બહારથી આવેલા કસ્ટમર છે એ રેડીમાંથી જ પસંદ કરી લે છે. બાકી જો કોઈને રેડી પર્સમાંથી કલર, ડિઝાઈન ચેન્જ કરવા હોય અને અરજન્ટ ન હોય, તે લોકો ઓર્ડરથી કરાવે છે. કસ્ટમાઇઝ કે ડિફરન્ટ વસ્તુ જોઈએ તો ઓર્ડરથી કરાવે છે. બાકી આજે બધાને ડિફરન્ટ વસ્તુ જ વધુ જોઈએ છે. કલર ચોઇસ, સાઇઝ, શેપ વગેરેની ડિમાન્ડ બધાની અલગ અલગ હોય છે. તેથી ડિફરન્ટની માંગ વધુ હોય છે. હેન્ડ વર્ક હોવાના કારણે વસ્તુ રેડી થતાં સમય લાગે છે.

**પ્રશ્ન :** ***અત્યારે તમે તમારી વસ્તુના સેલ માટે શું વ્યવસ્થા કરી છે?***

**જવાબ :** અત્યારે ભુજમાં વોકળા ફળીયા, ગરબી ચોક પાસે "નિઓન બર્ડ આર્ટ સ્ટુડિયો" નામથી મારી શોપ છે. શોપ પર રેડી પ્રોડક્ટ તથા ક્રોશિયોના દરેક પ્રકારના દોરા જેમ કે કોટન દોરા, જરી દોરા, ઉન, એક્રેલીક થ્રેડ વગેરે દોરા વિવિધ વસ્તુ બનાવવા માટેના તથા દરેક પ્રકારના સોયા પણ મળે છે.

શોપ ઉપરાંત ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ વગેરે પર મારા પેજ છે. જેના દ્વારા ઓનલાઇન સેલીંગ પણ થાય છે અને ઓર્ડર મળે છે.

**પ્રશ્ન : *તમને તમારી પ્રોડક્ટમાંથી તમે ઈચ્છો છો તેટલું સેલીંગ અને પ્રોફીટ થાય છે? તમને તેનાથી સંતોષ છે?***

**જવાબ :** હેન્ડવર્ક છે. તેથી તેની કોસ્ટ વધુ થાય છે. તેથી બધાને તે પરવડતી નથી. ઓછી કિંમત રાખીએ તો જોઈએ તેવું કમાઈ શકતા નથી. માટે જોઈએ તેટલું વળતર લોકલ માર્કેટમાં મળતું નથી. જે લોકો હેન્ડવર્કની કિંમત સમજે છે તે લોકો કિંમત બાબતે ક્યારે પણ ભાવતાલ કરતા નથી. જે લોકોને હેન્ડવર્કની કિંમત જ નથી ખબર, તે લોકો બહુ જ ભાવતાલ કરે છે.

**પ્રશ્ન : *તમે તમારા કસ્ટમરને કહેતા નથી કે આની કોસ્ટ વધુ થાય, આ હેન્ડવર્ક છે?***

**જવાબ :** જે લોકો હેન્ડવર્કની વેલ્યુ સમજે છે તે લોકો પૂરો ભાવ આપીને પણ ખરીદી કરે છે. મારી પાસે આજે ગુજરાત બહારના મુંબઇ, પૂના, ચેન્નાઇ, તામિલનાડુ વગેરે રાજ્યોમાંથી કસ્ટમર ખરીદી કરે છે અને પૂરા ભાવ આપે છે. જ્યારે અહીંની લોકલ માર્કેટમાં પૂરા ભાવ મળતા નથી. તેથી મારી પ્રોડક્ટનું સેલીંગ ગુજરાત બહાર વધુ પ્રમાણમાં છે.

**પ્રશ્ન : *તમે વધુ વળતર મેળવવા માટે શું પ્રયાસ કરશો?***

**જવાબ :** મારી ઈચ્છા એવી છે કે મારી પ્રોડક્ટનું માર્કેટીંગ ગુજરાત બહાર વધુને વધુ થાય તથા ઈન્ટરનેશનલ માર્કેટમાં થાય. જ્યાં મારી વસ્તુની સારી કિંમત મેળવી શકાય.

**પ્રશ્ન : *તેના માટે તમે શું પ્રયાસ કરી રહ્યા છો?***

**જવાબ :** હાલમાં મારા એવા કોઈ કોન્ટેક્ટ નથી કે મારી પ્રોડક્ટ હું ઈન્ટરનેશનલ માર્કેટમાં સેલ કરી શકું. તેના માટે સર્ચ ચાલુ છે. જો એવું કોઈ પ્લેટફોર્મ મળે તો મારે મારી પ્રોડક્ટ એક્સપોર્ટ કરવી છે.

**પ્રશ્ન : *અત્યારે તમારી દુકાન કોણ સંભાળે છે?***

**જવાબ :** અત્યારે મારી દુકાન મારા હસબન્ડ સંભાળે છે. મારી અને મારા હસબન્ડની દુકાન સાથે જ છે. તેનું ઈલેક્ટ્રીક રીપેરીંગનું કામ છે. તેથી હાલમાં મારી દુકાનનું કામ તે જ સંભાળે છે. મારે ઘેર પર્સ લાઈનિંગનું કામ વધુ હોય છે. તેથી મારે મશીનકામ કરવાનું હોય છે. તેથી સાંજના સમયે હું દુકાન પર બેસું છું. બાકી દિવસ દરમ્યાન મારા હસબન્ડ સંભાળે છે. મને મારા આ બિઝનેસમાં મારા હસબન્ડનો ખૂબ જ સપોર્ટ છે.

**પ્રશ્ન : *ભવિષ્યમાં તમે શું કરવા ઈચ્છો છો?***

**જવાબ :** ભવિષ્યમાં મને મારી પ્રોડક્ટ સેલીંગ માટે ઈન્ટરનેશનલ માર્કેટીંગનું પ્લેટફોર્મ ઊભું કરવું છે. મારી પ્રોડક્ટ એક્સપોર્ટ થાય એવી મારી ઈચ્છા છે. મારૂં સપનું છે કે મારૂં ક્રોસેટ બુટીક કરવું છે.

**પ્રશ્ન : *તમે આપણા સમાજની બહેનોને શું સંદેશો આપવા માંગો છો?***

**જવાબ :** બહેનોને એટલું જ કહીશ કે જે કંઈ નવું શીખવા મળે તો જરૂરથી શીખવું. બીજું કે આજના સમયમાં ભણતર ખૂબ જરૂરી છે. તેથી ભણીને પગભર થવું. ભણતરની સાથે ગણતર પણ જરૂરી છે. કોઈ એવી કળાનો શોખ વિકસાવવો, જે તમને આનંદ આપે. ગમે તેટલું ભણો, ગમે તેટલા મોડર્ન થઈએ પણ આપણે આપણા સંસ્કાર, સંસ્કૃતિ કે ધર્મને ભૂલવો જોઈએ નહીં. ■

## 'આંતરનાદ'

*ક્યારેક અમથું જ*
*ખૂબ દૂર સુધી જવું છે.*
*ચાલતા ચાલતા ન પહોંચાય*
*તો એક દોટ લગાવવી છે...*
*ઉંબરાને ઓળંગીને મને*
*છેક છેડાને અડકવું છે.*
*લઈ હાથમાં મૃગજળ*
*તરસ કાયમની છીપાવવી છે...*
*શાંત વાતાવરણમાં રહીને મને*
*સ્વઅસ્તિત્વને ભાળવું છે,*
*બાહ્ય ઘોંઘાટથી અળગા રહી*
*બસ આંતરનાદને સાંભળવું છે...*

**ધારા બુદ્ધભટ્ટી - નખત્રાણા**

## અભિનંદન



### ખેલ મહાકુંભમાં તાલુકામાં તૃતીય

વિશાલ રવજીભાઈ બારમેડા કે જેઓ ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં ભાગ લઈને નખત્રાણા તાલુકામાં તૃતીય નંબર મેળવેલ છે, તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

## મહિલા વિશ્વ



# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

## વર્ષા કીર્તિકુમાર બુધ્ધભટ્ટી



**પ્રશ્ન :** ***તમારા જીવન વિશે તેમજ તમારા પરિવાર વિશે માહિતી આપશો?***

**જવાબ :** મારૂં નામ વર્ષા કીર્તિકુમાર બુધ્ધભટ્ટી છે. પિતાનું નામ કીર્તિકુમાર રતિલાલ બુધ્ધભટ્ટી અને માતાનું નામ ભાવનાબેન છે. દાદા : સ્વ. રતિલાલ હરિરામ બુધ્ધભટ્ટી, દાદી : સ્વ. સરસ્વતી (બચુબેન) રતિલાલ બુધ્ધભટ્ટી. મારે કોઈ ભાઈ-બહેનો નથી.

૧૯ વર્ષની વયે મારા મેરેજ થયા હતા. મારૂં લગ્નજીવન ૧૦ વર્ષ ચાલ્યું. ત્યારબાદ અમુક એવા સંજોગોનુસાર મારા ડાયવોર્સ થયા હતા. ત્યારબાદ છેલ્લા ૭ વર્ષથી હું મારા મમ્મી-પપ્પા સાથે જ રહું છું. અમારે હાલમાં સ્ટેશનરી, ટોયઝ તેમજ સીઝનલ વસ્તુઓનો હોલસેલ બિઝનેસ છે, જે હું પોતે સંભાળું છું. મારા પપ્પા મારી સાથે જ છે. અમે હાલ કલવા (થાણે - મુંબઈ)માં રહીએ છીએ.

**પ્રશ્ન :** ***તમે તમારા બિઝનેસનું સ્ટાર્ટ અપ કેવી રીતે કર્યું?***

**જવાબ :** મારી મેરેજ લાઈફમાં મેં ૧૦ વર્ષ એકાઉન્ટ્સમાં જોબ કરી છે. મારૂં એજ્યુકેશન ગ્રેજ્યુએટ સુધીનું છે. પરંતુ ડાયવોર્સ પછી જ્યારે મમ્મી-પપ્પા સાથે રહેવા લાગી ત્યારે મારા પપ્પા ધાર્મિક પુસ્તકોનું હોલસેલ વેપાર કરતા હતા. જે તેમનો વર્ષો જુનો બિઝનેસ હતો. પરંતુ તેમની તબિયત નાદુરસ્ત રહેતી હોવાથી તેમને સપોર્ટ આપવા માટે મેં જોબ છોડી અને પપ્પાને મદદ કરવા તેમની સાથે આવી. જો કે બાળપણથી બિઝનેસ જ જોયેલું છે. અને એમ પણ મને જોબ કરતાં બિઝનેસમાં વધુ રસ હતો. માટે બિઝનેસને આગળ વધારવા માટે હંમેશાં પ્રયત્નશીલ જ હતી. ત્યારબાદ પુસ્તકો સાથે સ્ટેશનરીના બિઝનેસનું પણ સ્ટાર્ટ અપ કર્યું. જેમાં મને સૌથી વધુ રસ હતો. બસ, આજ પ્રમાણે સ્વતંત્ર બિઝનેસ કરવાની તક મળી અને એ તકનો લાભ પણ મેળવ્યો.

જીવનમાં આપણને ઘણી બધી તકો મળતી હોય છે. પરંતુ કોઈ પણ કામમાં સફળતા ત્યારે જ મળે જ્યારે એ તકનો સમયસર લાભ ઉઠાવી શકીએ. કોઈપણ તકને છોડવી નહીં.

**પ્રશ્ન :** ***તને કોની પ્રેરણાથી તમારા બિઝનેસની શરૂઆત કરી અને સ્ટેશનરીનાં બિઝનેસમાં તમને લઈ આવનાર***

*કોણ?*

***જવાબ :*** મને પહેલેથી જ બિઝનેસમાં વધારે રસ હતો. માટે તેના માટે ઘણી મહેનત પણ કરતી હતી. પરંતુ જ્યારે હું જોબ કરતી હતી ત્યારે તેની સાથે સાથે હું નાનું મોટું કામ પણ કરતી હતી જેમ કે ઓર્ડર લેવાનું, સપ્લાય કરવાનું, શાળાના પુસ્તકો - ગાઈડ જેવા પુસ્તકોનું હોલસેલ પણ કરતી હતી. એ જોઈને મારા પપ્પાને પણ એમ હતું કે બિઝનેસની ઈચ્છા હોય તો આગળ વિચાર કરવા સલાહ આપી. ત્યારબાદ થોડા સમયમાં તેમની તબિયત વધારે નાદુરસ્ત રહેતી હોવાથી તેમના પુસ્તકના બિઝનેસમાં પણ પ્રોબ્લેમ આવતા હતા. માટે તેમના બિઝનેસને મેં સંભાળવાનું ચાલુ કર્યું. અને આ રીતે આ તકનો લાભ ઉઠાવીને ૧ વર્ષ પપ્પાના બિઝનેસને સંભાળ્યો. ત્યારબાદ મને સ્ટેશનરીનો બિઝનેસ ક્યારેક તો ચાલુ કરવાનો જ હતો જ. તો એ પ્રમાણે પપ્પાના સ્ટેશનરી લાઇનના એક વ્યાપારી મિત્ર સાથે ઓળખ કરાવી અને તેના સાથ-સહકાર તેમજ તેમની સલાહ પ્રમાણે સારૂં માર્ગદર્શન પણ મળ્યું. આ પ્રમાણે મારા પપ્પાની પ્રેરણાથી મેં મારા સ્ટેશનરીના બિઝનેસની શરૂઆત કરી. શરૂઆતમાં ઘણી તકલીફ પડી કારણકે બધું એકલા હાથથી હેન્ડલ કરવાનું હતું. પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો અને માર્કેટમાં પણ લોકોનો સાથ-સહકાર મળતો ગયો અને સ્ટેશનરીમાંથી ક્રાફ્ટ, પ્રોજેક્ટ આઈટમ, ટોયઝ, બર્થ ડે ડેકોરેશનની આઈટમ તેમજ તેની સાથે સાથે સીઝનની વસ્તુઓનું પણ હોલસેલ સપ્લાય પણ ચાલુ કર્યો. આ બધું કરવામાં ઘણી વખત હું ડાઉન પણ આવી પરંતુ હું શૂન્યથી સર્જનમાં માનું છું તેમજ એક એવી પ્રેરણા, જેમાં થાકવાનો આપણને કોઈ અધિકાર નથી. એવું માનીને બસ હર એક પડાવમાં પ્રયાસો કર્યા તેમજ મહેનત પણ કરી અને જીંદગીને એક નવી દિશા આપી.

***પ્રશ્ન :*** *તમારા પપ્પા કેવા પ્રકારના પુસ્તકોનો બિઝનેસ કરતા હતા અને તમારા નવા કામનું સ્ટાર્ટ અપ કરવા તમને કયા કારણથી બુક્સનું કામ બંધ કરવું પડ્યું?*

***જવાબ :*** મારા પપ્પાનો ધાર્મિક પુસ્તકોનો બિઝનેસ હતો. જેમાં હનુમાન ચાલીસા, વૈભવલક્ષ્મી જેવા ભગવાન-માતાજીના નાનાથી લઈને મોટા ગ્રંથો હતા. જેમનો હોલસેલ સપ્લાય કરતા હતા. જ્યારથી મેં એમના બિઝનેસને સપોર્ટ આપવાની શરૂઆત કરી ત્યારથી બિઝનેસ આગળ વધારવાના ધ્યેયથી પુસ્તકોની સાથે હજી પણ કંઈક કરવું છે, તેવી ઈચ્છા સાથે નવા કામની શરૂઆત કરી. તેમજ પરિવર્તન એ સંસારનો નિયમ છે. તેજ પરીસ્થિતિને માન આપીને વેપારમાં સફળતાને ટકાવી રાખવા દરેક વખતે કોઈક નવા ચેન્જીસ કરવા પડતા હોય છે. સમયની સાથે લોકોના વિચાર તેમજ લોકોની માંગણી પણ બદલાતી જ હોય છે. જે આપણા વડીલો પહેલા પુસ્તકને સરસ્વતી માતા સમજીને તેની પૂજા કરતા હતા, તે જ આજના યુગમાં યુવાન લોકો મોબાઈલ વર્લ્ડને જ પોતાની દુનિયા માને છે. પુસ્તકો, એ લોકો માટે એક રદ્દી સિવાય બીજું કાંઈ નથી. માટે વ્યાપારી દૃષ્ટિકોણ સાથે પુસ્તકના વેપાર સાથે કંઈક નવું કરવું જરૂરી હતું જ. માટે સ્ટેશનરીના બિઝનેસની શરૂઆત કરી. જેથી માર્કેટમાં એક સફળતા સાથે આગળ વધી શકીએ અને ત્યારબાદ પુસ્તકોનું પ્રમાણ પણ ઓછું થતું ગયું.

***પ્રશ્ન :*** *હાલમાં મહામારીના સમયમાં - લોકડાઉનમાં તમે તમારા બિઝનેસને કેવી રીતે મેનેજ કર્યો?*

***જવાબ :*** હાલનો જે સમય મહામારીનો હતો, એ બધા માટે ખૂબ જ કપરો હતો. લોકોને ખૂબ જ તકલીફોનો સામનો કરવો પડ્યો છે. આવા સમયે શાળાઓ - માર્કેટ તો બધું જ બંધ હતા. તેમજ લોકો બહાર નીકળી પણ નહોતા શકતા. તેવા સમયે અમારો બિઝનેસ પણ કમ્પ્લીટ બંધ જેવો જ હતો. શરૂઆતમાં તો અમે અમારા મિત્ર વર્તુળ સાથે બહાર નીકળ્યા હતા. લોકોને સેવા આપવાના દૃષ્ટિકોણથી. ઘણા એવા વડીલો હતા જેમની દવાનું તેમજ જરૂરિયાતની વસ્તુઓનું ધ્યાન રાખનાર પણ કોઈ નહોતું. તેવા સમયે ઘણા લોકોને મદદરૂપ થતા. શાકભાજીનો ઓનલાઈન બિઝનેસ કરવાનો વિચાર આવ્યો. તેવી રીતે અમે એક કીટ બનાવીને ઓનલાઈન ઓર્ડર લઈને હોમ ડિલીવરીની શરૂઆત કરી. તે કરતા અમને હાફુસ કેરીના એક્સપોર્ટર સાથે મુલાકાત થઈ. તેમના સાથ સહકારથી અમને હાફુસ કેરીનો ઓનલાઈન ઓર્ડર કરવાની તક મળી. તેમાં લોકોનો ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો. આ પ્રમાણે અમારા મિત્ર વર્તુળની સહાયતા તેમજ લોકોના સાથ-સહકાર અને લોકોના પ્રતિસાદથી આવા કપરા સમયમાં પરિવારને નિભાવવાની એક નવી દિશા મળી અને આ જ હાફુસ કેરીનો અમારો ઓનલાઈન બિઝનેસ આજે પણ ચાલુ જ છે.

જીવનમાં ઘણા અનુભવો મળ્યા. એની સાથે આ પણ એક અનુભવ હતો જેમાં એટલું શીખવા મળ્યું કે કેટલા પણ ખરાબ સંજોગોમાં ડટી રહીને એનો સામનો કરવો. ક્યારે પણ હાર ના માનવી કારણકે કોશિશ કરવાવાળાની ક્યારે પણ હાર નથી થતી.

***પ્રશ્ન : તમે તમારા મિત્રવર્તુળ સાથે સામાજીક કાર્ય કરી રહ્યા હતા, એ હજી પણ કરી રહ્યા છો?***

**જવાબ :** અમે લોકડાઉનમાં ડોનેશન લઈને ગરીબો સુધી અનાજ, મેડિકલ હેલ્પના કાર્ય કર્યા હતા. પરંતુ હાલના સંજોગોમાં અમે કન્ટીન્યુ નથી કરી શક્યા. લોકડાઉનના સમયમાં જે સમય, આ કાર્ય માટે આપી શકતા હતા હવે એટલો સમય કાઢવો મુશ્કેલ છે. પરંતુ અમે જીવદયા તેમજ અમુક ડોનેશન ભેગું કરીને લોકોને મદદરૂપ થવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ હમણાં આવા કાર્ય માટે સમય ના આપી શકવાનો તો અફસોસ હંમેશાં રહે જ છે કારણકે આવા કાર્ય કરીને મનને જે ખુશી થાય છે તેનો આનંદ અનેરો જ છે.

આત્મા શુધ્ધિનો અને મનના ભાવ શુધ્ધ કરવાનો સૌથી સરળ માર્ગ.

***પ્રશ્ન : લોકડાઉન પછી શાળા શરૂ થવાનો સમય આવ્યો ત્યારે તમે કોઈ સેલ લગાવ્યો હતો કે કેવી રીતે મેનેજ કર્યું?***

**જવાબ :** ના. શાળાઓની કોઈપણ વસ્તુઓનું અમે સેલ નથી લગાવતા. આપણું કામ રીટેઈલ સ્ટોરના વ્યાપારી સાથે હોય છે. જેમને આપણે ડાયરેક્ટ સપ્લાય આપીએ છીએ. એમ પણ શાળાઓની Online Study ચાલુ છે. માટે હજુ પણ જોઈએ તેવો પ્રતિસાદ નથી મળ્યો પરંતુ ધીરે ધીરે કામની શરૂઆત થઈ. બીજી વસ્તુઓનું પણ સેલ મળતું રહ્યું અને કામ ચાલુ થયું.

***પ્રશ્ન : તમે સ્ટેશનરીમાં કેવા પ્રકારની વસ્તુઓનું વેચાણ કરો છો – બ્રાન્ડેડ કે લોકલ?***

**જવાબ :** સ્ટેશનરીમાં અમારી પાસે સ્કુલને લગતી સ્ટેશનરી છે તેમાં બ્રાન્ડેડ અને લોકલ – એમ બંને પ્રકારનું વેચાણ કરીએ છીએ. લોકોની માંગણી પ્રમાણે તેમજ બદલતા સમય અને આધુનિકતામાં નવી નવી ડીઝાઈન – એવી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને વેચાણ થતું હોય છે. પરંતુ બ્રાન્ડેડ વસ્તુઓની એડવરટાઇઝના હિસાબે લોકોને એ વસ્તુઓનું આકર્ષણ પણ હોય છે. તેમાં લોકલ કે સ્મોલ સ્કેલ પર બિઝનેસ કે મેન્યુફેક્ચરીંગ કરતા હોય તે લોકોને માર્કેટમાં એન્ટ્રી આપવી પણ એટલી જ જરૂરી હોય છે. આપણા દેશના વિકાસ માટે 'વોકલ ફોર લોકલ' પણ અપનાવવું એટલું જ જરૂરી છે.

વ્યાપારમાં નાના વેપારી હોય કે મોટા વેપારી – દરેક માટે એક સમાન દૃષ્ટિકોણ રાખવાની આદત આપણને કોઈપણ સંજોગોમાં અટકવા નથી આપતી તેમજ લોકોની સાથેનો સારો વ્યવહાર જ આપણી સફળતાના નવા માર્ગ શોધી આપે છે.

***પ્રશ્ન : તમે જે પણ બિઝનેસ કરો છો, તેની વિસ્તારમાં માહિતી આપશો?***

**જવાબ :** હાલમાં અમારો મલ્ટી લેવલનો બિઝનેસ છે. શરૂઆત સ્ટેશનરીથી કરી હતી પણ આજે ટોયઝ અને બર્થ-ડે ડેકોરેશનના હોલસેલનો પણ સપ્લાય છે. અમે રીટેઈલ ગ્રાહકો પાસેથી ઓર્ડર લઈને અમે તે સપ્લાય કરીએ છીએ. હમણાં બધું Single Handedly સંભાળવાનું છે. પપ્પાનો પણ તેમાં સારો સપોર્ટ છે અને માર્કેટમાં ગ્રાહકોનો સપોર્ટ છે. અને એ પ્રમાણે વ્યાપારનો વિકાસ થતો રહે છે. ટોયઝમાં અમારી પાસે લોકલ તેમજ ચાઇના – બંને વેરાયટીનાં પ્રોડક્ટ્સ છે. જે નોવેલ્ટી શોપમાં વધારે ચાલે છે તેમજ બર્થ-ડે ડેકોરેશનની વસ્તુઓ છે, જે નોવેલ્ટી તેમજ કેક શોપમાં પણ સપ્લાય થાય છે. હાલમાં આપણી પાસે કુલ ૧૫૦+ કસ્ટમરની ચેઈન છે, જે એકબીજાના સપોર્ટથી સફળતાપૂર્વક કાર્ય આગળ વધતું હોય છે તેમજ વેકેશનમાં સ્પોર્ટસની વસ્તુઓનું વેચાણ સારૂં હોય છે. જેમકે કેરમ, બેટ, બોલ, લ્યુડો જેવી અનેક રમતોનું વેચાણ હોય છે. ત્યારબાદ ગણેશ ચતુર્થીના સમયે ડેકોરેશનનો સામાન તેમજ લાઇટીંગ જેવી વસ્તુઓનું પણ ખૂબ વેચાણ હોય છે. જેમાં નકલી ફૂલો, નકલી ફૂલોની માળા જેવી અનેક નવી નવી વસ્તુઓનું આકર્ષણ હોય છે. દિવાળીમાં લાઇટીંગ હોય છે તેમજ ક્રિસમસમાં સ્કુલોમાં પ્રોજેક્ટ હોય તે પ્રમાણે ડેકોરેશનની વસ્તુઓ પણ હોય છે. જે સીઝન તેમજ લોકોની માંગણી પ્રમાણે ચાલતું રહે છે.

***પ્રશ્ન : તમને તમારા કામમાં મમ્મી-પપ્પા હેલ્પફુલ થાય છે. શી રીતે?***

**જવાબ :** હા. મને મારા મમ્મી-પપ્પાનો બહુ જ સારો સપોર્ટ છે. તેમના સપોર્ટથી તેમજ તેમના આશિર્વાદથી આજે

કામ સરળતાથી કરી શકું છું. મારા પપ્પા મને સાઈડ સપોર્ટ આપે છે. જેમકે ખરીદીમાં સપોર્ટ, એકાઉન્ટ્સના વ્યવહાર સંભાળવા જેવા અનેક કામોમાં મદદરૂપ થાય છે. તેમજ અમારો સાઈડમાં નાનો બિઝનેસ છે. જેમાં બલૂન પેકિંગનું પણ કામ હોય છે. જેમાં અમુક જરૂરિયાતમંદ લોકોને થોડો સપોર્ટ મળે છે. જેને સંભાળવા મારા મમ્મી પૂર્ણ રીતે સપોર્ટ આપે છે. તેમજ મારા જીવનના દરેક ઉતાર-ચડાવમાં બંનેનો હંમેશાંથી સપોર્ટ રહ્યો છે.

**પ્રશ્ન :** ***શું તમને તમારા કામમાં કોમ્પિટીશન નડે? તમે તેને કેવી રીતે ટૅકલ કરો છો? તેમજ તમારા બિઝનેસને આગળ વધારવા તમારો શું પ્લાન છે?***

**જવાબ :** હા, આજકાલ દરેક કામમાં કોમ્પિટીશન હોય જ છે. તે જ પ્રમાણે આ કામમાં પણ એટલી જ કોમ્પિટીશન છે. જેમાં સપ્લાયનું કામ છે, તો સર્વિસ સમયસર આપવી પડે, રેટ રીઝનેબલ રાખવો પડે, ક્વોલિટીનું ધ્યાન આપવું પડે. પણ આ બધાથી ઉપર પણ આપણો વ્યવહાર જ બોલે છે. બસ, લોકો સાથેનો સારો વ્યવહાર, સાચી નીતિ તેમજ વ્યાપાર પ્રત્યેની વફાદારી – આ જ સફળતાના શસ્ત્રો છે. જેથી સફળતાના શિખર પાર કરી શકાય છે. તેનાથી મૂલ્યવાન સમય છે. જેણે સમયનું ધ્યાન રાખ્યું, સમયે તેનું ધ્યાન રાખ્યું. બસ, આવા જ સિધ્ધાંત સાથે આપણે કોમ્પિટીશનની વચ્ચે પણ સારી રીતે આપણા બિઝનેસને આગળ વધારી શકીએ છીએ. તેમજ હાલમાં ઓનલાઈનનો જમાનો છે. તો હાલમાં અમારો સપ્લાય ફક્ત લોકલ Basisi ઉપર જ છે. તો હવે તેને મહારાષ્ટ્ર લેવલ પર સપ્લાય કરવાનો પ્લાન રાખી રહ્યા છીએ જેમાં ઓનલાઈન સેવા મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.

**પ્રશ્ન :** ***શું તમે તમારા જીવન વિશેનું વક્તવ્ય પ્રદર્શિત કરી શકશો? જેથી આ લેખ વાંચીને લોકોને પ્રેરણા મળી શકે.***

**જવાબ :** હા, જીવનમાં ઉતાર-ચઢાવ દરેકના જીવનનો હિસ્સો છે. પણ આગળ એ જ વધી રહ્યું છે જેણે હિંમત નથી હારી. મારી વાત કરૂં તો મારા જીવનમાં પણ ઘણા જ ઉતાર-ચઢાવ આવ્યા છે. દરેક ડગલે-પગલે નુકસાન પણ એટલું જ જોયું છે. પરંતુ હિંમત નથી હારી. બસ, એક જ વાતનો બહુ જ સારો અનુભવ મળ્યો છે. રડતા રહીશું તો દુનિયા મોઢું ફેરવી લેશે. કોઈ આંસુ લૂછવા નહીં આવે પણ હસતા રહીશું તો લોકોના ટોળા આપણી સાથે જ હશે. માટે આપણા દુઃખોની ચર્ચા આપણા જ મન સાથે કરીને તેમાંથી પણ રસ્તા શોધવા. જેથી ક્યારેય દુઃખ પકડી રાખવાનું આવે જ નહીં. અને હસતા હસતા જીવનના કોઈ પણ દુઃખદ પડાવ પાર કરી શકે. જીવનમાં આવેલી તકલીફો કર્મ પ્રમાણે ભોગવવાની જ છે. પછી ભલે હસતા મોઢે ભોગવો કે રોતા રોતા. પછી હસતા મોઢે ભોગવીએ તો તેનો અહેસાસ ઓછો થાય અને એ તકલીફમાંથી જલ્દીથી બહાર નીકળી શકાય. બસ, કોઈ પણ અડચણમાં અટકવા કરતા પાણીની જેમ તેનો માર્ગ શોધવો તે જ સમજદારી છે. મારા જીવનમાં પણ ઘણી વખત નીચે પડીને ફરીથી શૂન્યથી સર્જન કરવાનું ઘણી વખત આવ્યું છે. પણ એવું કરવામાં મને હિંમત મળી હોય તો ફક્ત મારા આગળ વધવાના ધ્યેયને લીધે.

છેલ્લે એટલું જ કહીશ કે વડીલોના આશિર્વાદ, તેમનો સાથ-સહકાર હંમેશાં સાથે રાખજો. તેમજ કોઈ પણ કપરા સંજોગોમાં હિંમત રાખવી અને આપણી સાચી નીતિ ક્યારેય પણ ના છોડવી. બાકી કુદરત આપણી પરીક્ષા પણ લે છે અને ચાર હાથ ફેલાવીને આપે પણ છે. બસ, પોતા પર વિશ્વાસ રાખવો અને આગળ વધતા રહેવું અને સારા કાર્યો કરતા રહેવું.

॥ જય શ્રી કૃષ્ણ ॥

## અભિનંદન

### કવિતા અને નિબંધ લેખનમાં કચ્છમાં પ્રથમ



ધારા રાજ બુધ્ધભટ્ટી (નખત્રાણા) કે જેઓ તાજેતરમાં રમતગમત વિભાગ દ્વારા યોજાયેલ કલા મહાકુંભમાં કવિતા લેખન સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ નંબર મેળવેલ છે. પ્રોત્સાહન સ્વરૂપે પ્રમાણપત્ર અને એક હજાર રૂપિયાનું રોકડ પુરસ્કાર મેળવેલ છે. ઉપરાંત નિબંધ લેખન સ્પર્ધામાં ખુલ્લા વિભાગમાં ભાગ લઈ કચ્છમાં પ્રથમ નંબર મેળવેલ છે અને પ્રોત્સાહન સ્વરૂપે પ્રમાણપત્ર અને ટ્રોફી મેળવેલ છે.

# શબ્દબાગ

## શબ્દ બાગ

**લતાબેન સોલંકી**



### આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

આવ્યું વેકેશન... આવ્યું વેકેશન... વેકેશન આવ્યું...
દેશી રમતો રમીશું, દેશી રમતો માણશું,
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

ગિલ્લી દંડો રમશું, પકડદાવ રમશું,
થપ્પો દાવ રમતા રમતા ભાઈબંધને શોધશું...
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

લંગડી, ખો ખો, સાંકળ ખોડી,
નાગોળીયાની ધૂમ મચાવશું
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

ભૂલશું નહીં લીંબુ ચમચી, યાદ રાખશું સંગીત ખુરશી...
કોથળા દોડ પણ રમશું...
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

લખોટી રમશું, પાંચીકા રમશું,
અષ્ટો પગી રમશું, સાથે કબડ્ડીનું મેદાન ગજવશું
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

ફળિયો ગજાવશું, સોસાયટી ગજાવશું
આખું ગામ ગજાવશું
આવ્યું વેકેશન... આવ્યું વેકેશન...

*– લતાબેન સોલંકી*

### બાળ ગીત

બા પેલા બાગમાં દોડી દોડી જાઉં
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં

બા પેલો હિંચકો કેવો સરસ છે
એમાં બેસવું મને ગમે છે...
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં... બા પેલા...

બા પેલી લપસણી કેવી સરસ છે
એમાં બેસવું મને ગમે છે
લપસી લપસી જાઉં જાઉં જાઉં... બા પેલા...

બા પેલો ઊંચક-નીચક કેવો સરસ છે
એમાં બેસવું મને ગમે છે
ઉંચક નીચક થાઉં થાઉં થાઉં... બા પેલા...

બા પેલો ચકડોળ કેવો સરસ છે
એમાં બેસવું મને ગમે છે
ડામા-ડોળ હું થાઉં થાઉં થાઉં... બા પેલા...

*ચંદ્રિકા દિનેશભાઈ પરમાર - માધાપર*



*બાળગીતના રચયિતા ચંદ્રિકાબેન પરમાર માધાપર મહિલા મંડળના ઉપપ્રમુખ છે. તેઓ લાયન્સ ક્લબ અને અન્ય સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે.*

### બાળ ગીત

જો ને પેલી વાદળી રીસાઈ ગઈ
એને કોણ મનાવવા જાય (૨)
જીયાંસુ કહે એને હું મનાવવા જાઉં
જીયાંસુથી વાદળી માની નહીં... જો ને પેલી...

જો ને પેલી વાદળી રીસાઈ ગઈ
એને કોણ મનાવવા જાય (૨)
હિતાર્થ કહે એને હું મનાવવા જાઉં
હિતાર્થથી વાદળી માની નહીં... જો ને પેલી...

જો ને પેલી વાદળી રીસાઈ ગઈ
એને કોણ મનાવવા જાય (૨)
સ્તુતિ કહે એને હું મનાવવા જાઉં
સ્તુતિથી વાદળી માની નહીં... જો ને પેલી...

જો ને પેલી વાદળી રીસાઈ ગઈ
એને કોણ મનાવવા જાય (૨)
મારો કાનો કહે એને હું મનાવવા જાઉં
મારા કાનાથી વાદળી માની ગઈ
મારા જીયાંસુથી વાદળી માની ગઈ
મારા હિતાર્થથી વાદળી માની ગઈ
મારી સ્તુતિથી વાદળી માની ગઈ

જોરદાર વરસાદ આવી ગયો
છોકરાઓ રાજી રાજી થઈ ગયા
જો ને પેલી વાદળી માની ગઈ

*ચંદ્રિકા દિનેશભાઈ પરમાર - માધાપર*

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum
Pure for Sure

**PRADEEP AGENCIES**
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

---

સોની નરેશ દામજીભાઈ

**પાર્થ જ્વેલર્સ**



સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ) ૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

---

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

**Macken Jeweller's**
**Macken Gift**
**Vipul Wooden Art.**
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur

---



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

**M/s. Soni Ramniklal Nanalal**
*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

**M/s. Mahalaxmi Jewellers**
*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

---

**V P Jewellers**

**વી.પી.જ્વેલર્સ**
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

---

*Er. Ghanshyam Soni*
B. E. Civil
M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in

*Let's Live Better...*
**HI-RISE**
CONSULTANT

- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer



Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

---



Ishwarbhai Soni
99989 71613

Jitendrabhai Soni
98982 39583

**Shree Radhe Jewellers**

**Makers and Salers of Gold & Silver Ornaments**

12 Mtr Road, Kansara Bazar,
Ganga Bazar, Anjar, Kutch

---


કિશોર પી. સોની
9825271912

જીત કે. સોની
9099939143

**મે. સોની કિશોર પ્રેમજી**
**કે. પી. જ્વેલર્સ**
ડાયમંડ | ગોલ્ડ | સિલ્વર

હોસ્પિટલ રોડ, ડો. દિલ્હીવાલા બિલ્ડીંગ, જી.ઈ.બી.ની સામે, ભુજ-કચ્છ.
02832 255162 • 99093 55162 • kpjewellers916@gmail.com

 RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00